# જૈનધર્મની માહિતી.

પ્રસિદ્ધ કર્તા,

હરજીવન રાયચંદ શાહ.

ग्रंथांक ४.

श्री

# जैनधर्मनी माहिती.

(श्रीयुत् हिराचंद नेमचंदना मराठीमां आपेला भाषणनो गुजराती तरजुमो.)

(आमोद निवासी सदगत शेठ रायचंद मनोरदासना स्मरणार्थे तेमना पुत्र हरजीवन रायचंद तरफथी "दिगम्बर जैन" पत्रना ग्राहकोने भेट.)

भाषान्तर करी छपावी प्रसिद्ध कर्त्ता,

हरजीवन रायचंद शाह.

आमोद जि. भरुच.

पहेली आवृत्ति. प्रत १०००.

अमदावादमां
श्री "डायमंड ज्युबिली" प्रिन्टींग प्रेसमां
परीख देवीदास छगनलाले छापी.

वीर संवत २४३८. विक्रम संवत १९६८. इ. स. १९११.

कींमत चार आना.

आनित्यानि शरिराणि विभवो नैव शाश्वतः ।
नित्यं संनिहितो मृत्युः कर्तव्यो धर्मसंग्रहः ॥ १ ॥

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा-
स्त्रिभूवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणुन् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥ २ ॥

विगतमानमदा मुदिताशयाः
शरदुपोढशशांकसमत्विषः ।
प्रकृतसंव्यवहारविहारिण
स्त्विह सुखं विहरन्ति महाधियः ॥ ३ ॥

स्वदेशजातस्य नरस्य नूनं
गुणाधिकस्यापि भवेदवज्ञा ।
निजांऽगना यद्यपि रूपराशि-
स्तथापि लोकः परदारसक्तः ॥ ४ ॥

पूर्वे वयसितत्कुर्याद्येन वृद्धः सुखं वसेत् ।
यावज्जीवेन तत्कुर्याद्येनामुत्र सुखं वसेत् ॥ ५ ॥

# અનુક્રમણિકા.

# સદ્‌ગત માતુશ્રીનું સ્નેહ સ્મરણ.

**અમૃતમયી માતુશ્રી મહાકુંવર !**

આપને સ્વર્ગવાસી થયાને લગભગ પચીશ વર્ષ થયાં છે છતાં પણ હજી તમારૂં સ્નેહ સ્મરણ ઝાંખું થતું નથી. મારા પિતાના સ્મરણાર્થે પ્રસિદ્ધ કરેલા આ પુસ્તકમાં તમારા સ્નેહની નોંધ અયોગ્ય તો નહીંજ ગણાય.

માતુશ્રી! તમારી ખોટ મને આજ સુધીમાં કોઈ પણ રીતે પૂરાઈ નથી, અને હવે પછીથી પૂરાવાની નથી એ પણ નક્કીજ છે. પુત્રને મૂકીને સ્વર્ગવાસી થનારાં પિતૃ ભલે ભાગ્યશાળી ગણાતાં હોય! પણ મારૂં માનવું તો............. મનેજ સર્વસ્વ માનનાર અને તે પ્રત્યક્ષ કરી બતાવનાર માત્ર તમેજ હતાં. તમારા સંબંધમાં કહેવાનું તેમજ કરવાનું ઘણું છે. પણ નાચાર

કુવા કેરી છાંયડી, કુવા માંહે સમાય;<br>
મનોરથ ગરીબના, એળે વેળે જાય. ૧

હાલ તો એ મુજબ છે. પચીસ વર્ષે મનની ઇચ્છાનું માત્ર એક કીરણ જાહેર રીતે વાણીમાં આવે છે, અને તે ક્રિયામાં આવશે કે નહીં તે વાત ભવિષ્યના હાથમાં છે. તમારા આભારનો બદલો કોઈ પણ રીતે વાળી શકાય તેમ તો નથીજ. છતાં તેને માટે પ્રયત્ન કરી શકું એવી શક્તિને માટે આ બાળક પુત્રની પ્રાર્થના છે.

હું છું તમારો એકાકી પુત્ર

**હરજી.**

# પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તક ગુજરાતી ભાષામાં જાહેરમાં મુકતાં તે સંબંધે કેટલીક હકીકત જણાવવાની આવશ્યકતા છે.

સર્વથી પ્રથમ જણાવવું જોઇએ કે આ લેખ સોલાપુર નિવાસી રા. રા. શેઠજી હિરાચંદ નેમચંદ દોસીના મરાઠી ભાષામાં "**जैन धर्माची माहिती**" એ નામથી આપેલા ભાષણનો તરજુમો છે; અને નોટમાં આપેલી હકીકત તથા પુરવણીમાં આપેલું લખાણ અન્ય જૈન ગ્રંથોમાંથી લેવામાં આવેલું છે. મતલબ કે આ પુસ્તકમાં મારા મર્હુમ પિતાના જીવનચરિત્ર સિવાય બીજું કાંઇ પણ લખાણ સ્વતંત્ર રીતે લખેલું નથી. અને વાસ્તવીક રીતે હોવું પણ તેમજ જોઇએ; કેમકે ધર્મ સંબંધી લેખોમાં કપોળ કલ્પીત પ્રમાણભૂત મનાતું નથી.

મ્હારા સ્વર્ગસ્થ પિતાના સ્મરણાર્થે એકાદ પુસ્તક છપાવી દિગમ્બર જૈનના ગ્રાહકોને ભેટ આપવાની ગોઠવણ કરવા માટે મને એ પત્રના અધિપતિ રા. રા. મૂળચંદ કશનદાસના તરફથી સુચવવામાં આવ્યું હતું, અને તે સાથે એમ પણ જણાવવામાં આવ્યું કે "ગુજરાતના જૈન બંધુઓમાં હાલમાં જૈન ધર્મના ખરા સ્વરૂપની માહિતીની પૂરેપૂરી ખામી છે. તેમજ ગુજરાતી ભાષા જાણનાર અન્ય ધર્મીઓને પણ જૈન ધર્મની માહિતી આપવાની ખાસ જરૂર છે. તેથી આ પુસ્તક બહાર પાડવું એજ ખરેખરૂં સમયને અનુસરતું છે." એ ઉપરથી જો કે મેં પ્રથમ દિગમ્બર જૈનમાં આ લેખનું (શ્રીયુત્ હિરાચંદભાઇના ભાષણનું) ભાષાન્તર આપ્યું હતું તોપણ વિસ્તારપૂર્વક નોટ સાથે અને ઘણી સંભાળપૂર્વક આ વખતે તે ફરીથી નવેનામે લખીને તૈયાર કરવામાં આવ્યું છે. અને **હું ખાત્રી ધરાવું છું કે જો દરેક જૈનબંધુ તથા ઇતર ધર્મજીજ્ઞાસુ બંધુ આ પુસ્તક લક્ષપૂર્વક વાંચશે તો તેને જૈન ધર્મની ખરી ખૂબી સમજાયા વિના રહેશે નહીં.** એટલુંજ

નહિ પણ એ ધર્મ પાળવા તેમજ પળાવવાને માટે અંતઃકરણમાં ઉત્કંઠા થયા સિવાય રહેશે નહિ.

જૈન ધર્મની પ્રાચિનતાના સંબંધમાં હાલમાં "**जैन धर्मादर्श**" નામના મરાઠી ભાષામાં બહાર પડેલા પુસ્તકમાં બાબુ બનારસીદાસ એમ. એ. એલ. એલ. બી. ના ઈંગ્રેજી ભાષણનો સમાવેશ કરવામાં આવ્યો છે તે જોવાની વિનંતી કરવામાં આવે છે. જૈન ધર્મ બૌધ્ધ ધર્મની શાખા નથી, તે નાસ્તિક મત નથી, વગેરે બાબતોનો સમાવેશ તો આ પુસ્તકમાં પણ કરવામાં આવેલોજ છે. જે વાંચવાથી એ બાબતમાં યોગ્ય સમાધાન મળશે.

આ પુસ્તકમાં જણાવેલો વિષય દિગમ્બરી સંપ્રદાયને અનુસરીને લખવામાં આવ્યો છે, અને તે સારી રીતે સમજવાને માટે (૧) જૈનધર્મ એટલે શું? (૨) જૈનધર્મનાં મુખ્ય તત્વ. (૩) ઉપદેશનો ક્રમ. (૪) પાપ અને પુણ્યનું સ્વરૂપ. (૫) કર્મબંધનનું સ્વરૂપ. (૬) મોક્ષનું સ્વરૂપ અને તેના ઉપાયો. (૭) મૂર્તિપૂજા. (૮) જૈનધર્મના મૂખ્યતત્વોનું બીજા ધર્મો સાથે મળતાપણું. અને (૯) જૈનધર્મથી થતું આ લોકનું તથા પરલોકનું કલ્યાણ. એ પ્રમાણે નવ વિભાગમાં વહેંચી નાંખીને તેનું વર્ણન કરવામાં આવ્યું છે. તથા મૂળ મરાઠી લેખની પાછળ ભાષણકર્તાએ પોતાની લઘુતાને માટે જે શબ્દો વાપર્યા હતા તે છોડી દેવામાં આવ્યા છે. વળી રા. રા. કાશીનાથ બાપુજી પાઠક બી. એ. તે વખતે પ્રમુખ સાહેબ હતા તેમણે તે ઉપર જે વિવેચન કર્યું હતું તે જાણવા જેવું હોવાથી અને તેમાં જણાવેલા વિચારો ઘણા કિમતી તેમજ આ પુસ્તક વાંચવાની જીજ્ઞાસામાં વધારો કરે એવા હોવાથી તે આ નીચે અહીંજ આપવામાં આવે છે.

" આ ભાષણમાં (સદહુ પુસ્તકમાં જે વિષય સમાવવામાં આવ્યો છે તે) જે માહિતી આપવામાં આવી છે, તેમાં જૈનધર્મનું ઘણું વર્ણન આવી ગયું છે. થોડામાં પણ જે માહિતી આપી છે તે ઘણીજ મહત્વની તેમજ ઉપયોગી છે. જો આ વિષય છપાવવામાં આવશે તો તે ઘણોજ ઉપયોગી થઇ પડશે, અને તેથી તે જરૂર

તેમણે છપાવવો એવી હું તેમને આગ્રહપૂર્વક સૂચના કરૂં છું. જૈનધર્મમાં મોટા મોટા વિદ્વાનો થયેલા છે. અને ધર્મ શર્માભ્યુદય કાવ્ય, પાર્શ્વાભ્યુદય કાવ્ય, યશસ્તિલકચંપુ વગેરે કાવ્યોના ગ્રંથો પ્રશંસા કરવા જેવા છે. વ્યાકરણશાસ્ત્રના પણ મોટા મોટા ગ્રંથો જૈનવિદ્વાનોએ રચેલા છે. જૈનેંદ્ર વ્યાકરણ અને શાકટાયન વ્યાકરણ ઘણાજ પ્રાચીન છે. મદ્રાસમાં આપર્ટ સાહેબે શાકટાયન વ્યાકરણ છપાવ્યું છે. વળી ન્યાયશાસ્ત્રના ગ્રંથો જેવા કે પ્રમેય કમલમાર્તંડ શ્લોક વાર્તિક, અષ્ટસહસ્રી વગેરે તારીફ કરવા લાયક છે. કાનડી ભાષામાં પ્રથમ વ્યાકરણનો ગ્રંથ જૈન વિદ્વાનોએજ લખ્યો છે. જે વખતે જે ભાષા દેશમાં ચાલતી હોય તે વખતે તેજ ભાષામાં ધર્મશાસ્ત્રના ગ્રંથો લખવાનો સ્તુતિપાત્ર રીવાજ પહેલ વહેલો જૈન લોકોએજ અમલમાં આણેલો જણાય છે. અને તેથી મગધ દેશમાં ચાલતી માગધી ભાષામાંજ જૈનલોકોએ ઘણા ગ્રંથો લખ્યા છે, અને ત્યાર પછી તેમણે બીજા હિંદુઓની પેઠે સંસ્કૃતમાં ગ્રંથો લખવા માંડ્યા.* વ્યાસજીએ તથા શંકરાચાર્યે જૈનધર્મના અનેકાન્ત સ્યાદ્વાદ મતનું જે ખંડન કરેલું છે તે ખરેખર ભૂલ ભરેલું છે. જૈનધર્મના સ્યાદ્વાદ અનેકાન્તનયની સંકલના તેમના સમજવામાં નહિ આવવાથી તેમજ પોતાના ધર્મના પક્ષપાતથી તેમણે તે પ્રમાણે લખેલું હોવું જોઇએ. જૈનધર્મને નાસ્તિક મત કહેવામાં આવે છે, તેનું કારણ જૈનલોકો ઇશ્વરને સૃષ્ટિના કર્ત્તા માનતા નથી તેજ હોવું જોઇએ. સૃષ્ટિના કર્તા ઇશ્વર છે કે નહિ એ વિવાદ હજારો વર્ષથી ચાલતો આવ્યો છે. કેવળ જૈનલોકોજ ઇશ્વરને સૃષ્ટિનો કર્તા માનતા નથી. એમ નથી; પણ બૌદ્ધધર્મ અને યુરોપના કેટલાક પ્રખ્યાત તત્વવેત્તાઓ પણ સૃષ્ટિના કર્તા ઇશ્વર છે; એમ માનતા નથી. એ સંબંધીનો વિવાદ એ પ્રમાણે ચાલ્યાજ કરવાનો.

ભાષણકારે પોતાના ભાષણમાં શ્રાવક ધર્મ અને યતિ ધર્મ એ પ્રમાણે બે ભેદનું વર્ણન કર્યું છે. તેમાં સલ્લેખના એટલે મૃત્યુની

* તે પછી મધ્યકાળમાં હિંદુસ્તાની ભાષામાં ઘણા ગ્રંથો લખાયા છે અને હાલ ગુજરાતી ભાષામાં પણ લખાવા માંડયા છે.

વેળાએ કરવાની ક્રિયાનું વર્ણન કર્યું છે. તે અંત સલ્લેખનામાં મૃત્યુ વેળાએ અન્ન પાણી કેટલોક વખત અગાઉ ત્યાગ કરીને પ્રાણ છોડવા; એવો સંપ્રદાય જૈન ધર્મમાં છે. એવું કર્ણાટક દેશમાંના કેટલાક શિલાલેખો ઉપરથી જણાય છે. પોતાના શરીર ઉપરથી મોહ છોડી દેવાનો ઉત્તમ સ્વાર્થ ત્યાગ જૈન ધર્મમાં જણાય છે. હિંદૂ ધર્મમાં મનુએ કહ્યું છે કે "**आत्मानं सततं रक्षेत् दारैरपि धनैरपि**" તેવું જૈન ધર્મમાં નથી. જૈન લોકોના સાધુ ન્હાતા નથી તે વાત મને પસંદ નથી. જૈન ધર્મમાં ન્હાવાનું પૂણ્ય વિશેષ કહ્યું નથી; તોપણ તેમનાં દેવાલયોમાં જોઇએ છીએ ત્યારે તે ઘણાં સ્વચ્છ જણાય છે. મહિસુર પ્રાન્તમાં શ્રવણબેલગુલ, હાલીબીડ, વગેરે ઠેકાણે જૈન લોકોનાં મોટાં મોટાં પ્રાચિન દેવાલયો મેં જોએલાં છે. તેમાં લાખો રૂપીઆ ખર્ચેલા છે. તેમાં કોઇ પણ ઠેકાણે ગંદકી દેખાતી નથી, પણ તદ્દન સ્વચ્છ જણાય છે. શ્રવણબેલગુલમાં પહાડ ઉપર કોતરેલી ઉભી મૂર્તિ ઘણીજ મોટી છે. તેની બાજુએ જુની કાનડી લિપિમાં તથા બાળબોધ લિપિમાં "ગંગરાજે કરાવેલી છે" "ચામુડરાજે કરાવેલી છે" એવા અક્ષરો લખેલા છે. મારે જૈન ધર્મ સંબંધે ઘણું કહેવા જેવું છે; પણ વખત ઘણો થઇ ગયેલો હોવાથી ભાષણકર્ત્તાનો આભાર માની સભાનું કામ સમાપ્ત કરૂં છું."

ઉપરનો અભિપ્રાય એક વેદ ધર્મ માનનાર વિદ્વાન બ્રાહ્મણનો છે. અને તેથી જૈન ધર્મના સંબંધમાં અને આ પુસ્તકના સંબંધમાં એ એક ઉત્તમ પ્રકારનું પ્રશંસાપત્ર ગણાવું જોઇએ. આ પ્રસ્તાવના સમાપ્ત કરતાં પહેલાં એક ખાસ બાબતમાં હું મારા સઘળા જૈન બન્ધુઓનું લક્ષ ખેંચુ છું અને તે એ છે કે જૈન ધર્મનાં મૂળ તત્વને સમજીને તેને સાંગોપાંગ પાળવાની સાથે દેશકાળનો પણ વિચાર કરવો જરૂરનો છે. જેમ જેમ દેશકાળ બદલાય તેમ તેમ તેને અનુસરતી બાબતો ઉપર ખાસ ધ્યાન આપવું જોઇએ. હવે હાલના દેશકાળમાં શારીરિક શક્તિમાં, માનસીક શકિતમાં (વિદ્યા કળાની કેળવણીમાં) અને દ્રવ્યોપાર્જનની શકિતમાં આપણો જૈન વર્ગ છેકજ

પાછળ પડી ગયો છે, માટે તે તરફ લક્ષ આપી તેને માટે કાર્ય પરાયણ થવામાં બીલકુલ ઢીલ કરવી જોઈતી નથી. માત્ર ઉપવાસ કરવાથીજ જૈન ધર્મ પાળ્યો અથવા વ્રત કર્યું ગણાતું નથી; કેમકે કહ્યું છે કેઃ—

**कषाय विषयाहारो त्यागो यत्र विधियते ।**
**उपवासः साविज्ञेयः शेषं लंघनकं विदुः ॥**

(જૈન ધર્માદર્શ પૃષ્ટ ૧૭૫)

અર્થ—કષાય ( ક્રોધ, માન, માયા, લોભ ), વિષય ( ઇંદ્રિયોના ભોગો ) અને આહાર એ ત્રણેના ત્યાગને ઉપવાસ કહે છે. ફક્ત અન્નનોજ ત્યાગ કરવામાં આવે તો તેને ઉપવાસ નહિ પણ લાંઘ-ણની સંજ્ઞા આપવી જોઇએ. આ સંબંધે મારા વિચારો સારી રીતે જાણવાને માટે દિગમ્બર જૈનના ચાલુ વર્ષના ભાદ્રપદમાસના અંકમાં “ આધુનીક કર્તવ્ય ” એ મથાળાનો મારો લેખ વાંચવાની હું ભલા-મણ કરૂં છું.

આ પુસ્તક લખીને તૈયાર કરવામાં રા. નાગરદાસ નરોતમદાસ સંઘવીએ મને ઘણી કીમતી મદદ આપી છે. તે માટે તેમનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

જૂદાં જૂદાં કારણોને લઇને પુસ્તકના પ્રમાણમાં પ્રસ્તાવના ઘણી લાંબી લખવી પડી છે પણ તે જો વાંચનારને ઉપયોગી જણાશે તો હું આશા રાખું છું કે તેઓ મને ક્ષમા કરશે.

અનંત ચતુર્દશી,<br>વીરસંવત્ ૨૪૩૭.<br>તા. ૭-૯-૧૧<br>મુ. **આમોદ.**

લી. અલ્પજ્ઞ સેવક,<br>**હરજીવન રાયચંદ શાહ.**



सद्‌गत श्रीयुत रायचंद मनोरदास देणवावाला

आमोद (भरुच.)

जन्म सं० १८९१. मृत्यु सं० १९६७.

# મર્હુમ રાયચંદ મનોરદાસનું ટૂંકું જીવનચરિત્ર.

આ પુસ્તક મ્હારા સ્વર્ગવાસી પિતાશ્રીના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયાર્થે પ્રસિદ્ધ કરી વહેંચવામાં આવ્યું છે. અને તેથી તેમના ટુંકા જીવનચરિત્રની નોંધ અત્રે લેવી હું ઉચીત ધારૂં છું.

વિક્રમ સંવત્ ૧૮૯૧ માં તેમનો જન્મ ગાયકવાડી રાજ્યના પાદરામહાલમાં આવેલા એકલબારા ગામમાં થયો હતો. ( જાસપર અને એકલબારા બે નાનાં ગામો **મહી નદીના** કાંઠા ઉપર નજીક નજીક આવેલાં છે, અને તે ઠાકોરના તાબાનાં છે.) તેમના પિતાનું નામ મનોરદાસ અને માતાનું નામ કંકુબાઈ હતું. ગુલાબચંદ નામે તેમને એક મોટા ભાઇ હતા, જે હમણાંજ છ સાત વર્ષ ઉપર ગુજરી ગયા છે. તેમને સગી બ્હેન નહોતી. તેમના પિતાનો સ્વર્ગવાસ થયો તે વખતે તેમના મ્હોટા ભાઈની ઉમ્મર આઠ વર્ષની અને તેમની લગભગ પાંચ વર્ષની હતી. પિતાનો કાળ થયા પછી નિર્વાહનું સાધન કાંઇ પણ રહ્યું નહોતું. તેમના ભરણપોષણનો બોજો. તેમની વિધવા માતા ઉપર આવી પડયો. મારાં વડીઆઈ કંકુબાઈ ( મારા પિતાનાં માતુશ્રી ) મારી સોળ વર્ષની ઉમ્મર થઇ અને મારા પિતાની ૫૦ વર્ષની ઉમ્મર થઈ ત્યાં સુધી હયાત હતાં. તેમને વૈધવ્ય પ્રાપ્ત થયું, તે વખતની મારા પિતાની તથા તેમની દુઃખની વાતો તેઓ કોઈ કોઇ વાર મને કહેતાં. તે હકીકત ખરેખર કરૂણારસીક અને સહૃદય મનુષ્યનું હૈયું પીગળાવે એવી છે. તેઓ કહેતાં કે “ મને વૈધવ્ય પ્રાપ્ત થયા પછી ધીમે ધીમે અન્નના સાંસા પડવા લાગ્યા ! હું પોતે કોદરાના રોટલા ખાતી, અને છોકરાઓને બાજરીના રોટલા કરીને આપતી; કેમકે તેઓને કોદરાના રોટલા ભાવતા નહિ. ઘી થઈ રહ્યું હોય તો તે તુરત લાવવાને સગવડ થતી નહીં, તેથી ઘીના વાસણમાં પાણી રેડી પળીવતે છોકરાને આપી ,તેમના મનનું સમાધાન કરવામાં આવતું ! ચોખા, દાળ, વારપર્વના દિવસે લાવીને વાપરવામાં આવતાં, અને ખાસ તહેવાર હોય ત્યારેજ ઘઉં વપરાતા.

રહેવાનું ગામડું ન્હાનું અને નાતના જથાથી છેટે હોવાથી પરોણાની પીડામાંથી (!) (આતિથ્ય સત્કારને બદલે દુઃખના ઉદ્દગાર) ઘણે ભાગે મુક્ત રહેવાતું હતું. જોટાની પોતડીયો અને ડગલીઓ મુશ્કેલીએ મેલવી શકાતી, અને તે તદ્દન ફાટી જાય ત્યાં સુધી પહેરાવવી પડતી. માથા ઉપર ટોપી કે પટકાને માટે ઝાઝી કાળજી કરવામાં આવતી નહીં! કેમકે શરીર પૂરૂં ઢંકાય નહીં તેવે વખતે માથાને માટે ચીંતા કરવાનું કારણ નહોતું."

એ વગેરે વાતચીત તેઓ જ્યારે કરતાં ત્યારે તે વખતનું દુઃખ તેમને તાજુ થતું અને મનપરથી કાબુ ખોઇ બેસવાથી છુટે મોઢે રડી પડતાં, તથા અતિ વૃદ્ધ થયેલાં હોવાથી શરીર ધ્રુજી ઉઠતું. હું પણ તે વખતે ન્હાનો હોવાથી રડુ રડુ થઈ જતો, અને તેથીજ તેઓ જલદી છાનાં રહી દીર્ઘનિશ્વાસ મૂકીને કહેતાં કે પ્રભુ એવા દિવસો દુશ્મનને પણ દેખાડશો નહિ! આમીન! આમીન!

છેકજ એવી સ્થીતિ પ્રાપ્ત થયા પછી કંકુબાઈ (મારા પિતાનાં માતુશ્રી) પોતાના બેઉ દીકરાઓને લઇને ભરૂચ જીલ્લાના આમોદ તાલુકામાં આવેલા દેણવા ગામમાં પોતાના ભાઇને ત્યાં આવીને રહ્યાં. તેમના ભાઈનું નામ કિશોરદાસ હતું. કિશોરદાસની સ્થિતિ પણ માત્ર પોતાનુંજ ગુજરાન મુશ્કેલીથી ચલાવી શકે તેવી હતી. છતાં પણ સંકટમાં આવી પડેલાં પોતાની બ્હેન ભાણેજોને તેમણે પોતાના ભેગાં રાખ્યાં. ભાઇ કોથળો કરતા અને બ્હેન ઘરનું કામકાજ કરવા ઉપરાંત ભેંસ રાખી તેનો ચારો વિગેરે સીમમાંથી લાવી નિર્વાહના કામમાં મદદગાર થતાં. કિશોરદાસનું લગ્ન તે વખત સુધી થયેલું નહોતું, અને તેથી નણંદ ભોજાઈની ખટપટ ચાલવાનો સંભવ તે વખતે નહોતો. એવી સ્થિતિમાં મારા પિતાજીની તથા તેમના મોટા ભાઈની ઉમ્મર વધતી જતી હતી. ગામડાઓમાં તે વખતે બ્રાહ્મણ મેહેતાજીઓ રાખી ગામના લોકો ખાનગી નિશાળો મંડાવતા અને તેમાં આંક, બારાખડી, કાગળ લખવો, વાંચવો, ખત લખવું, વાંચવું, અને શીઘો (?) તથા હિસાબમાં સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર અને કળશી

તથા ભારનાં લેખાં એટલું શિખવવામાં આવતું. જે વિદ્યાર્થી લાગટ ત્રણ વર્ષ સુધી નિશાળે બેસી એટલો અભ્યાસ કરતો તે ભણી ઉતરેલો ગણાતો, અને તે ગામમાં તે સારૂં ભણેલાની પંક્તિનું માન મેળવી ગર્વ ધરાવતો. એવી સ્થિતિની દેણવા ગામની તે વખતની નિશાળમાં મર્હુમ તથા તેમના ભાઈ ભણી ઉતર્યા હતા. અને તે પછી છ, સાત, વર્ષ મામાના ભેગાં ગુજાર્યા બાદ તે બેઉ ભાઈઓને તથા તેમનાં માતુશ્રીને જૂદાં રહેવાનો પ્રસંગ આવ્યો. જૂદાં નીકળ્યાં તે વખતે “હવે શી વલે થશે” એવા ભયથી બેઉ ભાઇઓ તથા તેમનાં માતુશ્રી છુટે મોઢે રડયાં હતાં.

મામાએ રૂપાનાં કલીયાં તથા સોનાનું એક લાખ ભરેલું પોલું માદળીયું કરાવી આપેલું તેમની પાસે હતું, તે તેમણે આમોદના એક કંસારાને ત્યાં ગીરો મૂકી દશ બાર રૂપીઆ મેળવીને તેમાંથી તેલ દીવેલ તથા મરચા મીઠાની દુકાન દેણવા ગામમાં કરી. ટૂંકી મુંડીની દુકાનથી નિર્વાહ જોગું પેદા થતું નહોતું અને તેથી ખેડુત લોકોના ખેતરોમાં છુટક મજુરી કરીને તથા ભેંસ પાછળ ગુજરાન ચલાવવા લાગ્યાં. એ સ્થિતિમાંથી ઉમર વધતાં તેમણે ખેતી કરવા માંડી અને અમેરીકાની લડાઈથી (વિક્રમ સંવત્ ૧૯૧૮ લગભગ) હિંદુસ્થાનમાં જ્યારે કપાસના ભાવ વધ્યા ત્યારે તે તકનો લાભ ખેતીમાં તથા કપાસના વેપારમાં મળવાથી તેમની સ્થિતિમાં ફેરફાર થયો, અને બે ત્રણ હજાર રૂપીઆની મુંડી પાસે થઇ. આથી કરીને વ્યાજનો તથા ગામડાની દુકાનનો (અનાજ વગેરેનો) વેપાર છુટે હાથે કરતા થયા. (ક્રમે ક્રમે તેમની આર્થિક સ્થિતિ છેવટ સુધી સુધરતી ચાલી હતી.) એ પછી તેમની ઉમર પચીશેક વર્ષની થયા બાદ આમોદમાં તેમણે લગ્ન કર્યું. તેત્રીશ વર્ષ લગભગની તેમની ઉમર થતાં મારો જન્મ થયો હતો. લગભગ પચાશ વર્ષની ઉમરના અરસામાં કુટુમ્બ સાથે તેમણે ધૂળેવ, તારંગા, આબુજી, સમેદશિખર, પાવાપુરી અને ચંપાપુરી વગેરે સ્થળોની જાત્રા કરી હતી. (વિક્રમ સંવત્ ૧૯૪૧) જાત્રા કરીને આવ્યા તે લગભગ તેમનાં માતુશ્રી

કંકુબાઈ જે અતિ વૃદ્ધ થયેલાં હતાં અને તેમના મોટા ભાઈ ગુલાબચંદના ભેગાં રહેતાં હતાં તે ગુજરી ગયાં હતાં. તેમની ઉત્તર ક્રિયા, સ્થિતિ અને સમયને અનુસરીને તેમણે મોટા મનથી સંતોષકારક રીતે કરી હતી. તે પછી એટલે સંવત્ ૧૯૪૪ માં મારાં માતુશ્રી મહાકુંવર સ્વર્ગવાસી થયાં. (મ્હારાં માતુશ્રીનો સ્વભાવ શાંત, દયાળુ અને સહનશીલ હતો) તેમણે મારી ઉમર દશેક વર્ષની થવા આવી તે વખતે આમોદમાં મારા પિતાને આગ્રહ કરી એક ઘર બંધાવી મને આમોદની સ્કુલમાં અભ્યાસ કરવા મૂકયો હતો. મ્હારાં માતુશ્રી સ્વર્ગવાશી થયાં તે વખતે મારા સદ્‌ગત પિતાની ઉમ્મર લગભગ ત્રેપન વર્ષની થવા આવી હતી. આ વખતથી તેમણે આમોદમાં ઘણે ભાગે રહેવા માંડયું હતું, તથા ખેતી છોડી દઈ દેણવાનો વ્યાજનો ધંધો આમોદમાં રહીને ચલાવતા હતા. મોસમમાં દર વર્ષે થોડા દિવસો દેણવામાં રહેતા. એજ અરસામાં મેં પોતે ધંધામાં જોડાઇ તેમને મદદ આપવા માંડી હતી. ધર્મના ઉપર તેમને ઘણી શ્રદ્ધા હતી. દશલક્ષણીનું વ્રત તેમણે થોડાં વર્ષ કર્યું હતું, પણ પાછળથી શરીર સારૂં નહિ રહેવાથી તે છોડી દેવું પડયું હતું. તેમના વિચારો એક દેશી નહોતા. નવા જમાનાની ધામધુમ કોઇક વખત તેમને ભારે પડતી હતી, પણ યુકિતપૂર્વક સમજાવતાં તેઓ પોતાની હઠ છોડી દેતા હતા. તેઓનો સ્વભાવ મહેનતુ, આગ્રહી, અને કરકસરના ન્હાનપણના સંસ્કારવાળો છેવટ સુધી કાયમ રહ્યો હતો. ત્રીજે વર્ષે તેમણે ગિરનાર તથા પાલીતાણાની જાત્રા કરી હતી. અમદાવાદમાં સ્થાપન થયેલી શેઠ પ્રેમચંદ મોતીચંદ દિગમ્બર જૈન બોર્ડીંગ તથા તેનો મેળાવડો જોઇને તેમને ઘણો આનંદ થયો હતો. ક્રમેક્રમે તેઓ અતિ વૃદ્ધ થયા હતા, અને શરીરની શક્તિ દિનપરદિન ઓછી થતી જતી હતી. મૃત્યુ પહેલાં થોડા મહીના અગાઉથી તેમને ખોરાક બરાબર પચતો નહોતો. અને તેનું કારણુ તેઓ દાંત પડી જવાથી ખોરાક બરાબર ચાવી શકાતો નથી એમ જણાવતા હતા. ધીમે ધીમે શારીરિકશકિત ઘટતી ગઇ હતી, છેવટ સુધી દેવદર્શન અને નવકારમંત્ર તથા વિષાપ-

હાર સ્તોત્રના પ્રાકૃત ભાષાન્તરનો પાઠ તેઓ દરરોજ કરતા હતા. એ પ્રમાણે જીંદગી વ્યતિત કરી સંવત્ ૧૯૬૭ ના કાર્તિક મહીનાની અમાવાસ્યાની રાત્રે એ વાગતાં આ ફાની દુનિયાનો તેમણે ત્યાગ કર્યો. મરણ સમયે એમનું વય ૭૬ વર્ષનું હતું. વૃદ્ધાવસ્થાની અશકિત સિવાય બીજો કોઇ પણ વ્યાધિ તેમને થયો નહોતો. તેમણે પોતાની જીંદગીમાં યથાશકિત દરેક વ્યવહારીક પ્રસંગો તથા ધાર્મિક પ્રસંગો સાચવ્યા હતા, અને સારી આબરૂ તથા કુટુમ્બ તરફનું સુખ અને મ્હારા તરફના સંતોષ સાથે પોતાનો દેહ છોડયો હતો. તેમનો આત્મા શાંતિ પામો તથા મ્હારા પ્રત્યે તેમના જે અગણિત આભારો થયેલા છે; તેનો યત્કિંચીત બદલો વાળવાને મને શકિતવાન કરો એવી પ્રાર્થના સાથે તેમનું આ ટૂંકુ ચરિત્ર હું આ જગ્યાએ નોંધીને વાંચકવર્ગની ક્ષમા માગુ છું.

(તેમનો આભારી પુત્ર હરજી.)



# જૈન ધર્મની માહિતી.

## પ્રકરણ ૧ લું.

### જૈન ધર્મ એટલે શું?

**જૈન ધર્મની વ્યાખ્યા.**

જૈન ધર્મના તીર્થંકરોએ એટલે જીનેંદ્ર ભગવાને જે ધર્મ ચલાવ્યો છે અથવા જે ધર્મનો ઉપદેશ કરેલો છે તેને જૈન ધર્મ કહે છે. **रागद्वेषादि दोषान् वा कर्म शत्रून् जयतीतिजिनः** રાગદ્વેષાદિક એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઇત્યાદિક દોષોને જેણે જીતેલા છે અથવા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, ઇત્યાદિક કર્મ શત્રુઓને જેણે જીતેલા છે તે જીન એટલે ગણધરાદિક સામાન્ય કેવલી અને તેઓમાં જે શ્રેષ્ઠ તીર્થંકર કેવળજ્ઞાની હોય; તેમને જીનેશ્વર ભગવાન કહે છે. અને તેમનાં વીતરાગ, અરહંત, સર્વજ્ઞ, પરમેષ્ઠી, શાસ્તા, એ વિગેરે નામો છે.

**અરહંત શબ્દનો અર્થ તથા તત્પદવાચ્ય અન્ય નામો.**

વીતરાગ એટલે **वीतःरागः यस्मात् सः वीतरागः** રાગાદિક વિકારો જેમનામાંથી ગયેલા છે તે. (વીતરાગ) અરહંત, અથવા અર્હત્[1] કે અરિહંત[2] એ ત્રણે શબ્દો જૂદા જૂદા અર્થના એકજ ભાવસુચક છે. એમાં સામાન્ય રીતે ઈંદ્રાદિક દેવોએ જેનું પૂજન કરેલું છે એવા, અને કર્મશત્રુઓને હણનારા, એવા અર્થો સમાયલા છે. સર્વજ્ઞ, **सर्वं जानातीति सर्वज्ञः** જે ચરાચર સર્વે વસ્તુઓને જાણે તે. (સર્વજ્ઞ) **परमपदे तिष्ठतीति परमेष्ठी** એટલે ઉચ્ચ સ્થાને રહેનારા, તે ઉપરથી પરમેષ્ઠી. **हितं शास्तीति शास्ता** એટલે

---

૧. **अर्हतीति अर्हत्** ૨. **अरीणाम् हंता, अरिहंता.**

પ્રાણી માત્રનું હિત થાય એવો ઉપદેશ કરે છે તેથી શાસ્તા. એ પ્રમાણે તેમનાં અનેક ગુણવાચક નામો છે.

**જૈન ધર્મના મુખ્ય ત્રણ વિભાગ.**

હાલમાં હિંદુસ્તાનમાં જૈન ધર્મના પાળનારા માણસો દિગમ્બર, શ્વેતામ્બર, અને સ્થાનકવાસી એ પ્રમાણે ત્રણ પંથોમાં મુખ્યત્વે કરીને વેંહેચાયલા છે. પણ એ ત્રણે પંથોના તત્વ સ્વરૂપમાં ઝાઝો તફાવત નથી. કેમકે તે સર્વે સાત તત્વ, ચોવીશ તીર્થંકર, અહિંસા ધર્મ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, વિગેરેને માને છે. મૂર્તિ પૂજામાં, સાધુઓના સ્વરૂપમાં, અને બીજી પરચુરણ બાબતોમાં કેટલોક ફેર છે. દિગમ્બર ધર્મમાં મૂર્તિનું સ્વરૂપ નગ્ન અને અલંકાર વિનાનું હોય છે, અને તેને કાચનાં ચક્ષુ પહેરાવતા નથી. શ્વેતામ્બર પંથમાં મૂર્તિ વસ્ત્ર રહિત હોય છે, પણ તેને અલંકારોથી સણગારે છે, અને કાચનાં ચક્ષુ બેસાડે છે. એ પ્રમાણે મૂર્તિઓના સ્વરૂપમાં ભેદ છે. સ્થાનકવાસી પંથમાં મૂર્તિને બીલકુલ માનતા નથી.

---

## પ્રકરણ ૨ જું.

---

### જૈન ધર્મનાં મુખ્ય તત્ત્વ.

**જૈન ધર્મનાં સાત તત્વ.**

આ સંપ્રદાયમાં મુખ્ય તત્ત્વ સાત ગણવામાં આવ્યાં છે. જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, અને મોક્ષ. તત્વ શબ્દનો અર્થ **तस्यभावः तत्वम्** પદાર્થ જેવો હોય તેને તેવાજ રૂપમાં ( મૂળસ્વરૂપમાં ) ઓળખવો તેને તત્વ કહે છે.

**જીવતત્ત્વનું લક્ષણ.**

૧. "**चेतना लक्षणो जीवः सचज्ञानादि भेदात् अनेकधा (वि) भिद्यते.**" ચૈતન્ય એ જીવનું મુખ્ય લક્ષણ છે. અને જ્ઞાનદર્શન આદિ અનેક ભેદ વડે તે ઓળખાય છે. એવો ચૈતન્ય ગુણ જે પદાર્થમાં હોય છે તેને જીવતત્ત્વ કહે છે. એ જીવતત્ત્વ શરીરાદિક જડ

પદાર્થની સાથે એકત્રપણે મળીને જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તેને મોક્ષપદની પ્રાપ્તિ થતી નથી.[૧]

**અજીવતત્ત્વનું લક્ષણ.** ૨. ઉપર મુજબ શરીરરૂપી જે જડ પદાર્થની સાથે મળીને જીવ રહે છે. તેને અજીવતત્ત્વ કહે છે અને જીવતત્ત્વથી તેનાં લક્ષણો ઉલટાં છે. જ્યાં સુધી જીવ સંસારમાં ભ્રમણ કરે છે ત્યાં સુધી તે અજીવતત્ત્વમાં મળીનેજ રહે છે. પણ તે અજીવની સાથે મળી જવા છતાં તદ્દન એકરૂપ થઇ જતો નથી. જીવ પોતાના ચૈતન્ય સ્વભાવને લીધે અને અજીવ તેથી ઉલટા સ્વભાવને લીધે જૂદા થઈ શકે છે.

**અજીવતત્ત્વના ભેદ.** જેમ સોનું, માટી વગેરે ખનીજ પદાર્થોની સાથે મળેલું હોય છે; તોપણ તે પોતાના સ્વરૂપથી જૂદુંજ પડી જાય છે અને માટી જૂદી પડી જાય છે. તેમજ જીવ તથા અજીવતત્ત્વ એક બીજાથી જૂદાં પડી જાય છે. અજીવતત્ત્વના પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, અને કાળ, એવા પાંચ ભેદ છે.[૨]

**પુદ્‌ગલ દ્રવ્ય.** (૧) જડનાં પરમાણું તથા પરમાણુંઓથી બનેલા સ્કંધોને પુદ્‌ગલ કહે છે.

**ધર્મદ્રવ્ય.** (૨) જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં સહાયતા આપે તેને ધર્મ દ્રવ્ય કહે છે. માછલાંને ચાલવામાં પાણી જેમ સાહ્યતારૂપ થઈ પડે છે તેમ તે જીવને મદદગાર થાય છે.

**અધર્મ દ્રવ્ય.** (૩) જીવ અને પુદ્‌ગલને સ્થીર રાખનાર જે દ્રવ્ય તે અધર્મ દ્રવ્ય કહેવાય છે. મુસાફરોને તડકામાં સ્થીર કરવામાં ઝાડની છાયા

---

૧ જીવ તત્વ ગુણ પર્યાય સહિત હોવાથી તેની દ્રવ્યમાં પણ ગણના કરેલી છે.

૨ તત્વાર્થ સૂત્રમાં અજીવતત્ત્વના ચાર ભેદ બતાવ્યા છે, **अजीवकाया धर्माधर्माकाश पुद्गलाः ॥ त. सू. अ. प । १ ।** ધર્મ, અધર્મ, આકાશ, અને પુદ્‌ગલ, એ પ્રમાણે ચાર દ્રવ્ય ગણાવ્યાં છે. એમાં જીવ અને કાળ એ બે મળવાથી ૭ દ્રવ્ય થાય છે.

જેમ મદદગાર થાય છે તેમ તે જીવને મદદ-ગાર થઈ પડે છે.

**કાળદ્રવ્ય.** (૪) વસ્તુને બદલનાર અથવા નવી વસ્તુને જૂની કરનાર દ્રવ્યને કાળદ્રવ્ય કહે છે.

**આકાશદ્રવ્ય.** (૫) સઘળાં દ્રવ્યને અવકાશ આપનાર દ્રવ્ય-ને આકાશ દ્રવ્ય કહે છે. એ પ્રમાણે અજીવ તત્ત્વના પાંચ ભેદ કરવામાં આવ્યા[1] છે.

**આશ્રવતત્ત્વ.** ૩. જે વડે આત્માને શુભ અને અશુભ કર્મનાં આવરણ થાય છે. તેને આશ્રવતત્ત્વ કહે છે. જે પ્રમાણે છીદ્રવાળી હોડી પાણીમાં તરતી હોય છે અને તેમાં છીદ્રવાટે પાણી ભરાઇ જાય છે. તે પ્રમાણે જીવ પોતાના જ્ઞાન દર્શનાદિક ગુણોથી જે જે પદાર્થોને જાણે છે, અથવા દેખે છે, અને જે જે પદાર્થોનો રાગદ્વેષ કરે છે તે સર્વથી કર્મબદ્ધ થાય છે.

**શુભ અને અ-શુભ આશ્રવ.** જે વખતે જીવની વૃત્તિ શુભ રાગદ્વેષરૂપ હોય છે તે વખતે શુભ આશ્રવ થાય છે, અશુભ રાગદ્વેષરૂપ થાય છે, ત્યારે અશુભ આશ્રવ થાય છે. જીવની

**જીવની ત્રણ પ્રકારની વૃત્તિયો.** વૃત્તિયો ત્રણ પ્રકારની થાય છે. શુભ, અશુભ, અને શુદ્ધ. અદ્યાપિ અશુભની અપેક્ષાએ શુભ વૃત્તિ શ્રેષ્ઠ ગણાય છે. તથાપિ એ વૃત્તિ રાગદ્વેષ રૂપ હોવાથી મોક્ષપદને પહોંચાડી શકતી નથી. ઘણામાં ઘણું તો સ્વર્ગનું અથવા આ લોકમાં ચક્રવર્તિ આદિકનું ઉંચા પ્રકારનું સુખ પ્રાપ્ત કરાવી શકે છે. અને અશુભવૃત્તિ તો જીવને નરક યાતના, પશુયોનિમાં જન્મ, અને મનુષ્યભવમાં દારિદ્ર, વ્યાધિ વિયોગ, કુરૂપ, ઇત્યાદિ દુઃખ ભોગવવાને પાત્ર બનાવે છે. એ બેઉથી નિરાળી જે શુદ્ધ વૃત્તિ છે; તેજ વાસ્તવીક રીતે કલ્યાણકારક છે. ભાવાર્થ કે તેજ જીવને મોક્ષપદ પ્રાપ્ત કરાવે છે. શુદ્ધ વૃત્તિમાં રાગ-દ્વેષ હોતો નથી.

---

[1] દ્રવ્ય છ કહ્યાં છે. (૧) ધર્મ. (૨) અધર્મ. (૩) આકાશ. (૪) પુદ્ગલ, (એ ચાર અજીવતત્વના ભેદ છે.) (૫) કાલ. (૬) જીવ.

**નામકર્મ.** (૬) મન, વચન, અને કાયાનાં કાર્યો સરળતાપૂર્વક નહીં કરવાથી અને મિથ્યા બકવાદ કરવાથી અશુભ નામકર્મનો આશ્રવ થાય છે. અને તેથી ઉલટું નિષ્કપટવૃત્તિ, તેમજ મીત ભાષણ કરવાથી શુભ નામકર્મનો આશ્રવ થાય છે.

**શુભ તથા અશુભ નામકર્મ.**

શુદ્ધ શ્રદ્ધાન, પૂર્ણ વિનય નિર્દોષ આચરણ, નિરંતર વિદ્યાભ્યાસ, સંસારથી ભયભીત રહેવું, યથાશકિત દાન કરવું, તપ કરવું, સાધુઓ ઉપર પૂર્ણ ભકિત રાખવી, વિપત્તીમાં આવી પડેલાને સહાયતા આપવી, અર્હત્, આચાર્ય, બહુશ્રુત, અને તેમણે કરેલા ઉપદેશમાં ભકિત રાખવી, છ પ્રકારના સામાયિક, પ્રતિક્રમણાદિ ક્રિયા દરરોજ કરવી, જ્ઞાનનો પ્રકાશ કરવો, સ્વાર્થ ત્યાગ કરીને ધર્મનું મહાત્મ્ય વધારવું, ધાર્મીક પુરૂષોમાં સ્નેહપ્રીતિ રાખવી, એ વિગેરે કાર્યોથી તીર્થંકર નામકર્મનો આશ્રવ થાય છે.

**તીર્થંકર નામ કર્મ.**

**ગોત્ર કર્મ.** (૭) અન્યની નિંદા કરવાથી, આપણી પોતાની પ્રસંશા કરવાથી, અન્યના સદ્ગુણોને છુપાવવાથી, આપણામાં ગુણો નહીં છતાં પણ ગુણવાન છે એવું બતાવવાથી નીચ ગોત્ર કર્મનો આશ્રવ થાય છે.[1]

**અંતરાય કર્મ.** (૮) ઉત્તમ કાર્યમાં વિઘ્ન નાખવાથી અંતરાય કર્મનો આશ્રવ થાય છે.[2]

---

૧ ઉપર નીચ ગોત્ર પ્રાપ્ત થવાના હેતુરૂપે જે કર્મ બતાવ્યાં છે તે નહિ કરવાથી અને તેથી ઉલટાં સઘળા પ્રકારનાં ઉંચાં કર્મ કરવાથી ઉંચ ગોત્ર બંધાય છે.

૨ દાનમાં વિઘ્ન નાખવાથી દાનાન્તરાય કર્મનો આશ્રવ થાય છે, કોઇને લાભ મળતો હોય તેમાં વિઘ્ન નાખવાથી લાભાન્તરાય કર્મ ઉત્પન્ન થાય છે, કોઈના સુખ વૈભવમાં વિઘ્ન નાખવાથી ભોગાન્તરાય કર્મ ઉત્પન્ન થાય છે, કોઈના ઉપભોગમાં વિઘ્ન નાખવાથી ઉપભોગાન્તરાય કર્મ ઉત્પન્ન થાય છે, અને અન્યના બળને ક્ષીણ કરવાથી વીર્યાન્તરાય કર્મ ઉત્પન્ન થાય છે, અને એ દરેક કર્મ આપણી તે તે પ્રકારની ક્રિયામાં વિઘ્નરૂપ થઈ પડે છે.

૪. **आत्मकर्मणो रन्योन्य प्रवेशानु प्रवेशात्मको बन्धः** એટલે આત્માના અને કર્મોના પ્રદેશો પરસ્પરમાં પ્રવેશ કરીને એક ક્ષેત્રાવગાહી થઇ જાય છે તેનું નામ બંધ તત્ત્વ છે. આત્મા પોતાની અંદર ક્રોધ, મોહાદિક કષાયોના ઉત્પન્ન થતાંજ કર્મ બંધ થવાને યોગ્ય પુદ્ગલ પરમાણુઓને ગ્રહણ કરે છે. જેમ લોઢાનો તપાવેલો ગોળો પાણીમાં મૂકવાથી સઘળી તરફથી પાણીને ચુસી લે છે તેમજ આત્મા પણ ક્રોધાદિક કષાયો સહિત થવાથી ચારે તરફથી કર્મનાં પરમાણુઓને ગ્રહણ કરે છે, અને તેનેજ કર્મબંધ કહે છે.

**બંધતત્ત્વની વ્યાખ્યા.**

બંધના ચાર ભેદ છે. (૧) પ્રકૃતિબંધ, (૨) સ્થિતિબંધ, (૩) અનુભાગબંધ, (૪) અને પ્રદેશબંધ. પ્રકૃતિબંધ એટલે જેવી રીતે મીઠું, ખાટું, કડવું, ખારૂં આદિ પદાર્થોના જૂદા જૂદા ગુણ છે તેવીજ રીતે જ્ઞાનને ઢાંકનાર, દર્શનને ઢાંકનાર, સત્યાસત્યનો નિર્ણય નહીં કરવા દેનાર, ખોટે રસ્તે લઈ જનાર, સુખ દુઃખ ઉપજાવનાર આદિ જૂદો જૂદો પ્રભાવ દેખાડનારી કર્મની પ્રકૃતિયો થાય છે. તેના મૂળ ભેદ આઠ છે, અને ઉત્તર ભેદ એકસો ને અડતાલીશ છે. મૂળ ભેદ ઉપર કહ્યા પ્રમાણે આઠ છે. (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અને અંતરાય) જ્ઞાનને ઢાંકનાર તે જ્ઞાનાવરણીય, દર્શનને ઢાંકનાર દર્શનાવરણીય, સુખદુઃખને આપનાર તે વેદનીય. હિતાહિતમાં શ્રદ્ધા ન થવા દે તે મોહનીય. પૂનર્જન્મ જે વડે લેવો પડે છે તે આયુ (પ્રકૃતિ). નામ આપનારી (શરીર ઉત્પન્ન કરનારી) તે નામ (પ્રકૃતિ). ઉંચ નીચ ભેદ આપનારી તે ગોત્ર (પ્રકૃતિ) અને દાન, લાભ, ભોગ, તથા ઉપભોગમાં વિઘ્ન નાખનારી તે અંતરાય (પ્રકૃતિ). એ પ્રમાણે આઠ મૂળ પ્રકૃતિયો છે. અને તેનીજ એકસોને અડતાળીશ ઉત્તર પ્રકૃતિયો છે. એ સર્વેનાં નામ લખવામાં આવ્યાં નથી પણ તે તત્વાર્થ સૂત્રના આઠમા અધ્યાયમાં જણાવેલાં છે.

**બંધતત્વના ભેદ.**

**પ્રકૃતિ બંધ.**

**પ્રકૃતિબંધના મૂળ ભેદો.**

**સામાન્ય વર્ણન.**

બીજો ભેદ " સ્થિતિ " નામે કહેલો છે તે એવો છે કે ઉપર બતાવેલાં **જ્ઞાનાવરણીય** વિગેરે જે પ્રકૃતિબંધ થાય છે. તેનો અમુક વખત સુધી આત્માની સાથે સંબંધ રહેવો, તે સ્થિતિ બંધ છે. વળી સ્થિતિ-બંધના વખતમાંજ જે કર્મોનું ફળ મળે છે; તેને અનુભાગબંધ કહે છે. અને આત્માના સમસ્ત પ્રદેશોની અંદર જ્ઞાનાવરણીય આદિ કર્મોના અનંતાઅનંત પ્રદેશ ( પરમાણું ) સૂક્ષ્મપણાથી એકત્ર થાય છે, તેને " પ્રદેશબન્ધ " કહે છે.

**સ્થિતિબંધ.**

**અનુભાગ બંધ તથા પ્રદેશબંધ.**

વેદાન્તમાં કર્મનું સ્વરૂપ સંચિત, ક્રિયમાણ, અને પ્રારબ્ધ, એ ત્રણ પ્રકારનું કહેલું છે. અને જૈન દર્શનમાં પણ તેજ પ્રમાણે સત્તા, બંધ, અને ઉદય એવી રીતે ત્રણ ભેદ પાડવામાં આવ્યા છે. પાછલા વખતમાં કરેલાં કર્મ જે હાલ મોજૂદ છે, અને જેનું ફળ ભોગવવાનું હજી બાકી રહેલું છે, તેને " સત્તા " કહે છે. જે નવાં કર્મ વર્તમાનકાળમાં બાંધવામાં આવે છે, તેને બંધ કહે છે. જે કર્મોનું ફળ હાલ ભોગવવામાં આવે છે તેને ઉદય કહે છે.

**કર્મનું સ્વરૂપ અને તેના ત્રણ પ્રકાર.**

૫. **आस्रव निरोध लक्षण: संवर:** આગળ વર્ણન કરેલા આશ્રવ તત્ત્વને રોકે તેને " સંવરતત્ત્વ " કહે છે. જેવી રીતે કાણાવાળી હોડીમાં ભરાતા પાણીને કોઇ ક્રિયાથી કાણું પૂરીને અટકાવી દેવામાં આવે છે, તેવીજ રીતે અમુક ક્રિયાઓ કરીને આત્માની અંદર આવતાં નવાં કર્મોને અટકાવી દેવાં તેને સંવરતત્ત્વ કહે છે. એ સંવર ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, દશ ધર્મ, બાર અનુપ્રેક્ષા, બાવીશ પરિષહ, પાંચ ચારિત્ર, અને બાર તપ વડે થાય છે. મનને નિશ્ચલ કરવું, મૌન ધારણ કરવું, અને શરીરને પણ હાલતું ચાલતું અટકાવીને સ્થિર રાખવું, એ ત્રણ[1] ગુપ્તિ છે. એવી સ્થિરતા

**સંવર તત્વ.**

**સંવર તત્વનો ઉપાય.**

**ત્રણ ગુપ્તિ.**

---

૧. ( ૧ ) મનોગુપ્તિ. ( ૨ ) વચનગુપ્તિ. ( ૩ ) કાયગુપ્તિ.

હંમેશને માટે ઘણો વખત રાખી શકાતી નથી, તેથી પાંચ "સમિતિ" પાળવાનું કહેવામાં આવેલું છે. હાલતાં ચાલતાં અને બીજી શારિરીક ક્રિયા કરતાં કોઇ પણ પ્રાણિને પીડા ના થાય તેવી રીતે સાવધાનીથી વર્તવું તેને ઇર્યાસમિતિ કહે છે.

**પાંચ સમિતિ.**

**ઈર્યાસમિતિ.**

**ભાષાસમિતિ.** બોલવામાં હિતકારી, થોડું અને સાચું તેમજ પ્રીતિ ઉપજાવે એવું બોલવાની સાવધાનતા રાખવી તેને ભાષા સમિતિ કહે છે.

**એષણા સમિતિ.** ખાવાપીવામાં [1]અભક્ષ્ય પદાર્થો આવે નહી, તેથી કોઇને દુઃખ અથવા બોજો ઉઠાવવો પડે નહીં, એટલુંજ નહીં પણ આળસ, પ્રમાદ, અને રોગ પણ ઉત્પન્ન ન થાય એવી સાવધાનતાથી આહાર લેવો તેને "એષણા-સમિતિ" કહે છે.

**આદાનનિક્ષેપણ સમિતિ.** પીંછી, કમંડળ વગેરે પદાર્થો ઉપાડવા મૂકવામાં કોઇ પણ પ્રાણીને ઇજા ન થાય એવી રીતે યત્નપૂર્વક ક્રિયાઓ કરવી તેને "આદાન નિક્ષેપણ સમિતિ" કહે છે.

**ઉત્સર્ગ સમિતિ.** મળમૂત્ર વિસર્જન કરવામાં, થુંકવામાં, નાક સાફ કરવામાં કોઈ પ્રાણીને પીડા ન થાય એવી જગ્યામાં સ્થાન જોઇને તે નાખવાં તેને "ઉત્સર્ગ સમિતિ" કહે છે.

દશ ધર્મનાં નામ આ પ્રમાણે છે. (૧) ક્ષમા.[2] (૨)

---

૧ (૧) પીપળનાં ફળ. (૨) વડના ટેટા. (૩) ગુલરનાં ગુલઇડાં. (૪) કુઠમ્બરનાં ફળ. (૫) પાકર ફળ. (૬) અજાણ્યાં ફળ. (૭) તુચ્છફળ. (૮) મળ. (૯) માંસ. (૧૦) મધ. (૧૧) માંખણ. (૧૨) બરફ. (૧૩) ચલીતરસ. (૧૪) બહુ બીજવાળાં ફળ. (૧૫) વેંગણ. (૧૬) અથાણું. (૧૭) રાત્રિભોજન (૧૮) જલેબી. (૧૯) કંદમૂળ. (૨૦) માટી. (૨૧) ઝેર. (૨૨) ઓળો (પાપડી વિગેરે પદાર્થોને બારીને ખાવા.) ઉપર મુજબ બાવીશ અભક્ષ્ય ગણેલાં છે, અને અન્યત્ર લીલોતરી તેમજ કાથો ખાવાની મનાઈ કરવામાં આવી છે. પણ તે ઉપરના બાવીશ અભક્ષ્યમાં ગણાયાં નથી.

૨ ક્રોધનું નિમિત્ત મળવા છતાં કોઈ પણ પ્રાણી ઉપર ક્રોધ ન કરવો તે.

**नरस्याऽऽभरणं रूपं रूपस्याऽऽभरणं गुणः।**
**गुणस्याऽऽभरणं ज्ञानं ज्ञानस्याऽऽभरणं क्षमा ॥**

**અર્થઃ**—મનુષ્ય રૂપવાન હોય તો શોભે છે, રૂપ ગુણથી શોભે છે. ગુણ જ્ઞાનથી શોભે છે, અને જ્ઞાન ક્ષમાથી શોભે છે,

**દશ ધર્મ.** માર્દવ એટલે ગર્વનો ત્યાગ. (૩) આર્જવ એટલે નિષ્કપટપણું. (૪) સત્ય. (૫) શૌચ* એટલે પરધન અને પરસ્ત્રીમાં નિર્લોભતા. (૬) સંયમ એટલે ઇંદ્રિયો અને મનને તાબામાં રાખવાં. (૭) તપ × એટલે ઇચ્છાઓને રોકવી. (૮) ત્યાગ એટલે શક્તિ પ્રમાણે પાત્ર જોઇને ચાર+ પ્રકારનું દાન આપવું. (૯) આકિંચન્ય એટલે પાસે કાંઈ પણ રાખવું નહિ તે. અને (૧૦) બ્રહ્મચર્ય એટલે સ્ત્રીનો ત્યાગ કરવો. એ પ્રમાણે દશ ધર્મ ગણાવ્યા છે; અને તે ઉપરાંત દ્વાદશ (બાર) ભાવનાઓ કહેલી છે, તે નીચે મુજબ છે.

**અનિત્ય ભાવના.** (૧). આ શરિર સ્ત્રી, પુત્ર, ધનાદિક નાશવંત છે, અને આપણી સાથે કાંઈ પણ આવવાનું નથી, એ પ્રમાણે વારંવાર ચિંતવન કરવું તેને અનિત્યભાવના કહે છે.

**અશરણ ભાવના.** (૨). આ સંસારમાં દુખમાંથી અને મૃત્યુમાંથી છોડાવનાર ધર્મ સિવાય બીજું કોઈ પણ સમર્થ નથી. એ પ્રકારનું ચિંતવન વારંવાર કરવું તે અશરણ ભાવના છે.

**સંસાર ભાવના.** (૩). અનાદિકાળથી આ સંસારમાં અનેક વખત જન્મ અને મરણ થયાં. અનેકવાર, સ્વર્ગમાં, અનેકવાર નર્કમાં, અને અનેકવાર પશુયોનિમાં તેમજ. અનેકવાર મનુષ્યયોનીમાં જન્મ ધારણ કર્યા પણ એનો છેડો આવ્યો નહિ એ પ્રમાણે વિચાર કરવો તેને સંસારભાવના કહે છે.

**એકત્વ ભાવના.** (૪). હું મારા કર્મના અનુસારે સુખ અને દુ:ખ એકલોજ ભોગવવાનો છું. મારે બદલે બીજું કોઇ તે ભોગવનાર નથી. એ પ્રકારનું ચિંતવન વારંવાર કરવું તેને એકત્વ ભાવના કહે છે.

---

* (૧) બાહ્ય શૌચ. (૨) અંતર શૌચ. શારિરીક પવિત્રતાનો બાહ્ય શૌચમાં સમાવેશ થાય છે; અને આત્માને પવિત્ર રાખવાનું સાધન આંતર શૌચ છે.

× બાહ્યતપ ૬ પ્રકારનાં છે, અને આંતરતપ ૬ પ્રકારનાં છે. બાહ્યતપ–(૧) અનશન. (૨) અવમોદાર્ય (૩) વ્રત પરિસંખ્યાન. (૪) રસ વગેરે ત્યાગ. (૫) વિવિક્ત શય્યાશન. (૬) કાયક્લેશ. અંતરંગ તપ–(૧) પ્રાયશ્ચિત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ત, (૪) સ્વાધ્યાય, (૫) વ્યુત્સર્ગ, (૬) ધ્યાન.

+ આહાર, અભય, ઔષધ અને જ્ઞાન (શાસ્ત્ર).

(૫). આ શરીર આત્માથી જૂદું છે. મોહને લીધે એને મારૂં કરીને માનવામાં આવે છે. એજ પ્રમાણે સ્ત્રી, પુત્ર, અને ધન પણ મારાથી જૂદાં છે, એવો વિચાર કરવો તેને અન્યત્વ ભાવના કહે છે.

**અન્યત્વ ભાવના.**

(૬). સાત ધાતુઓનું બનેલું આ શરિર અત્યન્ત દુર્ગન્ધમય છે. એને ગમે તેટલું ધોવામાં આવે અથવા એના ઉપર સુગંધીદાર પદાર્થોનું લેપન કરવામાં આવે તોપણ તે પવિત્ર થઈ શકતું નથી, એટલુંજ નહિ પણ સુગંધીદાર પદાર્થો પણ એના સંસર્ગથી દુર્ગંધીવાળા થઈ જાય છે. એ પ્રમાણે આ શરીર અપવિત્ર છે, એવો વિચાર કરવો તેને અશુચિ ભાવના કહે છે.

**અશુચિ ભાવના.**

(૭). સંસારિક દુઃખોનું મૂળ કારણ આશ્રવજ છે એવું ધારવું તેને આશ્રવ ભાવના કહે છે.

**આશ્રવ ભાવના.**

(૮). કર્મોનો આશ્રવ કેવી કેવી ક્રિયાઓ કરવાથી રોકી શકાય છે તેનો વિચાર કરવો તેને સંવર ભાવના કહે છે.

**સંવર ભાવના.**

(૯). બાંધેલાં કર્મ કેવાં કેવાં તપ અને આચરણથી નાશ પામશે એનો વિચાર કરવો તે નિર્જરા ભાવના છે.

**નિર્જરા ભાવના.**

(૧૦). આ જગત્ અનાદિ છે એનો કોઇ કર્ત્તા નથી, એમાં અધઃલોક, ઉદ્ધ્વલોક અને મધ્યલોક છે, ઇત્યાદિ લોકના સ્વરૂપનું ચિંતન કરવું તે ( લોકાનુપેક્ષા ) લોક ભાવના છે.

**લોક ભાવના.**

(૧૧). આ સંસારમાં અનન્તકાળ પરિભ્રમણ કરવા છતાં પણ આત્માની ખરી પીછાણ થઇ શકી નથી, અને ખરૂં હિત અહિત શામાં સમાયેલું છે તે સમજાયું નથી. કેમકે જો સમજાયું હોત તો જરૂર કલ્યાણ કરી શકત, અને વારંવાર જન્મ મરણનાં દુઃખો ભોગવવાં પડત નહિ. એવો બોધ થવો ( સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્

**બોધિ દુર્લભ ભાવના.**

ચારિત્ર, પ્રાપ્ત થવું ) દુર્લભ છે, એવો બોધ થવો તેને બોધિ દુર્લભ ભાવના કહે છે.

**ધર્મ ભાવના.**

(૧૨). આ જૈન ધર્મ જે અહિંસામય છે, તે સત્ય, ક્ષમા, વિનય, બ્રહ્મચર્ય, ઉપસમ, નિયમ, ત્યાગ, નિર્ગ્રંથપણું, ઇત્યાદિ સદ્‌ગુણો સહિત શ્રી જીનેંદ્ર ભગવાને કહેલો છે. અને તેની પ્રાપ્તિ આજ સુધી નહિ થવાથીજ આ સંસારમાં આજ સુધી પરિભ્રમણ કરવું પડયું છે. ધર્મની પ્રાપ્તિ થવાથી ઇંદ્ર અને ચક્રવર્તિ આદિની પદવી તો સ્હેજમાં પ્રાપ્ત થાય છે, અને અન્તમાં મોક્ષ સુખ પણ મલે છે, એ પ્રમાણે વિચાર કરવો ( નિશ્ચય કરવો ) તે ધર્મ ભાવના છે.

**બાવીસ પરિષહ.**

હવે જે બાવીસ પરિષહ સહન કરવાથી સંવર થાય છે તે પણ આ નીચે બતાવવામાં આવે છે. ૧ ક્ષુધા, ૨ તૃષા, ૩ શીત, ૪ ઉષ્ણ, ૫ દંશમશક[1], ૬ નગ્નપણું, ૭ અરતિ[2], ૮ સ્ત્રી, ૯ ચર્યા, ૧૦ આસન, ૧૧ શય્યા, ૧૨ આક્રોશ[3], ૧૩ વધ, ૧૪ યાચના, ૧૫ અલાભ, ૧૬ રોગ, ૧૭ તૃણ સ્પર્શ, ૧૮ મલ, ૧૯ સત્કાર પુરસ્કાર, ૨૦ પ્રજ્ઞા[4], ૨૧ અજ્ઞાન, ૨૨ અદર્શન. એ પ્રમાણે બાવીશ પરિષહોમાંથી જે જે વખતે જે જે પરિષહ સહન કરવાનો પ્રસંગ આવે તે સઘળા શાંત મનથી સહન કરવાથી સંવર થાય છે.

હવે પાંચ પ્રકારનાં ચારિત્ર કહેવામાં આવે છે.

**સામાયિક.**

( ૧ ) સામાયિક—એટલે દિવસે અને રાત્રે, પ્રાતઃકાળ, સંધ્યાકાળ, મધ્યાનકાળ અને મધ્ય રાત્રિએ એ પ્રમાણે ચારે સંધ્યાને વખતે એકત્ર મનથી, બેઘડી એક આસનથી બેસીને અથવા ઉભા રહીને ધ્યાન ધરવું અથવા ધર્મના વિચારોમાં તલ્લીન થવું વગેરે ૭ આવશ્યક ક્રિયા કરવી તે.

---

૧ ડાંસ, મચ્છર. ૨ અપ્રીતિ. ૩ ક્લેશ. ૪ બુદ્ધિ.

(૨) છેદોપસ્થાપના—એટલે સંયમની અંદર દોષ લાગવાથી તેનું પ્રાયશ્ચિત કરવું અથવા ફરીથી દીક્ષા લેવી.

**છેદોપસ્થાપના.**

(૩) પરિહાર વિશુદ્ધિ એટલે બહાર ફરવામાં કોઇ પણ પ્રાણિને પીડા ન થાય એ પ્રમાણે વર્તવું તે.

**પરિહાર વિશુદ્ધિ.**

(૪) સૂક્ષ્મ સાંપરાય—એટલે બાકી રહેલા કષાય અને જે સૂક્ષ્મ-લોભ રહેલો હોય તેનોનાશ કરવાને માટે પ્રયત્ન કરવો.

**સૂક્ષ્મસાંપરાય.**

(૫) યથાખ્યાત ચારિત્ર એટલે સર્વોત્કૃષ્ટ આચરણ કરવું તે.

**યથાખ્યાત ચારિત્ર.**

હવે તપનું વર્ણન કરવામાં આવે છે. તપના બાર પ્રકાર નિચે પ્રમાણે છે.

**તપના બાર પ્રકાર.**

(૧) અનશન=યથાશક્તિ ઉપવાસ કરવા.

(૨) અવમોદાર્ય=ભુખથી ઓછું ખાવું.

(૩) વૃત્તિ પરિસંખ્યાન=આટલા વખત સુધી ખાવું પીવું, અથવા આટલા પ્રદાર્થોજ ખાવા, અથવા આટલુંજ ખાવું એવી હદ બાંધવી તે.

(૪) રસપરિત્યાગ=ઘી, તેલ, મીઠું, દુધ, દહીં ઇત્યાદીક રસોમાંથી એક અથવા અધિક રસનો ત્યાગ કરવો તે.

(૫) વિવિક્ત શય્યાશન=એકાન્ત સ્થાનમાં આશન કરવું અથવા સુવું.

(૬) કલેશ=શરિરને કષ્ટ આપીને દુઃખ સહન કરવાની ટેવ પાડવી. ઉપર મુજબનાં ૬ બાહ્યતપ છે.

(૭) પ્રાયશ્ચિત=પોતે કરેલા દોષને માટે યોગ્ય શિક્ષા સહન કરવી.

(૮) વિનય=યોગ્ય રીતે વિનયથી વર્તન કરવું તે.

(૯) વૈયાવૃત્ય=રોગી મુની અથવા શ્રાવકની સેવા-ચાકરી કરવી.

(૧૦) સ્વાધ્યાય=ધર્મશાસ્ત્રનું પઠન, પાઠન કરવું.

(૧૧) વ્યુત્સર્ગ=શરિરનું મમત્વ છોડવું.

(૧૨) ધ્યાન=એકજ ધ્યેય વસ્તુ ઉપર મનને એકાગ્ર કરીને ચિત્તની સ્થિરતા રાખવી.

પાછળનાં ૭ અંતરંગ તપ છે. એ પ્રમાણે ઉપર જણાવેલી સઘળી ક્રિયાઓથી કર્માશ્રવનો સંવર થાય છે. એટલે નવાં કર્મો ઉત્પન્ન થતાં નથી.

## ૬. एकदेश कर्मक्षय लक्षणा निर्जरा ॥

**નિર્જરાતત્વ.** કર્મોનો અંશ માત્રથી એટલે એક દેશ નાશ કરવો તેને નિર્જરા કહે છે. નિર્જરાના બે ભેદ છે.

**સવિપાક નિર્જરા.** (૧). સવિપાક નિર્જરા કર્મોનું ફળ ભોગવ્યા પછી તેનો એટલે કર્મોનો નાશ થવો અર્થાત્ આત્માથી કર્મોનો સંબંધ છુટી જવો તે.

**અવિપાક નિર્જરા.** (૨). અવિપાક નિર્જરા કર્મોનું ફળ ભોગવવાનો સમય આવતાં પહેલાંજ તેમને ઉદયમાં લાવીને તેમનો નાશ કરવો તે.

કર્મોનો કાંઇક અંશે ક્ષય થાય છે અને કાંઇક શેષ રહી જાય છે તેથી અંશતઃ[1] નાશ કરવો તેને નિર્જરા કહે છે.

## ૭. कृत्स्न कर्मवियोग लक्षणो मोक्षः ॥

**મોક્ષની વ્યાખ્યા.** સંપૂર્ણપણે કર્મોનો નાશ થવો તેને મોક્ષ કહે છે તેમાં શરીર નહિ સરખું હોઇને અનંતજ્ઞાન દર્શનમય આત્મા ફક્ત રહે છે. આ દેહ ધારણ કરીને ચક્રવર્તિ રાજાનું સુખ મળે અથવા સ્વર્ગમાં ઈંદ્રનું પદ મળે અથવા તો અનેક પ્રકારનાં શારિરીક સુખ પ્રાપ્ત થાય તોપણ

**સંસારમાં દુઃખદ સ્થિતિ.** તે સઘળાં નાશવંત છે. છેવટે તે સઘળાં સુખ, દુઃખરૂપ થઈ પડે છે. કેમકે મૃત્યુ સર્વેની પાછળ લાગેલું છે, અને તે દુઃખવડે સઘળાં ઐહીક સુખ વિસરી જવાય છે. જન્મ અને મરણ મહાન દુઃખ છે. જ્યાં સુધી તે

---

૧ જેમ જેમ કર્મનો નાશ થવાનો યોગ આવતો જાય તેમ એકે એકે નાશ થવો તે નિર્જરાતત્વ છે.

ટળતાં નથી ત્યાં સુધી ખરૂં સુખ કહેવાય નહિ. શરિર સંબંધી સઘળાં સુખ ક્ષણિક અને છેવટે દુઃખરૂપ છે તેથી તેને સુખાભાષ કહે છે.

ખરૂં સુખ એજ કહેવાય કે ફરીથી કદી દુઃખ આવે નહિ. પણ એવું સાશ્વત સુખ મોક્ષપદ સિવાય સંસારમાં હોતુંજ નથી, અને તેથી મોક્ષતત્વનું મહત્વ સર્વેથી વધારે કહેવામાં આવ્યું છે, અને તે કઈ રીતે મેળવી શકાય, તેનોજ ઉપદેશ દરેક જૈન ગ્રંથમાં કરેલો છે; અને એ મોક્ષ માત્ર ચૈતન્યનેજ થાય છે.

## પ્રકરણ ૩ જું.

### ઉપદેશનો ક્રમ.

**રત્નત્રયની વ્યાખ્યા.**

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર એ ત્રણ યથાસ્થિત પ્રાપ્ત કરવાથી મોક્ષ મળે છે, એવો ઉપદેશ સઘળા ગ્રંથોમાં કરવામાં આવેલો છે અને તેથી એ ત્રણને "રત્નત્રય" કહે છે.

**સમ્યગ્દર્શન.**

૧ "**तत्वार्थ श्रद्धानं सम्यग् दर्शनं**" એટલે જીવ, અજીવ વિગેરે જે સાત પદાર્થ પ્રથમ કહેવામાં આવ્યા છે તેમાં યથાર્થ શ્રદ્ધા રાખવી, નિર્દોષ અને સર્વજ્ઞ થઇને જેણે શાસ્ત્રો બનાવ્યાં છે, મતલબ કે જે હિતોપદેશી છે, તેજ પરમેશ્વર છે એમ માનવું, તેમજ તેમનાં કહેલાં પૂર્વાપર વિરોધ રહિત તત્ત્વોનો ઉપદેશ દેનારાં, અને કુમાર્ગનો નાશ કરવાવાળાં જે શાસ્ત્રો છે તેમનેજ આગમ માનવાં, તથા વિષય વાસના છોડીને આરંભ રહિત તથા પરિગ્રહ રહિત થઇને જ્ઞાન, ધ્યાન અને તપમાં નિમગ્ન રહેનારા પુરૂષોને ગુરૂ માનવા તેને સમ્યગ્દર્શન કહે છે.

**સમ્યગ્જ્ઞાન.**

૨ ઉપર મુજબ શ્રદ્ધા સહિત, અને સંશય વિપર્યય રહિત, યથાર્થ જ્ઞાન થાય છે, તેને સમ્યગ્જ્ઞાન કહે છે.

૩ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જેને પ્રાપ્ત થઇ ગયાં હોય; તે જો તેનાં આચરણોને શુદ્ધ રાખે તો તેને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થઇ કહેવાય છે.

**સમ્યક્ ચારિત્ર અને તેના ભેદ.**

સમ્યક્ ચારિત્રના બે ભેદ છે.

૧ સકલચારિત્ર, તે સાધુ પદવી ( મુનિ અવસ્થા ) માં પાળી શકાય છે.

૨ વિકલચારિત્ર ગ્રહસ્થાવસ્થામાં પાળી શકાય છે.

## ગ્રહસ્થનું ચારિત્ર.

**સમ્યગ્દૃષ્ટિ અને શ્રાવક પદવીની યોગ્યતા.**

ગ્રહસ્થ એટલે સંસારી જીવને જો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયાં હોય પણ સમ્યક્ચારિત્ર ધારણ ન કર્યું હોય; તો તે ગ્રહસ્થ અવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

**દેશવ્રતી શ્રાવકની યોગ્યતા.**

અત્યાર સુધી તે શ્રાવક કહી શકાતો નથી. જ્યારે તે ચારિત્ર ધારણ કરે છે ત્યારેજ તે શ્રાવક નામને યોગ્ય થાય છે. શ્રાવકને દેશવ્રતી પણ કહે છે. દેશવ્રતી કહેવાનું કારણ એ છે જે તે સંપૂર્ણ રીતે વ્રત પાળી શકતો નથી. પણ તે એકદેશ વ્રત પાલન કરે છે. એટલે તેની શક્તિ પ્રમાણે વ્રત પાળે છે. દેશવ્રતી શ્રાવકની અગ્યાર પ્રતિમા એટલે ૧૧ પદવીઓ છે. જેમ જેમ તે દિનપર દિન પોતાનું આચરણ સુધારતો જાય તેમ તેમ તે ઉપરની પદવીએ ચઢતો જાય છે, તે નીચે મુજબ છે.

**દર્શન પ્રતિમા કયારે પ્રાપ્ત થાય છે.**

( ૧ ) દર્શન પ્રતિમા પ્રાપ્ત કરવા સારૂ શ્રાવકે પોતાનું સમ્યગ્દર્શન ૨૫ દોષ રહિત કરવું જોઇએ તથા (૧) જુગાર, (૨) માંસ ભક્ષણ, (૩) મદ્યપાન, (૪) વેશ્યા સેવન, (૫) શિકાર ( હિંસા ), (૬) ચોરી અને (૭) પરસ્ત્રી સેવન એ સાત વ્યસનોને પણ છોડવાં જોઇએ.

**વ્રતપ્રતિમા માટે યોગ્યતા.**

( ૨ ) વ્રતપ્રતિમા આ બીજી પદવીમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત. એ બાર વ્રતો અતિચાર રહિત પાળવાં જોઇએ. એ બાર વ્રતો આ પ્રમાણે છે.

**અહિંસા, અણુવ્રત અને તેના અતિચાર.**

(૧). અહિંસા–જાણીજોઇને, હાલતાં ચાલતાં (બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય, ચાર ઇંદ્રિય, અને પંચેદ્રિય) જીવોનો વધ કરવો નહિ અથવા કોઇને કહીને કરાવવો નહિ તે. એના પાંચ દોષ (અતિચાર) છે.

(૧) જીવોના અવયવો તોડવા.
(૨) જીવોને બાંધવા.
(૩) લાકડી વગેરેથી મારવા.
(૪) તેમની શક્તિથી ઉપરાંત કામ કરાવવું.
(૫) તેમને ખાવા પીવામાં રોકાણ કરવું.

ઉપર પ્રમાણે પાંચ દોષ દૂર કરીને અહિંસા વ્રત ધારણ કરવું જોઇએ.

**અસત્ય ત્યાગાણુવ્રત અને તેના અતિચાર.**

(૨) અસત્ય[1] ત્યાગ એના પણ પાંચ અતિચાર (દોષ) છે.

(૧) બીજાનો દોષ કહેવો.
(૨) બીજાની છુપી વાતને પ્રગટ કરવી.
(૩) નિંદા કરવી.
(૪) ખોટી દલીલ અથવા ખત પત્ર લખવાં.
(૫) હિસાબમાં ભૂલચુક થઈ હોય તે નહિ બતાવવી.

ઉપર પ્રમાણે પાંચ દોષ દૂર કરવાથી નિર્દોષ સત્યાણુવ્રત પાળી શકાય છે.

**અચૌર્યાણુવ્રત અને તેના અતિચાર.**

(૩) અચૌર્ય–સ્થુલ ચોરીનો ત્યાગ કરવો તેને અચૌર્યાણુવ્રત કહે છે. અથવા કોઇનું રાખેલું, પડેલું ભૂલેલું અથવા થાપણ તરીકે મૂકેલું, પારકું દ્રવ્ય લઇ લેવું તે ચોરી છે. એના પણ પાંચ દોષ છે.

---

૧ સંસારી બાબતોમાં પોતાનો સ્વાર્થ સાધવા સારૂ જુઠું બોલવું નહિ, કોઇની પાસે જુઠું બોલાવવું નહિ અને જુઠું બોલવાનો ઉપદેશ દેવડાવવો નહિ, આપણા સત્ય વાક્યથી કોઇ જીવનો ઘાત થતો હોય તો તેવે પ્રસંગે યુક્તિથી અને તેમ બને એમ ન હોય તો સ્પષ્ટ અસત્ય બોલવાની શાસ્ત્રમાં આજ્ઞા છે.
(રત્નકરંડ શ્રાવકાચાર).

આશ્રવ કર્મ વડે થાય છે એમ પ્રથમ કહેવામાં આવ્યું છે તેથી હવે કર્મના કેટલા ભેદ છે તે અત્રે જણાવવું

**કર્મના આઠ ભેદ.**

આવશ્યક છે. કર્મના આઠ ભેદ છે. (૧) જ્ઞાનાવરણીય,[૧] (૨) દર્શનાવરણીય,[૨] (૩) મોહનીય,[૩] (૪) વેદનીય,[૪] (૫) આયુ,[૫] (૬) નામ,[૬] (૭) ગોત્ર,[૭] અને (૮) અંતરાય,[૮] એમાંથી દરેક કર્મ બંધનના કારણ ભૂત જૂદા જૂદા આશ્રવ થાય છે.

**જ્ઞાનાવરણીય કર્મ.**

(૧) જ્ઞાનના વિષયોમાં અરૂચી હોવી, જ્ઞાનની વૃદ્ધિમાં વિઘ્ન નાંખવું, જ્ઞાનને ઢાંકવું, બીજાની વિદ્વત્તાને સહન નહીં કરી શકવી, ઇત્યાદિક કાર્યો કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો આશ્રવ થાય છે.

**દર્શનાવરણીય કર્મ.**

(૨) પ્રમાદને વશ થઇને સત્ય વસ્તુને અસત્ય ઠરાવવી, આત્મા અને તેના મૂળ સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી તેની શકિતમાં તર્ક વિતર્ક કરવા, કુતીર્થોની તથા દુરાચરણી અને પાપબુદ્ધિવાળા પુરૂષોની પ્રશંસા કરવી, ઇત્યાદી સત્ય શાસ્ત્રની દૃષ્ટિ વિરૂદ્ધ વસ્તુને જોવાથી દર્શનાવરણીય કર્મનો બંધ થાય છે.

---

૧ એના પાંચ ભેદ છે. મતિજ્ઞાનાવરણીય, શ્રુતિજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃ પર્યયજ્ઞાનાવરણીય, અને કેવળજ્ઞાનાવરણીય.

૨ એના નવ ભેદ છે. ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય, કેવળદર્શનાવરણીય, નિંદ્રા, નિંદ્રા નિંદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા, સ્ત્યાનગૃદ્ધિય.

૩ એના બે ભેદ છે. દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય.

૪ એના બે ભેદ છે. શાતા વેદનીય, અશાતા વેદનીય.

૫ એના ચાર ભેદ છે નરકાયુ, તિર્યંચઆયુ, મનુષ્યાયુ, અને દેવાયુ.

૬ એના મુખ્ય ત્રણ ભેદ છે શુભ નામ કર્મ, અશુભ નામ કર્મ, તીર્થંકર નામ કર્મ. ( નામ કર્મના કુલ તાણુ ભેદ કહેલા છે, વિસ્તાર ભયથી તે અત્રે આપ્યા નથી, જુઓ જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા પાનું ૧૯. )

૭ એના બે ભેદ છે ઉંચ ગોત્ર અને નીચ ગોત્ર.

૮ એના પાંચ ભેદ છે. દાંનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય.

**મોહનીય કર્મ.** (૩) મોહનીય કર્મના બે ભેદ છે. સર્વજ્ઞપ્રભુના ઉપર, જીન વાણી ઉપર અને મુનીઓ તથા સંઘ ઉપર તથા ચાર પ્રકારના દેવો ઉપર મિથ્યા દોષારોપણ કરવાથી દર્શન—મોહનીય કર્મનો આશ્રવ થાય છે. ક્રોધાદિક વિષયોની તિવ્રતાથી ચારિત્ર મોહનીય કર્મનો આશ્રવ થાય છે.

**વેદનીય કર્મ.** (૪) મધ અથવા સાકર ચોપડેલી તલવારની ધાર ચાટવાથી જેમ શ્રીરૂઆતમાં ગળ્યું લાગે છે; પણ પાછળથી તેને પરિણામે જીભ કપાય છે. તેવોજ વેદનીય કર્મનો સ્વભાવ છે. (૧) સાતા વેદનીય અને (૨) અસાતા વેદનીય એવા બે કર્મના બે ભેદ કરેલા છે. જીવદયા, દાન, સંયમ ઉપર પ્રિતિ, યોગ, ક્ષમા, અને શૌચ ઇત્યાદિ

**વેદનીય કર્મના બે ભેદ.** કર્મો કરવાથી સાતાવેદનીય કર્મનો આશ્રવ થાય છે. દુઃખ, શોક, તાપ, આક્રંદન, વધ, અને પરિદેવન ઇત્યાદી ક્રિયાઓ કરવાથી અથવા બીજા પાસે કરાવવાથી અસાતા વેદનીય કર્મનો આશ્રવ થાય છે.

**આયુકર્મ[1] અને તેના ભેદ.** (૫) વધારે આરંભ કરવાથી અને વધારે પરિગ્રહ રાખવાથી નરકઆયુનો આશ્રવ થાય છે. કપટ અને માયાચારિથી વર્તવાથી તિર્યંચ આયુનો આશ્રવ થાય છે. થોડો આરંભ કરવાથી અને થોડો પરિગ્રહ રાખવાથી તથા કોમળ પરિણામી થવાથી મનુષ્ય આયુનો આશ્રવ થાય છે. અજ્ઞાનતાથી ઇંદ્રિયોનું દમન કરવાથી, વિષયભોગોની ઇચ્છા રાખવાથી, ઇચ્છા વિના સુખ દુઃખ ભોગવવાના પ્રસંગો આવવાથી અને અજ્ઞાનપણે તપ કરવાથી, અને કેટલીક સત્ક્રિયાઓ કરવાથી દેવઆયુનો આશ્રવ થાય છે.

સમ્યગ્દર્શનથી માત્ર કલ્પવાસી દેવોના આયુનો આશ્રવ થાય છે. ભવનવાસી, જ્યોતિષી, અને વ્યંતર એ ત્રણ ગતિઓમાંથી કોઇને પણ દેવઆયુનો આશ્રવ થતો નથી. (!)

---

૧ આત્મા પોતાનાં કર્મ ભોગવવા માટે સ્વાભાવિક રીતે કોઇ એક પુદ્ગલ પર્યાયમાં:પ્રવેશ કરી અમુક કાળ સુધી રહે છે; તેને આયુ કર્મ કહે છે.

(૧) ચોરીનો ઉપાય બતાવવો.

(૨) ચોરીનો માલ લેવો.

(૩) રાજાની આજ્ઞા વિરૂદ્ધ ચાલવું અને ચાલવાનો ઉપદેશ કરવો.

(૪) આપવા લેવાનાં માપ વધારે ઓછાં રાખવાં.

(૫) ઉંચી કીંમતની વસ્તુમાં ઓછી કીંમતની વસ્તુ ભેળસેળ કરીને તેનું ખરૂં રૂપ છુપાવીને વેચવું.

ઉપર પ્રમાણે પાંચ દોષ દૂર કરવાથી નિર્દોષ અચૌર્યાણુવ્રત પાળી શકાય છે.

(૪) પરસ્ત્રીસેવન ત્યાગ+ એના પણ પાંચ દોષ છે.

**બ્રહ્મચર્યાણુ વ્રત અને તેના અતિચાર.**

(૧) બીજાઓનો વિવાહ કરાવવો.

(૨) કામસેવન કરવાનાં અંગો છોડી અન્ય અંગો સાથે કામ સેવન કરવું.

(૩) અઘટતાં વચન બોલવાં.

(૪) કામસેવનની પ્રબળ ઇચ્છા રાખવી.

(૫) વ્યભિચારિણી સ્ત્રીઓની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવો.

ઉપરના પાંચ દોષ ટાળવાથી ચોથું વ્રત નિર્દોષ પાળી શકાય છે.

**પરિગ્રહ પરિમાણ અણુવ્રત અને તેના અતિચાર.**

( ૫ ) પરિગ્રહ પરિમાણ આપણા ભોગ ઉપભોગમાં આવતા પદાર્થોનું પરિમાણ ( હદ ) કરીને અધિકનો ત્યાગ કરવો અથવા આવકના પ્રમાણમાં ખર્ચ કરવો એના પાંચ અતીચાર આ પ્રમાણે છે.

(૧) લોભને વશ થઇને ગજાઉપરાંત કામ કરાવવું.

(૨) જરૂર વિનાની વસ્તુઓનો સંગ્રહ કરવો.

(૩) બીજાના વૈભવ જોઇને આશ્ચર્ય પામવું.

(૪) વધારે લોભ રાખવો.

---

+ મન, વચન, કાયાથી પરસ્ત્રીની ચેષ્ટા કરવી. પોતાની સ્ત્રી સાથે પણ કામ સેવન કરવાના અંગો સિવાયના અન્ય અંગોથી કામ સેવન કરવું.

(૫) વધારે બોજો લાદવો.

ઉપર પ્રમાણે અતીચાર દૂર કરવાથી પાંચમું અણુવ્રત નિર્દોષ પાળી શકાય છે.

ઉપરનાં પાંચ અણુવ્રત તથા મદ્ય, માંસ અને મધુ એ ત્રણ મલીને શ્રાવકના આઠ મૂળ ગુણ કહેવાય છે.

**શ્રાવકના આઠ મૂળ ગુણ.**

પંચાણુવ્રતના અતિચારો કદાચ ન પાળી શકાય તોપણ વ્રત ભાગતું નથી. જે પ્રમાણે ધોયેલા વસ્ત્રમાં કાળો ડાઘો પડી જાય તો તેથી વસ્ત્ર મલીન થઈ જાય છે. તે પ્રમાણે દોષો લાગવાથી વ્રત મલીન થાય છે. પરંતુ વ્રત (શ્રાવકપણું) નષ્ટ થતું નથી.

એ પછી ત્રણ ગુણવ્રત કહેલાં છે,

(૧) દિગ્વ્રત. (૨) અનર્થ દંડ વિરતિવ્રત. (૩) ભોગોપભોગ પરિમાણવ્રત.

**દિગવ્રત અને તેના અતિચાર.**

૧. દિગ્વ્રત=પૂર્વ પશ્ચિમ વગેરે દશે દિશાઓમાં આટલા ગાઉથી આગળ જવું નહીં, એવા પ્રકારની પ્રતિજ્ઞા કરવી તે. અને એ વ્રતના પણ પાંચ અતિચાર છે.

(૧) કરેલી મર્યાદાથી ઉંચા ચઢવું.

(૨) કરેલી મર્યાદાથી નીચા ઉતરવું.

(૩) કરેલી મર્યાદાથી તિરકસ જવું.

(૪) ક્ષેત્રની કરેલી મર્યાદા વધારી લેવી.

(૫) કરેલી મર્યાદા ભૂલી જવી.

**અનર્થ દંડ વિરતિવ્રત અને તેના અતિચાર.**

૨. અનર્થ દંડ વિરતિવ્રત=કરેલી મર્યાદાની અંદર વિના કારણે પાપકર્મ નહિ કરવું તે. જેમકે પોતાનું હિત અહિત નહિ છતાં પણ બીજાને પાપ કરવાનો ઉપદેશ આપવો, અથવા હિંસા કરવાનાં શસ્ત્ર વગેરે આપવાં, ખોટી વાતોનો વિચાર કરવો, અનીતિની વાતો કરવી અથવા વાંચવી, સાંભળવી અથવા પ્રમાદથી વર્તવું એ વગેરે અનર્થ દંડ છે. અને તેનાથી વિરક્ત એટલે રહિત થવું તેને અનર્થ દંડ વિરતિવ્રત કહે છે. અને તેના પણ પાંચ અતિચાર છે.

(૧) ખરાબ શબ્દો બોલવા.
(૨) લજ્જા ઉત્પન્ન થાય એવું ચિત્ર પાડવું, ચાળા કરવા.
(૩) નકામો બકવાદ કરવો.
(૪) વગર જરૂરની ઉપભોગની સામગ્રી વધારવી.
(૫) કામની અજમાયશ કર્યા વિના વધારે કરવું.

**ભોગોપભોગ પરિમાણ વ્રત અને તેના અતિચાર.**

૩. ભોગોપભોગ પરિમાણ વ્રત=અન્ન, પાણી, ગન્ધ, પુષ્પ, ઈત્યાદિ ભોગરૂપ પદાર્થોનું તથા વસ્ત્ર, આભૂષણ, ઘર, બિછાનું વગેરે ઉપભોગના પદાર્થોનું માપ કરવું તે. વળી કંદ, મૂળ, કાંદા, માખણ, લીંબુનાં ફુલ, કેતકીનાં ફુલ વગેરે અને જે આપણી પ્રકૃતિને માફક ના આવે તેવા પદાર્થોનો ત્યાગ કરવો તે સઘળું ભોગોપભોગ પરિમાણ ગુણવ્રતમાં આવી જાય છે. આ વ્રતના પણ પાંચ અતિચાર છે.

(૧) વિષયો ભોગવવામાં પ્રીતિ રાખવી.
(૨) પહેલાં ભોગવેલા વિષયોને યાદ કરવા.
(૩) વિષયો ભોગવવામાં અતિશય આશક્તિ રાખવી.
(૪) ભવિષ્યમાં ભોગવવાના વિષયોની અતિશય તૃષ્ણા રાખવી.
(૫) વિષયો નહિ ભોગવતાં છતાં પણ ભોગવું છું એવો વિચાર વડે અનુભવ કરવો તે.

ઉપર મુજબ ત્રણે ગુણવ્રતો અતિચાર તજીને પાળવાથી તે નિર્દોષપણે પળાયાં ગણાય છે.

**શિક્ષાવ્રત.**

ચાર શિક્ષાવ્રત આ પ્રમાણે છે. દેશાવકાશિક, સામાયિક, પ્રોષધોપવાસ, અને દાન.

**દેશાવકાશિકવ્રત અને તેના અતિચાર.**

૧. દિગ્વ્રતમાં કરેલી મર્યાદા દેશ, નદી, પર્વત, બજાર, ગલી, વગેરેનો સંકોચ કરીને વર્ષ, ઋતુ, અયન, માસ, પક્ષ, દિન, વગેરે કાળની મર્યાદા કરવી અર્થાત્ ધીમે ધીમે મહાવ્રત તરફ વધવાથી દેશાવકાશિક શિક્ષાવ્રત થાય છે. એ વ્રતના પાંચ અતિચાર નીચે મુજબ છે.

(૧) મર્યાદાની બહાર માણસને મોકલવું.
(૨) મર્યાદા બહાર શબ્દ કરીને ઇસારો કરવો.
(૩) મર્યાદાની બહારથી કાંઇ પણ મંગાવવું.
(૪) પોતાને બતાવીને કાંઈ પણ સૂચના કરવી.
(૫) મર્યાદાની બહાર કાંકરી વગેરે ફેંકીને ઇસારો કરવો.

**સામાયિક.** ૨. સામાયિક શિક્ષાવ્રત[1]=પ્રાતઃકાળમાં મધ્યાન્હ કાળે અને સંધ્યા કાળે અમુક વખત સુધી બેસવાની પ્રતિજ્ઞા કરીને તેટલો વખત એકાન્તમાં બેસીને અથવા ઉભા રહીને એકાગ્રચિત્તથી રાગદ્વેષ છોડીને સર્વજ્ઞ ભગવાનના ગુણોનું ચિંતવન, સ્મરણ કરવું, ધર્મ પુસ્તક વાંચવું અથવા ધ્યાન કરવું તેને સામાયિક કહે છે.

**પ્રતિક્રમણ.** (૧) આપણાથી કાંઇ દુષ્કૃત્ય થઇ ગયું હોય, અથવા કોઇને કડવું વચન કહેવાયું હોય, અથવા મનમાં ખરાબ વિચાર આવ્યા હોય તે સઘળું યાદ લાવીને તેનો મોઢેથી ઉચ્ચાર કરીને તે બદલ પશ્ચાતાપ કરવો તેને પ્રતિક્રમણ કહે છે.

**પ્રત્યાખ્યાન.** (૨) વળી ફરીથી એ પ્રમાણે નહિ કરવાની પ્રતિજ્ઞા લેવી તેને પ્રત્યાખ્યાન કહે છે.

**પ્રાયશ્ચિત.** (૩) ઉપરની બેઉ ક્રિયાઓવડે મનપર જે અસર થાય છે અને અંતઃકરણની શુદ્ધિ થાય છે તેને પ્રાયશ્ચિત કહે છે.

**સ્તવન.** (૪) ભગવાનના ગુણોની સ્તુતિ કરવી તેને સ્તવન કહે છે.

**વંદના.** (૫) ચારે દિશાઓમાં ત્રણ ત્રણ વાર નમસ્કાર કરવા તેને વંદના કહે છે.

---

૧ समता सर्वभूतेषु संयमः शुभभावना ।
आर्तरौद्र परित्यागस्तद्धि सामायिकं मतम् ॥
(जैन धर्मादर्श. पृष्ट १७४.)

(૬) શરીર પરથી મમત્વ છોડી દેવું તેને કાયોત્સર્ગ કહે છે.

**કાયોત્સર્ગ.**

એ પ્રમાણે સામાયિકના ૭ ભાગ છે. એને ષટ્ આવશ્યક ક્રિયાઓ પણ કહે છે. સામાયિકના પાંચ દોષ છે.

**સામાયિકના અતિચાર.**

(૧) મનની એકાગ્રતા નહિ થઈ શકવી, (૨) વચનની એકાગ્રતા ન થવી, (૩) શરીરની એકાગ્રતા ન થવી, (૪) સામાયિકમાં આદર નહિ થવો, (૫) અને સામાયિકની ક્રિયા અથવા પાઠ ભૂલી જવો. એ પ્રમાણે પાંચ અતિચાર છે. એ અતિચારોનો ત્યાગ કરવાથી સામાયિક શિક્ષાવ્રત નિર્દોષ પાળી શકાય છે.

**પ્રોષધોપવાસ અને તેના અતિચાર.**

૩. આગળ પ્રોષધોપવાસ નામનું ત્રીજું શિક્ષાવ્રત કહેલું છે. તે દરેક આઠમ ચૌદસે (પર્વ તિથિયોમાં) ઉપવાસ કરવો, અથવા એકવાર ખાવું, તથા દિનરાત એકજ જગ્યાએ બેસી ધર્મ પુસ્તક વાંચવામાં કે વૈરાગ્ય ચિંતવન કરવામાં વિતાવવાં, અને એ તિથિઓના પાછલા દિવસના બે પહોરથી લઇને આગલા દિવસના બે પહોર સુધી ઉપવાસ કરવો, તેમજ ધાર્મિક વિચારોમાંજ સઘળો વખત ગાળવો, એ પ્રમાણે ૧૬ પહોરનો ઉપવાસ કરવો તે ઉત્તમ પ્રકારનો પ્રોષધોપવાસ છે. એમાં પાંચ દોષ છે.

(૧) વાળ્યા ઝાડ્યા વિના પથારી પાથરવી.
(૨) વાળ્યા ઝાડ્યા વિના મળમૂત્રનો ત્યાગ કરવો.
(૩) વાળ્યા ઝાડ્યા વિના ઉપકરણાદિ પદાર્થો લેવા.
(૪) આવશ્યક ક્રિયાઓનો આદર ન કરવો.
(૫) ક્રિયામાં ભૂલ કરવી.

ઉપરના પાંચ અતિચાર ટાળવાથી નિર્દોષ પ્રોષધોપવાસ પાળી શકાય છે.

**દાન શિક્ષાવ્રત અને તેના અતિચાર.**

૪. દાન=એને અતિથિ સંવિભાગ પણ કહે છે. યોગ્ય પાત્રને આહારદાન, ઔષધદાન, અભયદાન, અને જ્ઞાનદાન. એમાંથી જેને જેની જરૂર હોય તેને તે આપવું તે દાન કહેવાય છે. આપણે આપેલું દાન લેનારને આળસ, પ્રમાદ, ઉન્મત્તતા, રોગ અથવા પાતક ઇત્યાદિ ઉત્પન્ન કરે તો તે દાન નથી. અને

એથી કરીને દાન આપનારે બહુ વિચારપૂર્વક દાન આપવું જોઇએ. એના પણ પાંચ દોષ છે.

(૧) દુષિત પાત્રમાં રાખીને દાન આપવું.

(૨) દુષિત પાત્ર ઢાંકીને દાન આપવું.

(૩) પોતાની જાતે દાન ન આપવું પણ પારકાને ઉપદેશ કરવો.

(૪) મગરૂરી રાખીને દાન કરવું.

(૫) યોગ્ય સમયે દાન ન કરવું, પણ તે સમય વ્યતિત થયા પછી કરવું. હવે ત્રણ શલ્ય નીચે જણાવવામાં આવે છે.

**ત્રણ શલ્ય અને તેના ભેદ.**

(૧) માયા શલ્ય—મનમાં કપટ રાખવું તે,

(૨) મિથ્યાત્વ શલ્ય—મનમાં મિથ્યા શ્રદ્ધા રાખવી,

(૩) નિદાન શલ્ય—આ કાર્યમાં મને અમુક ફળ મળવું જોઇએ એ પ્રમાણે ધારણા રાખવી.

ઉપર પ્રમાણે બાર વ્રત પાળનાર અને ત્રણ શલ્ય છોડનાર શ્રાવક, બીજી વ્રત પ્રતિમા ધારી કહેવાય છે. વ્રતી

**અંત સલ્લેખના.**

શ્રાવકે મરણ સમયે અંત સલ્લેખના[1] કરવી જોઇએ. હવે હું બચવાનો નથી, મારૂં મૃત્યુ જરૂર થશે, આવો નિશ્ચય થયા પછી પોતાના મૂખ્ય મિત્રો અને સ્ત્રી-પુત્રાદિકપરથી સ્નેહ, મમતા, છોડવી જોઇએ; તથા જો કોઈ આપણો શત્રુ હોય તો, તેના ઉપરથી વૈરભાવ છોડીને તેને આપણી પાસે બોલાવી તેની ક્ષમા માગવી. પોતે પણ તેના દોષો માફ કરવા. ઘરબાર, વસ્ત્રાભૂષણ તથા અન્ય વસ્તુઓનું મમત્વ છોડવું. કોઈનું દેવું હોય તે ચુકવી આપી તેને સંતુષ્ટ કરવો. ત્યાર પછી આપણી પાસે જે કાંઈ ધન રહે, એમાંથી પુત્ર, સ્ત્રી, નોકર, ચાકર, વગેરેને જે પ્રમાણે આપવું ઘટે તે પ્રમાણે આપી દેવું. અને ધર્મનાં કાર્યોમાં જે કાંઇ આપવું હોય તે પણ આપી દેવું. ત્યાર પછી,

---

૧. उपसर्गे दुर्भिक्षे जरसि रुजायांच निःप्रतिकारे ।
धर्माय तनुविमोचनमाहुः सल्लेखनामार्याः ॥
(जैनधर्मादर्श पृष्ट. १७८).

જન્મથી, મરણપર્યંત કરેલાં કાર્યોનું સ્મરણ કરી તેના વિષે વિચાર કવો, અને પોતાના હાથે જે જે અનુચિત કાર્યો થયાં હોય તેને માટે પશ્ચાતાપ કરવો જોઇએ, ત્યાર પછી મૃત્યુને ભય અને શોક છોડીને, હાય, તોબા નહિ કરતાં ધૈર્યનું અવલંબન કરી શાંત મનથી ધર્મનાં વાકય સાંભળવાં, આહાર પણ ધીમે ધીમે છોડતા જવું. પછી આહારને બદલે કાંજી પીને રહેવું. તે પછી અનુક્રમે કાંજીને છોડીને કેવળ માત્ર ઉનું પાણી પીને રહેવું. તે પછી જ્યારે મૃત્યુ સમીપ આવ્યું છે, એવું સમજાય; ત્યારે ઉના પાણીનો પણ ત્યાગ કરવો; અને ઉપવાસ કરીને રહેવું. તથા પંચ નમસ્કાર મંત્રનો જાપ કરતાં કરતાં શાંત પરિણામથી પ્રાણ છોડવો તેને **સલ્લેખના** કહે છે. એના પણ પાંચ અતિચાર છે.

**સલ્લેખનાના પાંચ અતિચાર.**

(૧) અધિક દિવસ જીવવાની ઇચ્છા કરવી. (૨) જલદી મરવાની ઇચ્છા કરવી. (૩) દુઃખ અને મરણની બીક રાખવી. (૪) ઈષ્ટ મિત્રનું સ્મરણ કરવું. (૫) આપણા કૃત્યોના બદલામાં કોઈ પ્રકારના ફળની ઇચ્છા રાખવી. એ પ્રકારે પાંચે અતિચારો ટાળવાથી સલ્લેખના વ્રત નિર્દોષ થાય છે, સલ્લેખના સહિત જેનું મૃત્યુ થાય છે, તેને મૃત્યુ પછી સ્વર્ગ અથવા મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**સામાયિક પ્રતિમા.**

(૩) ત્રીજી કક્ષાનું નામ સામાયિક પ્રતિમા છે. શિક્ષાવ્રતમાં જે સામાયિક કરવાનું કહેવામાં આવ્યું છે તે દરેક સમયે અતિચાર રહિત પાળવું જોઇએ.

**પ્રોષધોપવાસ પ્રતિમા.**

(૪) પ્રોષધોપવાસ નામનું જે વ્રત કહેવામાં આવ્યું છે તે અતિચાર રહિત ધારણ કરવું તેને ચોથી પ્રતિમા કહે છે.

**સચિત્ત ત્યાગ પ્રતિમા.**

(૫) સચિત્ત ત્યાગ[૧] નામે પાંચમી પ્રતિમા છે. તેમાં ફળ, શાક, મૂળ, કંદ, શાખા, બીયાં, અને ફુલ વગેરે પદાર્થો બાફ્યા સિવાય અથવા શેકયા સિવાય ખાવાં જોઇએ નહિ, એમ કહેલું છે.

---

૧ ગોમઠ સારમાં કહ્યું છે કે—સુકવેલી, પાકી, ખટાશ અને લવણમાં મેળવેલી લીલોતરી ચપ્પુ વગેરે સાધનથી સમારેલી હોય, તો તે જીવરહિત, એટલે અચિત્ત ગણાય છે.

**રાત્રિ ભોજન ત્યાગ પ્રતિમા.** (૬) છઠ્ઠી પ્રતિમા રાત્રિ ભોજન ત્યાગ નામની છે તેમાં સૂર્ય આથમ્યા પછીથી સૂર્ય ઉગે ત્યાં સુધીમાં ખાવું પીવું ચાટવું અને પાન સોપારી જેવા પદાર્થો વાપરવાનો ત્યાગ કરવાનો છે.

**બ્રહ્મચર્ય પ્રતિમા.** (૭) સાતમી પ્રતિમા બ્રહ્મચર્ય[1] નામની છે તેમાં પોતાની સ્ત્રી સાથે પણ વિહાર કરવાની મનાઈ કરવામાં આવેલી છે, અને કામવિકારને વશીભૂત નહિ થવાનું કહેલું છે.

**આરંભ ત્યાગ પ્રતિમા.** (૮) આઠમી કક્ષા આરંભ ત્યાગ નામની છે. એમાં વેપાર, ખેતી, નોકરી, વગેરે સઘળી ક્રિયાઓના આરંભનો ત્યાગ કરવાનો છે.

**પરિગ્રહ ત્યાગ પ્રતિમા.** (૯) પરિગ્રહ ત્યાગ[2] નામની નવમી પ્રતિમા છે. તેમાં દશ પ્રકારના ધન ધાન્ય વિગેરે બાહ્ય પદાર્થો ઉપરનો પરિગ્રહ છોડીને સંતોષ વૃત્તિ ધારણ કરવી જોઇએ.

**અનુમતિ ત્યાગ પ્રતિમા.** (૧૦) અનુમતિ ત્યાગ નામની દશમી પ્રતિમા છે. તેમાં આરંભ, પરિગ્રહ, વગેરે સંસારિક કાર્યોમાં સંમતિ આપવાનો ત્યાગ કરવાનો છે.

**ઉદ્દિષ્ટ પ્રતિમા.** (૧૧) હવે ઉદ્દિષ્ટ ત્યાગ અથવા ક્ષુલ્લક નામની છેલ્લી અથવા અગિયારમી પ્રતિમા છે. તેમાં શ્રાવકે પોતાને ઘેરથી નીકળીને મુનિ પાસે જવું જોઇએ તથા ત્યાં જઈને વ્રત ગ્રહણ કરી ભિક્ષા વૃત્તિથી રહેવું

---

૧. ફક્ત ભોગવિલાસને ખાતરજ સ્વસ્ત્રીનું સેવન કરવું ઉચિત્ત નથી પરંતુ ઋતુ પ્રાપ્તિ સમયે દર મહીને એક વખત સ્ત્રી સેવન કરવાની શાસ્ત્રમાં ગૃહસ્થિઓ માટે આજ્ઞા છે. તે પ્રમાણે બ્રહ્મચર્યાણુવ્રતમાં દર્શાવ્યા મુજબ આચરણ કરવાથી બ્રહ્મચર્ય પ્રતિમા ધારણ કરી શકાય છે. પર સ્ત્રીનો તો મન, વચન, કાયાથી સર્વથા ત્યાગ કરવાનું કહેલું છે.

૨. સ્ત્રી, પુત્ર, દાસી, દાસ, સેવક, પરિવાર, ગાય, ભેંસ, હાથી, ઘોડા, ધન, ધાન્ય, સુવર્ણ, રૂપું, મણી, મોતી, શય્યા, આસન, ગ્રહ, આભરણ વસ્ત્રાદિક. એ બાહ્ય પરિગ્રહ છે. અને રાગાદિક પરિણામોને આભ્યંતર પરિગ્રહ કહે છે.

જોઈએ. લંગોટી અથવા માત્ર એક ન્હાના વસ્ત્ર સિવાય બીજું વસ્ત્ર રાખવું નહિ અને તપ કરવામાં વખત નિર્ગમન કરવો.

એ પ્રમાણે અગિયાર પ્રતિમાઓ પાળવાની છે તેમાં ચઢતી પ્રતિમાઓવાળાએ પાછલી દરેક પ્રતિમાના ગુણ ધારણ કરીને ઉપરને દરજ્જે ચઢવું જોઇએ.

ક્રિયા કોષાદિ ગ્રંથોમાં શ્રાવકની ત્રેપન ક્રિયાઓ કહી છે.

**ત્રેપન ક્રિયાઓ.** આઠ મૂળ ગુણ, બાર વ્રત, બાર તપ, સામ્યભાવ, અગીયાર પ્રતિમા, ચાર દાન, પાણી ગાળીને પીવું, રાત્રિભોજન ત્યાગ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આ પ્રમાણે સઘળી મળીને ત્રેપન ક્રિયા થાય છે.

## ગૃહસ્થનાં પ્રતિદિનનાં ૭ કર્મ[1].

**ગૃહસ્થનાં આવશ્યક કર્મ અને તેના ભેદ.** (૧) ઈજ્યા—દરરોજ દેવ, ગુરૂ, શાસ્ત્રની પૂજા કરવી. (૨) વાર્તા[2]—અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય, શિલ્પ, અને પશુપાલન. એ ૭ પ્રકારના ધંધા કરીને ગુજરાન ચલાવવું.

(૧) અસિ–તરવાર, બંદુક વગેરે શસ્ત્ર ધારણ કરીને રાજ્યની વ્યવસ્થા કરવી. (૨) મસિ–લખવાનો, અને લખવા વાંચવા શિખવવાનો ધંધો કરવો. (૩) શિલ્પ–સુતાર લુહારનું કામ, ચિત્રકળા, યન્ત્રકળા, વગેરે કરવું. (૪) કૃષિ–ખેતીનું કામ કરવું. (૫) પશુપાલન–ગોવાળપણાનો ધંધો કરવો. પોતાનું ગુજરાન ચલાવવા માટે ઉદ્યોગ કર્યા વિના આળસુ થઈ બેસી રહેવું ન જોઇએ. (૬)

---

१ देवपूजा गुरूपास्ति स्वाध्यायो संयमस्तपः।
दानश्चेति गृहस्थानां षट् कर्माणि दिने दिने॥
२ असिर्मसिः कृषिर्विद्या वाणिज्यं शिल्पमेव च।
कर्माणीमानि षोढा स्युः प्रजाजीवन हेतवे ॥७९॥
(श्री आदिपुराण पर्व १६)

વાણિજ્ય વેપાર કરવો. રાજ્ય કરનારાઓએ (૧) આત્મપાલન એટલે પોતાના પ્રાન્તોની રક્ષા કરવી જોઇએ. (૨) મતિપાલન એટલે પોતાની બુદ્ધિને નિર્મળ રાખવી. (૩) કુળપાલન એટલે રાજકુળની રક્ષા કરવી. (૪) પ્રજાપાલન એટલે પોતાની પ્રજાનું પુત્ર સમાન રક્ષણ કરવું, અને દુષ્ટ પુરૂષોને દંડ આપવો.

(૩). દત્તિ=ચાર પ્રકારનું દાન આપવું.

(૪). સ્વાધ્યાય=જ્ઞાન વૃદ્ધિને માટે નિર્દોષ શાસ્ત્રોનું પઠન પાઠન કરવું અથવા ઉપદેશ આપવો.

(૫). સંયમ=પાંચ ઈંદ્રિયો તથા મનને વશમાં રાખવાં.

(૬). તપ=પોતાની શક્તિ પ્રમાણે અનસનાદિક તપ કરવાં. આ ક્રિયાઓને અનુસરતી ગર્ભાધાનાદિક ત્રેપન ક્રિયાઓ મહાપુરાણમાં કહેવામાં આવી છે. તે નિચે મુજબ.

**ગર્ભાધાનાદિક ત્રેપન સંસ્કાર.**

(૧) ગર્ભાધાન ક્રિયા—સ્ત્રીએ ઋતુ પ્રાપ્તિ થયા પછી છઠે દિવસે સ્નાન કરી પતિની સાથે રહીને દેવપૂજા કરવી, અને સંતાન પ્રાપ્તિ સારૂ રાત્રિમાં સહવાસ કરવો (ઋતુકાળ પ્રાપ્ત થયા સિવાય સહવાસ ન કરવો જોઇએ.)

૨. પ્રીતિ ક્રિયા—ગર્ભાધાન થયા પછી ત્રીજે મહીને ગર્ભિણી સ્ત્રીનું ચિત્ત પ્રસન્ન કરવા સારૂ પૂજા ઉત્સવ કરવો, વાજીંત્ર વગડાવવાં ઈત્યાદિ.

૩. સુપ્રીતિ ક્રિયા—ગર્ભને પાંચમે મહીને પણ પૂજા ઉત્સવ કરવો.

૪. ધૃતિ ક્રિયા—સાતમે મહીને ગર્ભવૃદ્ધિને માટે પૂજા ઉત્સવ કરવો.

૫. મોહ ક્રિયા—નવમે મહીને ગર્ભ પુષ્ટિને માટે ગર્ભિણીના શરિર ઉપર મંત્રપૂર્વક બીજાક્ષર લખવા અને રક્ષા બંધન કરવું.

૬. પ્રિયોદ્ભવ ક્રિયા—પ્રસવ થાય તે વખતે પૂજા ઉત્સવ કરવો.

૭. નામ કર્મ—બારમે દિવસે ગુરૂ અને ગૃહસ્થાચાર્યની પૂજા કરીને બાળકનું નામ પાડવું.

૮. બહિર્યાન—બીજે, ત્રીજે અથવા ચોથે મહીને બાળકને જે ઘરમાં પ્રસૂતિ થઈ હોય તે ઘરમાંથી બહાર લાવવું.

૯. નિષધા—બાળકને બિછાનાપર બેસાડવું.

૧૦. અન્નપ્રાશન—સાત આઠ મહીનાનું બાળક થાય ત્યારે અન્નપ્રાશન ( અન્ન ખવડાવવું ) કરાવવું.

૧૧. વ્યુષ્ટિ—એક વર્ષ થયા પછી ઉજાણી કરવી. સગાંવહાલાં તથા ભાઈબંધ, દોસ્તદારને જમાડવાં.

૧૨. કેશવાય—મુંડન કરાવીને શિખા ( ચોટલી ) રાખવી.

૧૩. લિપિ સંખ્યાન સંગ્રહ—પાંચમે વર્ષે ઉપાધ્યાયની પાસે ૐકાર લખવાને બેસાડવો, અથવા ભણાવવાનું શરૂ કરવું.

૧૪. ઉપનીતિ—આઠમે વર્ષે ગુરૂની પાસેથી અણુવ્રત ગ્રહણ કરવાં, જનોઈ ધારણ કરવી, કેડે કંદોરો બાંધવો, અને ચોટલીની ગાંઠ વાળવી.

૧૫. વ્રતચર્યા—પાંચ અણુવ્રત પાળવાં, બ્રહ્મચર્ય પાળીને શ્રાવકના આચાર તથા અન્ય વિદ્યાઓનો અભ્યાસ કરવો.

૧૬. વ્રતાવતરણ—વિદ્યાભ્યાસ પૂરો થયા પછી મુનિ દીક્ષા લેવાનું સામર્થ્ય હોય તો તે લેવી અને શક્તિ ન હોય તો ગૃહસ્થપણું સ્વીકારવું, મદ્ય, માંસ, મધુ, પંચ ઉદંબર અને હિંસા વગેરે પાંચ પાપોનો ત્યાગ કરવો તથા બ્રહ્મચારિનો વેશ બદલીને ગૃહસ્થનો વેશ ધારણ કરવો. અને ૭ પ્રકારની આજીવીકાઓમાંથી જે પસંદ પડે તે ગ્રહણ કરવી.

૧૭. વિવાહ સંસ્કાર—વિવાહ કરવાની ઇચ્છા થાય ત્યારે વડીલની ઇચ્છાને અનુસરીને યોગ્ય કુળની તથા યોગ્ય કન્યા જોઇને અગ્નિની સાક્ષીથી પાણી ગ્રહણ કરવું. ત્યાર પછી બન્ને જણે સાત દિવસ સુધી બ્રહ્મચર્ય પાળવું અને તે પછી તીર્થયાત્રામાં જઇ આવવું. તે પછીથી હાથના કંકણદોરા છોડી ઋતુકાળ પછી સ્ત્રી સહવાસ કરવો. શક્તિવાન પુરૂષોએ ઋતુ સમયે મહીનામાં એક વાર સ્ત્રીસમા-

ગમ કરવો અને અશક્ત પુરૂષોએ તેથી પણ વધારે અંતર રાખવું.

૧૮. વર્ણ લાભ—માતા પિતા જે દ્રવ્ય આપે તે લઇને સ્ત્રી સહિત જુદા રહેવું.

૧૯. કુળચર્યા—(૧) ઇજ્યા, (૨) વાર્તા, (૩) દાન, (૪) તપ, (૫) સ્વાધ્યાય, અને (૬) સંયમ પાળતા રહેવું.

૨૦. ગૃહીશિતા—ગૃહસ્થાચાર્ય થવાની ઇચ્છા રાખી, જ્ઞાન, આચરણ, મંત્ર ઇત્યાદિ બાબતોમાં બીજાના કરતાં શ્રેષ્ઠ થવું.

૨૧. પ્રશાંતિ—પોતાના પુત્રો ઉપર ગૃહ સંસારનો ભાર મુકીને ઘરથી વિરક્ત થવું.

૨૨. ગૃહ ત્યાગ—છોકરાઓ સારી રીતે ગૃહસ્થાચાર ચલાવે એટલે ઘર છોડી જવું.

૨૩. દીક્ષાદ્યક્રિયા—શ્રાવકની અગીયારે પ્રતિમાઓ ધારણ કરવી.

૨૪. જિનરૂપતા—વસ્ત્ર ત્યાગ કરી નિર્ગ્રંથ મુનિની દીક્ષા લેવી.

૨૫. મૌનાધ્યયનવ્રત—શાસ્ત્રનો અભ્યાસ કરતી વખતે મૌન રહેવું અર્થાત્ શાસ્ત્ર ભણવાના વખત સિવાયના વખતમાં બીજા વ્યવહાર સંબંધી વાત કરવી. ગુરૂની પાસે આચારાંગ સૂત્ર વગેરેનો અભ્યાસ કરવો.

૨૬. તીર્થંકર ભાવના—દર્શન વિશુદ્ધિ[૧] આદિ સોળ ભાવનાઓનો અભ્યાસ કરવો.

૨૭. ગુરૂ સ્થાપનાભ્યુપગમ—આચાર્યપદનું કામ કરવું.

૨૮. ગણોપગ્રહણ—ઉપદેશ કરવો, પ્રાયશ્ચિત આપવું.

૨૯. સ્વગુરૂસ્થાન સંક્રાન્તિ—આચાર્યની પદવી સ્વીકારવી.

૩૦. નિઃસંગત્વાત્મભાવના—આચાર્યની પદવી શિષ્યને આપીને પોતે એકલવિહારી થવું.

---

૧. દર્શન વિશુદ્ધિ,—પચ્ચીશ દોષ (શંકા કાંક્ષાદિ આઠ દોષ, આઠ મદ, છ અનાયતન, અને ત્રણ મૂઢતા) રહિત નિર્મળ સમ્યક્ત્વ.

૨. વિનય સંપન્નતા—દર્શન, જ્ઞાન, ચારિત્ર ધારક સાધુનો, તથા દેવ શાસ્ત્ર ગુરૂ ઇત્યાદિનો વિનય કરવો.

૩૧. યોગનિર્વાણ સંપ્રાપ્તિ—મનની એકાગ્રતા કરવાનો ઉદ્યોગ કરવો.
૩૨. યોગનિર્વાણ સાધન—સઘળા પ્રકારનો આહાર છોડી દઇને તથા શરીરપરથી મમતા છોડી દઇને ધ્યાન કરવું.
૩૩. ઇંદ્રોપપાદ—મૃત્યુ પછી ઇંદ્રની પદવી મળવી.
૩૪. ઇંદ્રાભિષેક—ઇંદ્રાભિષેક—ઇંદ્રાશનનો અભિષેક થવો.
૩૫. વિધિદાન—બીજાઓને વિમાન અને ઋદ્ધિ વગેરે આપવાં.
૩૬. સુખોદય—ઇંદ્રપદનું સુખ ભોગવવું.
૩૭. ઇંદ્રપદત્યાગ—ઇંદ્રપદનો ત્યાગ કરવો.
૩૮. ગર્ભાવતાર—તીર્થંકર થવા માટે ગર્ભમાં આવવું.
૩૯. હિરણ્ય ગર્ભ—ગર્ભમાં આવ્યા પછી રત્નની વૃષ્ટિ થવી.
૪૦. મંદરેંદ્રાભિષેક—તિર્થંકર તરીકે જન્મ થવો, અને મેરૂ પર્વત ઉપર અભિષેક થવો.
૪૧. ગુરૂપૂજન—તીર્થંકર પોતેજ ગુરૂ છે, તેથી દેવતાઓવડે પૂજા થવી.
૪૨. યૌવરાજ્ય—યુવરાજનું પદ મળવું.
૪૩. સ્વરાજ્ય—પૃથ્વીનું રાજ્ય કરવું.

---

૩. શીલવ્રતેષ્વ નતીચાર—ક્રોધ ત્યાગાદિ શીલોમાં નિરતિચાર પ્રવૃત્તિ.
૪. અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ—હમેશ તત્ત્વાભ્યાસ કરતા રહેવું.
૫. અભીક્ષ્ણ સંવેગ—સંસારના દુઃખોથી ભયભીત થવું.
૬. શક્તિતઃ ત્યાગ—શક્તિ પ્રમાણે દાન કરવું.
૭. શક્તિતઃ તપ—શક્તિ પ્રમાણે તપ કરવું.
૮. સાધુ સમાધિ—મુનિયોની વિઘ્નમાંથી રક્ષા કરવી.
૯. વૈયાવૃત્ય કરણ—રોગી સાધુ મુનિની સેવા કરવી.
૧૦. અર્હત્ ભક્તિ—અરહંત ભગવાનની ભક્તિ કરવી.
૧૧. આચાર્ય ભક્તિ-આચાર્યની ભક્તિ કરવી.
૧૨. બહુશ્રુત ભક્તિ-ઉપાધ્યાય મહારાજના ગુણોમાં પ્રીતિ રાખવી.
૧૩. પ્રવચન ભક્તિ-શાસ્ત્રના ગુણોમાં અનુરાગ રાખવો.
૧૪. આવશ્યકા પરિહાણિ-સામાયિકાદિ છ આવશ્યક ક્રિયાઓમાં હાનિ ન કરવી.
૧૫. માર્ગ પ્રભાવના-અજ્ઞાનતા દૂર કરી ધર્મની પ્રભાવના વધારવી.
૧૬. પ્રવચન વત્સલત્વમ્-સાધર્મિ જીવો પ્રત્યે વાત્સલ્ય ભાવ રાખવો.

૪૪. ચક્રલાભ—નવનિધિ અને ચૌદ રત્ન મળવાં.
૪૫. દિશાંજય—છખંડપૃથ્વી જીતવાને માટે નિકળવું.
૪૬. ચક્રાભિષેક—ઘેર પાછા આવ્યા પછી ઉત્સવ કરવો.
૪૭. સામ્રાજ્ય—પોતાના આજ્ઞાનુસારી રાજાઓને પ્રજાપાલન કરવાની તાકીદ કરવી.
૪૮. નિષ્ક્રાંતિ—વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે પુત્રોને રાજ્ય સોંપી દીક્ષા લેવી.
૪૯. યોગસંગ્રહ—કેવળજ્ઞાન થવું. અને જ્ઞાન તથા ધ્યાનનો સંયોગ થવો.
૫૦. આર્હંત્ય—આઠ પ્રતિહાર્યાદિ સહિત સમવસરણની રચના થવી.
૫૧. વિહાર—ધર્મનો ઉપદેશ આપવાને માટે તીર્થંકર થઇને વિહાર કરવો.
૫૨. યોગત્યાગ—ત્યારપછી યોગને રોકીને પરિણામોની નિવૃત્તિ કરવી.
૫૩. અગ્રનિવૃત્તિ—નિર્વાણપદ પામવું.

એ પ્રમાણે ગર્ભાધાન વગેરે ત્રેપન ક્રિયાઓ શ્રાવકોના ગુણોને વધારીને મોક્ષ પદ સુધી લઇ જાય છે. એ પ્રમાણે શ્રાવકનો ધર્મ કહેલો છે.

**યતિ કોને કહેવો.** યતિ, સાધુ અથવા મુનિને કહે છે. પોતાનાં આચરણ સુધારતાં સુધારતાં કોઇ પણ શ્રાવક અગીયાર પ્રતિમા સુધી પહોંચ્યા પછી ગુરૂની પાસે જઇને મુનિ દીક્ષા ગ્રહણ કરીને મુનિના અઠ્ઠાવીશ મૂળ ગુણ પાળે તેને સાધુ અથવા મુનિ કહે છે. તે મૂળ ગુણ નિચે મુજબ છે.

**અઠ્ઠાવીશ મૂળ ગુણ.** અહિંસા, સત્ય વિગેરે પાંચ મહાવ્રત, ઇર્યા, ભાષા, એષણા વગેરે પાંચ સમિતિ, સમાયિક, પ્રતિક્રમણ વગેરે છ આવશ્યક ક્રિયા પાંચે ઇન્દ્રિયોના વિષય છોડવા, વસ્ત્ર ત્યાગ, કેશલોચ કરવો, દિનમાં એકવાર ભોજન કરવું, ઉભા ઉભા ભોજન કરવું, હાથમાં ભોજન કરવું, સ્નાન નહિ કરવું, દાતણ નહિ કરવું, આ પ્રમાણે

૨૮ મૂળ ગુણ ધારણ કરનારજ સાધુ કહેવાય છે. સાધુના (મુનિના) ચોરાશી લાખ ઉત્તર ગુણ કહેલા છે, તે મૂળાચાર વગેરે શાસ્ત્રોમાં બતાવેલા છે. ઉત્તર ગુણ ન હોય તો મુનિપણામાં બાધ આવતો નથી. પરંતુ મૂળગુણોમાં કસર પડે તો તે સાધુ (મુનિ) પદને યોગ્ય નથી.

**સાધુના ધર્મ.** સાધુએ ભોજન માટે શ્રાવકને ઘેર જવું જોઈએ. ગૃહસ્થ શ્રાવકના આંગણે જતાંજ તે શ્રાવક તેમને "પધારો મહારાજ" એમ કહીને સંપૂર્ણ આદરસત્કારથી બોલાવે; ત્યાર પછી અંદર જઇને શ્રાવક જે કાંઈ ભોજન આપે તે જમી જઈ બહાર નિકળે. જો તે ગૃહસ્થ આદરપૂર્વક ન બોલાવે તો તે ઘરમાં નહિ જતાં બીજે ઘેર જાય. એ પ્રમાણે પાંચ ઘેર જાય. જો પાંચે ઘરમાંથી કોઈ પણ ન બોલાવે તો આજ ઉપવાસ છે, એમ સમજી પાછા વનમાં ચાલ્યા જાય. ત્યાં ધ્યાન અથવા સ્વાધ્યાયમાં તત્પર રહે. ફરીથી બીજે દિવસે પણ ઉપર પ્રમાણે પાંચ ઘેર જાય. કોઈની પાસે કાંઇ પણ માગે નહિ. ઉનાળામાં પર્વતના શિખર ઉપર, શિયાળામાં નદીને કિનારે અને ચોમાસામાં વૃક્ષની નીચે બેસીને તપશ્ચરણ કરે. આ પ્રમાણે મુનિનો ધર્મ કહેલો છે.

---

## પ્રકરણ ૪ થું.

---

### પાપ અને પુણ્યનું સ્વરૂપ.

**પાપકર્મ.** મિથ્યા શ્રદ્ધા, હિંસા, અસત્ય ભાષણ, ચોરી, વ્યભિચાર અનિયમિત પરિગ્રહ, મોહ, ક્રોધ, ગર્વ, કપટ, લોભ નિંદા, આળશ, પ્રમાદ અભક્ષ્ય ભક્ષણ વગેરે સઘળાં પાપકર્મ કહેલાં છે.

**પુણ્યકર્મ.** દયા, પરોપકાર, સૌજન્ય, દાન, સ્વાર્થ ત્યાગ, બ્રહ્મચર્ય, સદ્દગુણોમાં પ્રીતિ, વાત્સલ્ય, દેવ પૂજા, ગુરૂ ભક્તિ, શાસ્ત્રાભ્યાસ, વિનય, દુઃખીને સહાયતા આપવી, છ પ્રકારની આજીવીકાઓમાંથી જે પોતાને અ-

નુકુળ હોય તે ન્યાયપૂર્વક ગ્રહણ કરી, નિર્વાણ ભૂમિની યાત્રા કરવી વગેરે પુણ્ય કર્મ કહેલાં છે.

**પુણ્યને બદલે મિથ્યાત્વ.**

માત્ર ન્હાવાથી પુણ્ય થતું નથી. ગ્રહસ્થને શરીરની સ્વચ્છતા રાખવા માટે અને તંદુરસ્તિ જાળવવા માટે ન્હાવાની જરૂર છે. પણ કોઇ નદી અથવા સમુદ્રના જળમાં ન્હાવાથી પુણ્ય થાય છે એવું કદાપી સમજવું નહિ. ગ્રહણ, સંક્રાન્તિ આદિ પર્વોનું પણ કાંઇ મહાત્મ્ય અથવા ક્રિયા કહેવામાં આવ્યાં નથી. શ્રાદ્ધપક્ષ, પિંડદાન, ગાયની પૂજા, તુળશી પૂજા, વડ અથવા પિપળાની પૂજા વગેરે કરવાથી પુણ્ય થતું નથી. એવી ક્રિયાઓ મિથ્યાત્વ કહેવાય છે.

## પ્રકરણ ૫ મું.

### કર્મબંધનું સ્વરૂપ.

**સંસાર પરિભ્રમણ શાથી થાય છે?**

આ પુરતકમાં "જૈનધર્મનાં મૂખ્યતત્વ" એ નામના વિષયમાં પાછળ બંધ તત્વના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં કર્મ બંધના સ્વરૂપનું વર્ણન ઘણે ભાગે આવી ગયું છે. અનાદિ કાળથી આત્માને કર્મબંધન થયેલું હોવાથી તે આ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. જે વખતે કર્મબંધનો નાશ સંપૂર્ણ પણે થાય છે; તે વખતે આત્મા મૂક્ત થાય છે.

**કર્મબંધ કેવી રીતે થાય છે.**

દેખવું, જાણવું એ આત્માના પોતાના ગુણ છે અને એ ગુણો વડે જે જે પદાર્થોને આત્મા દેખે છે અથવા જાણે છે, તે તે પદાર્થો ઉપર પૂર્વ કર્મના ઉદયના કારણને લઇને, રાગ, અથવા દ્વેષ કરવા માંડે છે. એ રાગદ્વેષનું પરિણામ તેજ કર્મબંધ છે.

## પ્રકરણ ૬ ઠું.

### મોક્ષનું સ્વરૂપ અને તેનો ઉપાય.

**મોક્ષ શું છે?**

સઘળાં કર્મથી આત્માનો છુટકારો થવો તે મોક્ષ છે, એમ અગાઉ કહેલું છે. આત્મા કર્મ બંધમાં પડેલી સ્થિતિમાંથી જેમ જેમ છુટતો જાય છે, તેમ તેમ આત્માની અવસ્થા બદલાતી જાય છે. અને એ અવસ્થા બદલાવાના દરેક વિભાગને ગુણસ્થાન નામ આપેલું છે, અને તેના નિચે મુજબ ચૌદ ભાગ કરેલા છે.

**ચૌદ ગુણસ્થાન.**

૧ પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન—આ ગુણસ્થાનમાં રહેલો જીવ સઘળાં કર્મ બંધનોથી પુરેપુરો વિટાએલો હોય છે તે પોતાનું ખરૂં હિત શું છે, તે જાણતો નથી. કોઇક કારણથી તેને પોતાનું હિત માલુમ પડવાથી તે ઉપર શ્રદ્ધા બેસે છે. અને ત્યારે તે ત્રીજું અથવા ચોથું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે. ચોથા ગુણસ્થાનમાં એ શ્રદ્ધા નિર્મળ થઇ જાય છે. તેથી તેને સમ્યક્ત ગુણસ્થાન કહે છે.

૨. સાસાદન ગુણસ્થાન—ત્રીજા અને ચોથા ગુણસ્થાનથી ભ્રષ્ટ થઈને કદી કદી એ જીવ પહેલા ગુણસ્થાનમાં ચાલ્યો જાય છે. તેથી કરીને જ્યાં સુધી આત્મા પહેલા ગુણસ્થાનમાં ન પહોચે, ત્યાં સુધી તેને સાસાદન નામનું બીજું ગુણસ્થાન કહે છે.

૩. મિશ્ર ગુણસ્થાન—ત્રીજા ગુણસ્થાનમાં શ્રદ્ધા મેલી અને મિથ્યાત્વથી ભરેલી હોય છે. અને તેથી તેનું નામ મિશ્રગુણસ્થાન રાખેલું છે.

૪. સમ્યક્ત્વ ગુણસ્થાન—આ ગુણસ્થાન સુધી માત્ર યથાર્થ શ્રદ્ધા હોય તે પણ બસ છે. આચરણ ગમે તેવું હોય તેની હરકત નથી.

૫. સંયતાસંયત ગુણસ્થાન—આ ગુણસ્થાનમાં શ્રાવકને અહિંસા, સત્ય, અચૌર્ય, વગેરે અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત, આદિ અગીયાર પ્રતિમાઓનું આચરણ ધારણ થાય છે. કદાચ માત્ર એક

અણુવ્રત હોય છે; તોપણ તેને પાંચમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. અને સઘળી અગીયારે પ્રતિમાઓનું વ્રત પાળનારને પણ પાંચમું ગુણસ્થાન રહે છે.

૬. પ્રમત્ત સંયુક્ત ગુણસ્થાન—મુનિઓને પાળવાનાં મહાવ્રત પાળવા માંડે એટલે આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. પણ આ ઠેકાણે પ્રમાદનો દોષ લાગ્યા કરે છે, અને તેથી આ ગુણસ્થાનનું નામ ઉપર પ્રમાણે પડેલું છે.

૭. અપ્રમત્ત ગુણસ્થાન—ઉપરના ગુણસ્થાનમાં જણાવેલો પ્રમાદ આ ગુણસ્થાનમાં નાશ પામે છે. અને તેથી આ ગુણસ્થાનનું નામ છઠ્ઠા ગુણસ્થાનના નામથી ઉલટું એટલે અપ્રમત્ત ગુણસ્થાન એવું પડેલું છે.

૮. અપૂર્વકરણ ગુણસ્થાન—આ ગુણસ્થાનમાં યોગનાં સાધનોથી ધ્યાનની એકાગ્રતા વધતી જાય છે અને કર્મબંધનોનો ઉતાવળે નાશ થતો જાય છે. અને તેથી આ ગુણસ્થાનના જેવી ચિત્તવૃત્તિ પહેલાં કદાપી હોતી નથી, અને તે ઉપરથી આ ગુણસ્થાનનું નામ અપૂર્વકરણ ગુણસ્થાન પડેલું છે.

૯. અનિવૃત્તિકરણ ગુણસ્થાન—આ ગુણસ્થાનમાં પરિણામોમાં કોઇ વિશેષ ફેરફાર થતો નથી.

૧૦. સુક્ષ્મ સાંપરાય ગુણસ્થાન—આ ગુણસ્થાનમાં સઘળા કષાય સુક્ષ્મ થઇ જાય છે.

૧૧. ઉપશાંત મોહ ગુણસ્થાન—આ ગુણસ્થાનમાં કષાયોનો ઉપશમ થાય છે. અને આ ગુણસ્થાનમાંથી ખસીને છઠ્ઠા અથવા સાતમા ગુણસ્થાનમાં જવાનો સંભવ છે.

૧૨. ક્ષીણ મોહ ગુણસ્થાન—આ ગુણસ્થાનમાં મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય. એ ચારે ઘાતિયા કર્મોનો સંપૂર્ણપણે નાશ કરી શકાય છે. એમાં શુકલ ધ્યાનના ચાર ભાગમાંથી પહેલો ભાગ પૃથકત્વવિતર્ક વિચાર અને બીજો ભાગ એકત્વવિતર્ક વિચાર એ બે ધ્યાન થાય છે. પહેલા ધ્યાનમાં મન, વચન, અને

કાયા એ ત્રણે યોગ થાય છે. અને બીજા ભાગમાં ત્રણમાંથી કાઇ પણ એક થાય છે.

૧૩. સયોગ કેવલી ગુણસ્થાન—ઉપરના ગુણસ્થાનના એકાગ્ર ધ્યાનના બળથી આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આમાં આત્માની અંદર અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અને અનંતવીર્ય પ્રગટ થઈ જાય છે. અને તેથી કેવળજ્ઞાન થતાંની સાથેજ સ્વર્ગમાંથી કુબેર વગેરે ઇંદ્રો આવીને સમવસરણની રચના કરે છે. અને તેમાં બાર સભાઓ એકત્ર થાય છે. કેવલી ભગવાન ધર્મોપદેશ આપે છે. એ વખતે અર્હત્, પરમેશ્વર, ભગવાન, સર્વજ્ઞ, પ્રભુ, ઇત્યાદિ નામોથી ઇંદ્ર, ધરણીંદ્ર, ચક્રવર્તિ આદિ સર્વ લોક એમની પૂજા કરે છે અને સ્તુતિ કરે છે, તે પછી કેવલી ભગવાન તે ઠેકાણેથી બીજી જુદી જુદી જગ્યાઓએ ધર્મોપદેશ કરવાને માટે વિહાર કરે છે. એ પ્રમાણે આયુપર્યંત ધર્મોપદેશ આપતાં આપતાં આયુ સંપૂર્ણ થવા આવેલું જાણીને, શુકલધ્યાનના ત્રીજો ભેદ સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાત નામનું ધ્યાન ધારણ કરે છે. અને તેના પ્રભાવથી આત્માના પ્રદેશ સમસ્ત ત્રણે લોકમાં ફેલાઇને ફરીથી સંકોચાઈ જઇ શરીરમાં પ્રવેશ કરે છે.

આ ઠેકાણે માત્ર કાય યોગજ રહે છે. પછી વ્યુપરતિક્રિયા નિવૃત્તિ નામનું ચોથું ધ્યાન કરે છે.

૧૪. અયોગ કેવલી ગુણસ્થાન—આ ગુણસ્થાનમાં કાઇ પણ પ્રકારના યોગ રહેતા નથી અને તેથીજ આ ગુણસ્થાનનું નામ ઉપર પ્રમાણે કહેલું છે. આ ગુણસ્થાનમાં આત્માની એકાગ્રતા થાય છે. અને દેહ વિસર્જન થઇ જાય છે. કપુરની પેઠે જ્યાં હોય છે ત્યાં ગળીને ઉડી જાય છે. આ અવસ્થાનેજ નિર્વાણ અથવા મોક્ષ કહે છે.

એ પ્રમાણે આત્મા નિકળીને ત્રણે લોકના અગ્રભાગમાં જે "સિદ્ધ શિલા" નામની જગ્યા છે ત્યાં જાય છે. પછીથી ત્યાંથી કાઇ વખતે પણ પાછા આવવું પડતું નથી. અને તેજ ઉપર કહેલો મોક્ષ છે, એ ઠેકાણે અનંત જીવો અનાદિ કાળથી છે. અને તેઓ

**સિદ્ધ ભગવાનના આઠ ગુણ.**

અનંત કાળ પર્યંત એ પ્રમાણે રહેશે. એ સિદ્ધોની આઠ ગુણ કહેલા છે. (૧) સમ્યક્ત્વ, (૨) અનંત જ્ઞાન, (૩) અનંત દર્શન, (૪) અનંત વીર્ય, (૫) સૂક્ષ્મત્વ, (૬) અવગાહનત્વ, (૭) અગુરૂ લઘુતા, (૮) અવ્યાબાધતા, એ પ્રમાણે મોક્ષનું સ્વરૂપ છે.

**મોક્ષ મેળવવાનો ઉપાય.**

મોક્ષ મેળવવાનો ઉપાય સમ્યગ્ દર્શન, સમ્યક્ જ્ઞાન, અને સમ્યક્ ચારિત્ર, એ રત્નત્રય છે. અને તેનું વર્ણન આગળ કહેલું છે. જે ચૌદ ગુણસ્થાન કહેવામાં આવ્યાં છે, તે અનુક્રમે એક પછી એક ચઢીને મોક્ષપદ મેળવવું જોઇએ.

## પ્રકરણ ૭ મું.

### મૂર્તિપૂજા.

**મૂર્તિ બનાવવાનો આશય.**

જે જે મહાત્માઓએ સંસારથી વિરક્ત થઇને ઉંચામાં ઉંચું વૈરાગ્યપદ ધારણ કર્યું છે, અને એકાગ્ર ધ્યાનના પ્રભાવથી ગુણસ્થાનોપર અનુક્રમે ચઢતાં ચઢતાં કર્મ બંધનોનો નાશ કરીને સર્વજ્ઞ પરમેશ્વરપદ પ્રાપ્ત કર્યું છે, તેમની ધ્યાનમય પ્રતિમાનું આપણને દર્શન થાય અને તે વડે તેમના સદ્‌ગુણોની સ્મૃતિ આપણને થાય એ હેતુથીજ મૂર્તિ અથવા ચિત્ર બનાવવામાં આવે છે. આજકાલ જેવી રીતે મોટા પુરૂષોના ગુણોનું સ્મરણ રાખવા માટે તેમના ફોટોગ્રાફો (છબીઓ) આપણા ઘરમાં, પાઠશાળામાં અને સભાઓમાં તથા પ્રસિદ્ધ જગ્યાઓમાં રાખવામાં આવે છે. અને બાગ જેવાં પ્રસિદ્ધ સ્થળોમાં મૂર્તિ બનાવીને બેસાડવામાં આવે છે. તેજ હેતુપૂર્વક મૂર્તિઓનું સ્થાપન કરી પૂજા કરવામાં આવે છે. મૂર્તિની પૂજા કરતી વખત પથ્થર અથવા ધાતુની સ્તુતિ કોઈ કરતું નથી. પણ તે મૂર્તિ

જે મહાત્માની હોય છે, તેનાજ ગુણોની પૂજા અને સ્તુતિ કરવામાં આવે છે, અને મૂર્તિના સ્વરૂપને જોઇને, ધ્યાન કરવા યોગ્ય આકૃતિ કેવી હોવી જોઇએ તેની શિક્ષા લેવામાં આવે છે.

**મૂર્તિ સ્થાપનાના પ્રકાર.** મૂર્તિ ઉભી હોય છે અથવા બેઠી હોય છે. ઉભી મૂર્તિને કાયોત્સર્ગ કહે છે. અને બેઠી મૂર્તિને પદ્માસન કહે છે. બેઉ પ્રકારની મૂર્તિઓમાં ધ્યાનની મુદ્રા જોવામાં

**કાયોત્સર્ગ પ્રતિમા.** આવે છે. ઉભી મૂર્તિના બે પગ નજીક ને સિદ્ધા, બેઉ હાથ લાંબા છુટા, અને બેઉ આંખોની દૃષ્ટિ અર્ધિ મિચાયેલી, નાકના અગ્ર ભાગ ઉપર હોય છે. બેઠી

**પદ્માશન મૂર્તિ.** મૂર્તિને બે પગની એક બીજા સાથે પલાંઠી વાળી બેઉ હાથના પંજા પલાંઠીના મધ્ય ભાગમાં એક ઉપર એક મુકેલા હોય છે. બેઉ આંખો અર્ધી મિચેલી નાકના અગ્ર-ભાગ ઉપર દૃષ્ટિ સ્થિર કરેલી રાખવામાં આવે છે. આખી પ્રતિમા વસ્ત્ર અલંકારથી રહીત હોય છે. મૂર્તિની પાસે સ્ત્રી અથવા શસ્ત્ર વગેરે કાંઈ હથીઆર હોતાં નથી, પૂર્ણ વિતરાગસ્વરૂપ તથા એકાગ્ર ધ્યાનમુદ્રા જેવી હોવી જોઇએ તેવી (દિગમ્બરી) પ્રતિમા હોય છે. યોગાભ્યાસની ઉત્કૃષ્ટ મુદ્રા જેવી શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહી છે તેવી પૂરેપૂરી જૈનમૂર્તિ દેખાય છે.

**भगवद्गीता अध्याय ६.**

**યોગનો અભ્યાસ કરનારની પ્રતિમા કેવી હોય છે? તેને માટે ભગવદ્ગીતાનો અભિપ્રાય.**

**समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः॥**
**सम्प्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन्॥१३॥**
**प्रशान्तात्मा विगत भीर्ब्रह्मचारि व्रते स्थितः॥**
**मनः संयम्य मच्चितोयुक्त आसीत मत्परः ॥१४॥**
**युञ्जन्नेवं सदात्मानं योगीनियत मानसः॥**
**शान्तिं निर्वाणपरमां मत्संस्था मधिगच्छति ॥१५॥**

અર્થ—શરિર, મસ્તક, અને ગરદન સિદ્ધી રાખી, નિશ્ચલ થઈ, આજુબાજુ ન જોતાં સ્થિર મનથી નાસિકાના અગ્રભાગ ઉપર સારી રીતે દૃષ્ટિ રાખી, અંતઃકરણને અતિશય નિર્મળ બનાવી,

નિર્ભય થઈ, બ્રહ્મચર્ય યુક્ત રહીને મનનો સંયમ કરે, અને મા'રા (પ્રભુ) ઉપર ચિત્ત લગાવી, હુંજ સર્વસ્વ છું, એવું સમજે અને યોગ રૂપ થઈને રહે. એ પ્રમાણે મનનો નિરોધ કરીને જે સર્વદા મનની સમાધિ કરે છે. તે યોગી મા'રી સહાયતા મેળવીને નિર્વાણ અને શાંતિ પામે છે.

**નિર્વાણ પ્રાપ્તિ કો'ને થાય છે?**

**તેને માટે ભગવદ્ગીતાનો ઉલ્લેખ.**

**भगवद्गीता अध्याय ५**

**काम क्रोध वियुक्तानां यतीनां यतचेतसाम् ॥**
**अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥ २६ ॥**
**स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षु श्चैवान्तरे भ्रुवोः ॥**
**प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तर चारिणौ ॥ २७ ॥**
**यतेन्द्रियमनो बुद्धिर्मुनिर्मोक्ष परायणः ॥**
**विगतेच्छाभय क्रोधो यः सदा मुक्त एव सः ॥ २८ ॥**

અર્થઃ—જે કામ ક્રોધાદિ કષાયોથી રહીત થાય છે, જેની કર્મ ઉપરથી આસક્તિ છુટી જાય છે, જેણે ચિત્તનો સંયમ કરેલો હોય છે, અને જે આત્મ તત્વને સમજી શકે છે; તેને સર્વ પ્રકારથી બ્રહ્મ અથવા નિર્વાણની પ્રાપ્તિ થાય છે. બાહ્ય વિષયોનો સ્પર્શ દૂર કરીને, ભવાંના મધ્ય ભાગમાં દૃષ્ટિ સ્થિત કરી પ્રાણ તથા અપાન વાયુને નાસિકાની અંદર બરાબર ચલાવી જે મુનિઓ ઈંદ્રીઓ, મન અને બુદ્ધિને સારી રીતે પોતાના વશમાં રાખે છે અને જેનાં ઇચ્છા, ભય અને ક્રોધ નાશ પામ્યાં છે; વળી જેણે મોક્ષજ સર્વ પદાર્થથી શ્રેષ્ટ માન્યો છે, તે હમેશાં મુક્ત છે.

**મોક્ષ સાધન પરત્વે વેદાંત તથા જૈન મતનું સામ્ય.**

મોક્ષનું મૂખ્ય સાધન યોગાભ્યાસ તથા ધ્યાન ભગવદ્ગીતામાં કહ્યાં છે. તેજ પ્રમાણે જૈન ધર્મના ગ્રંથોમાં પણ ધ્યાનનું સ્વરૂપ ઘણું મોટું બતાવ્યું છે. શુકલ ધ્યાન વિના કેવળજ્ઞાન તેમજ મોક્ષ કદી પણ થઇ શકતાં નથી, એવો મુખ્ય સિદ્ધાંત છે. એ શુકલ ધ્યાન કેવી રીતે કરી શકાય છે, તથા કોણે કોણે

**મૂર્તિ સ્થાપન કરવાનો સત્ય હેતુ.** કેવી રીતે કર્યું છે. તેની પ્રત્યક્ષ ઓળખ કરાવવાને માટે મૂર્તિની સ્થાપના અને પૂજા કરવામાં આવે છે.

**મૂર્તિ પૂજા વિધિ.** મૂર્તિ પૂજા આઠ પ્રકારના દ્રવ્યોથી શ્રાવક લોક કરે છે. શ્રાવકો નિચે મુજબ આઠ દ્રવ્યોથી પૂજા કરે છે.

૧ પાણી વડે મૂર્તિને સ્નાન કરાવે છે.

૨ મૂર્તિના અગ્રભાગમાં કેશર અથવા ચંદન ચઢાવે છે.

૩ મૂર્તિની આગળ ચોખા ચઢાવે છે.

૪ ફુલ ચઢાવે છે.

૫ નૈવેદ્ય મૂકે છે.

૬ દિવો સળગાવીને મૂકે છે.

૭ મૂર્તિની આગળ ધુપ સળગાવે છે.

૮ મૂર્તિની આગળ ફળ ચઢાવે છે.

**પૂજન નિમિત્ત આહુતિ ક્રિયા.** એ પ્રમાણે આઠે દ્રવ્યો જુદા જુદા મંત્રો ભણીને જુદાં જુદાં ચઢાવે છે. તેમજ આઠે દ્રવ્યોને એકઠાં કરીને અર્ધ્ય પણ ચઢાવે છે. પૂજાના સ્થાન ઉપર આહવનીય, ગાર્હપત્ય, અને દક્ષિણાગ્નિ એ પ્રમાણે ત્રણ પ્રકારના અગ્નિ જુદા જુદા કુંડમાં સળગાવીને તેમાં આહુતિ આપવાની આજ્ઞા છે.

**પૂજાના પ્રકાર.** પૂજામાં અર્હત્ પૂજા, સિદ્ધ પૂજા, ગુરૂ પૂજા, સરસ્વતિ પૂજા, પ્રત્યેક તીર્થંકરની પૂજા, નિર્વાણ ભૂમિની પૂજા, દશ લક્ષણીની પૂજા, ષોડશકારણ પૂજા, ઈત્યાદિ ઘણા ભેદ છે. એ સઘળી

**પૂજામાં વપરાયેલા દ્રવ્યોનો નિરૂપયોગ.** પૂજાઓમાં સદ્‌ગુણોનું વર્ણન અને સ્તુતિ કરેલા હોય છે. પૂજાની અંદર ચઢાવેલા પદાર્થો નિર્માલ્ય ગણાય છે. તેથી કોઈ શ્રાવક તેને ખાતા નથી તેમજ કામમાં લેતા નથી; કેમકે નિર્માલ્ય ખાવામાં મોટો દોષ કહ્યો છે.

## પ્રકરણ ૮ મું.

### જૈન ધર્મનાં મુખ્ય તત્વોનું બીજા ધર્મો સાથે મળતાપણું.

**જૈન સિદ્ધાંત.**

જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત આત્માનું અમરત્વ માનવું, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને પરિગ્રહત્યાગ, એ પાંચ વ્રતો પાળવાં, માંસ ભક્ષણ, અને મદ્યપાન ( દારૂ પીવો ) ત્યાગ કરવાં, સુખ દુઃખ ભોગવવાનાં અને છેવટે મોક્ષનું સાશ્વત સુખ જે જન્મ તથા મરણ રહિત છે તે બધું પોતાના કર્મને અનુસાર મળે છે એમ માનવું.

**આત્માના અમરપણાના સંબંધમાં જૈન સિદ્ધાંતોનું અન્યધર્મોના સિદ્ધાંતો સાથે મળતાપણું.**

આ મુખ્ય સિદ્ધાંતો અન્યધર્મોના સિદ્ધાંતો સાથે ઘણે ભાગે મળતા છે. હિંદુ, પારસી, મુસલમાન, ખ્રિસ્તિ અને બૌધ એ સઘળા, આત્માનું અમરત્વ કબુલ કરે છે. જૈન લોક પૂનર્જન્મ માને છે. તેવીજ રીતે હિંદુ અને બૌધો પણ માને છે. પારસી, મુસલમાન અને ખ્રિસ્તિ પૂનર્જન્મ માનતા નથી; તોપણ તેઓ એમ માને છે કે મરણ પછી આત્મા જીવતો રહે છે અને તે પરમેશ્વરની પાસે જાય છે. ત્યાં પણ તે પોતે કરેલાં કર્મ અનુસાર સુખ દુઃખ ભોગવે છે એમ ( તે લોકો ) કહે છે. વસ્તુતઃ સઘળા મતવાળાઓએ આત્માનું અમરત્વ કબુલ કર્યું છે. અહિંસા, સત્ય, અચૌર્ય ઇત્યાદી વ્રતોના સંબંધી શ્રીમદ્ ભગવદ્ ગીતામાં લખ્યું છે કેઃ-

**અહિંસાદિ પાંચ અણુવ્રતનું અન્ય ધર્મના અભિપ્રાયો સાથે સામ્ય.**

**अहिंसा लक्षणो धर्मोह्य धर्मः प्राणिनां वधः ॥**
**तस्माद्धर्मार्थिभिर्लोकैः कर्तव्या प्राणिनांदया ॥१॥**
**अहिंसा सत्य मस्तेयं तथा मैथुन वर्जनम् ॥**
**चतुर्ष्वेतेषुसूक्तेषु सर्वे धर्माः प्रकीर्तिताः ॥२॥**

અર્થઃ—જેમાં અહિંસા માનેલી છે તેજ ધર્મ; અને જેમાં પ્રાણીનો વધ કરવાનું કહ્યું છે તેજ અધર્મ છે. તે માટે ધર્માર્થિ

પુરૂષોએ જીવો ઉપર દયા કરવી જોઇએ. અહિંસા, સત્ય, અચૌર્ય, અને બ્રહ્મચર્ય, એ ચાર શબ્દમાં સર્વ ધર્મ સમાઇ જાય છે.

**મહાભારતમાં મદ્ય, માંસ, તથા રાત્રિભોજનનો નિષેધ.**

શ્રુતિમાં પણ **अहिंसा परमोधर्मः ।** એ સૂત્ર કહેલું છે. મદ્ય, માંસ વગેરે અભક્ષ્ય પદાર્થોના સંબંધમાં મહાભારતમાં નિચે મુજબ કહેવામાં આવ્યું છેઃ—

**मद्यमांसाशनं रात्रौभोजनं कंद भक्षणम् ॥**
**येकुर्वन्ति वृथाः तेषां तीर्थयात्रा जपस्तपः ॥ १ ॥**

મદ્ય, માંસ, રાત્રિભોજન, અને કંદ ભક્ષણ જે કરે છે તેમની તીર્થયાત્રા, જપ, તપ, એ સર્વ ક્રિયાઓ નકામી છે.

**ભાગવતમાં કંદમૂળ તથા મદ્ય માંસાદનો નિષેધ.**

શ્રીમદ્ ભાગવતમાં નિચે મુજબ અન્ય સ્થળે પણ કહ્યું છેઃ—

**मद्यमांस मधुत्यागी त्यक्तोदुम्बर पंचकः ॥**
**निशाहार परित्यक्त एतत् ब्राह्मण लक्षणम् ॥ १ ॥**

મદ્ય, માંસ, મધ, અને પાંચ ઉદ્દુંબર ફળનો જેણે ત્યાગ કર્યો છે અને જેણે રાત્રિ ભોજનનો પણ ત્યાગ કર્યો છે તેજ ખરો બ્રાહ્મણ છે. શિવધર્મમાં પણ કહ્યું છેઃ—

**મદ્ય માંસ, મધ અને માંખણનો શીવ ધર્મમાં નિષેધ.**

**मद्ये, मांसे मधुनिच नवनीते बहिर्गते ॥**
**उत्पद्यन्ते विपद्यन्ते असंख्याताश्चजंतवः ॥१॥**

અર્થઃ—મદ્ય, માંસ, મધ અને બહાર કાઢેલા માખણમાં અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે અને મરે છે. આ પ્રમાણે હિંદુધર્મના ગ્રંથોનું પ્રમાણ છે.

પારસી, મુસલમાન, અને ખ્રિસ્તિઓના પુસ્તકોમાં પણ અહિંસા, માંસાહાર, અને મદ્યપાન વગેરે ત્યાગ કરવા સંબંધી લખાણ મળી આવે છે. ફારસી ધર્મ પુસ્તક "શાહનામા"નો કર્તા ફીરદોશી લખે છે કેઃ—

**ફારસી કવિ ફીરદોશીનો માંસાહાર સંબંધી ઉલ્લેખ.**

**नीस्तझन्द खुरोने जानवरजु ॥**

**चनीन अस्तदीने झरदुस्तनेकु ॥ १ ॥**

અર્થઃ—મહમદ પેગમ્બરનાં જમાઇઅલી માંસ ખાવાની મનાઇ કરતા હતા. અકબર બાદશાહ પણ શુક્રવાર, રવિવાર, ગ્રહણને દિવસે આખા ફરવરદીન માસમાં બીલકુલ માંસ ખાતો નહોતો. ખુદ મહમદ પેગમ્બરે એવો સખ્ત હુકમ કર્યો હતો કે મક્કા શહેરમાં કયાબ (          ) ની આગળ કોઇ પણ પ્રાણીનો ઘાત કરવો નહિ. હાલમાં પણ દરેક મુસલમાન જે શાલેક શાયતમાં થઇને તહિકતમાં જાય છે તે માંસ ખાવાનું છોડી દે છે. મદ્યપાન, તથા વ્યભિચાર કરવાની મુસલમાન લોકોના ધર્મમાં સખ્ત મનાઇ છે. સાચું બોલવું અને ચોરી કરવી નહિ એવી કુરાનની આજ્ઞા છે. ખ્રિસ્તિ ધર્મમાં દશ આજ્ઞાઓ કરેલી છે.

**મહમદ પેગમ્બરે કરેલો માંસાહારનો નિષેધ.**

**મદ્યપાન અને વ્યભિચારની મુસલમાન ધર્મમાં મનાઇ.**

**ખ્રિસ્તિ ધર્મની દશ આજ્ઞાઓ.**

(૧) કોઇ પણ પ્રાણીનો વધ ન કરો. (૨) જુઠું ન બોલો. (૩) ચોરી ન કરો. (૪) વ્યભિચાર ન કરો. (૫) પાડોશી તથા મિત્રની વસ્તુ માટે લાલચ ન રાખો. (૬) દારૂ ન પીઓ. ઇત્યાદિ. આ સઘળી આજ્ઞાઓ જૈનધર્મને મળતી આવે છેઃ—

**માંસાહાર નિષેધ માટે બાઇબલની આજ્ઞા.**

"Behold, I have given you every herb bearing seed, which is upon the face of all the earth, and every tree in which is the fruit of a tree yielding seed; to you it shall be meat."

(*Genesis Chapt. 1, 29.*)

જુવો, પૃથ્વી ઉપરનાં સર્વે ધાન્ય ઉત્પન્ન કરનાર બીયાં અને ફળ ઉત્પન્ન કરનાર દરેક ઝાડ જે મેં તમને આપ્યાં છે તે ધાન્ય તથા ફળ તમારા માંસને બદલે છે.

While the flesh was yet between their teeth, ere it was chewed the wrath of the Lord was kindled against the people, and the Lord smote the people with a very great plague. "

*(See verse 33 and also verses 19 & 20.)*

અર્થઃ—માંસ દાંતમાં ઘાલીને ચાવતા હતા એટલામાં તો પરમેશ્વરનો કોપ તે લોકો ઉપર બળી ઉઠયો, **અને** પરમેશ્વરે **એક** ભારી ભયંકર રોગ લાવીને તેમને સજા કરી.

(નં. ૧૧-૧૯-૨૦ ઓબી ૩૩ ધી.)

**માંસાહાર ત્યાગ માટે જનરલ બૂથનો નિશ્ચય ધર્મ અને ઉપદેશ.**

આ પ્રમાણે માંસ ભક્ષણ ત્યાગ કરવાનું પ્રમાણ ખ્રિસ્તિ ધર્મનાં શાસ્ત્રોમાં છે. મુક્તિફોજના અધ્યક્ષ જનરલ બૂથે પણ માંસાહાર ત્યાગ કર્યો છે. "માંસાહાર ન કરો" એવો ઉપદેશ તે પોતાના શિષ્યોને આપે છે. યુરોપ તથા અમેરિકા ખંડમાં માંસાહાર પ્રતિબંધ કરનારાં મંડળો સ્થળે સ્થળે સ્થાપવામાં આવે છે. તે સભાઓ આરોગ્ય રાખવાના આશયથી માંસાહાર ન કરવાનો ઉપદેશ આપતી રહે છે.

આ ઉપરથી માંસાહાર ત્યાગ કરવાના અને ખાવાપીવામાં નિયમ રાખવાના વિષયમાં જૈન ધર્મને મળતા અનેક અભિપ્રાયો અથવા પ્રમાણો બીજા ધર્મોમાંથી મળે છે.

**શંકરાચાર્યે જૈન ધર્મને નાસ્તિક ઠેરવવામાં કરેલી ભૂલ.**

શંકરાચાર્યે જૈન ધર્મને નાસ્તિક કહ્યો છે તેમાં એમની ભૂલ છે. "શાંકર ભાષ્ય" માં **નૈકસ્મિન્ન સંભવાત્** " આ સૂત્રનું ભાષ્ય (ટીકા) લખતી વખતે જૈન મત સંબંધી અનેકાન્ત સ્યાદ્વાદનું ખંડન કર્યું છે. 'સ્યાદ્વાદ શું'? એ શંકરાચાર્યની સમજમાં સારી રીતે નહિ આવવાથી તથા પોતાના

મત સંબંધી પક્ષપાત તેમજ અભિમાન હોવાના કારણથી એમ કર્યું હશે એવું અનુમાન સ્હેજ થઇ શકે છે. અનેકાન્ત એટલે-

**અનેકાન્ત સ્યાદ્વાદ એટલે શું ?**

એકજ વસ્તુમાં અનેક ધર્મોનું હોવું. જેવી રીતે એકજ માણસ કોઈનો બાપ, કોઈનો કાકો, કોઇનો મામો, કોઇનો સસરો, કોઇનો જમાઇ, એ પ્રમાણે જુદા જુદા સંબંધથી બોલાવાય છે. એ બધાં ( નામ ) એ જુદી જુદી અપેક્ષાથી કહેવાય છે. પુત્રની અપેક્ષાથી પિતા, ભત્રિજાની અપેક્ષાએ કાકા, ભાણેજની અપેક્ષાથી મામા, જમાઈની અપેક્ષાએ સસરો અને સસરાની અપેક્ષાથી જમાઇ એ પ્રમાણે એકજ પુરૂષને અનેક નામોથી બોલાવાય છે. તેમજ એકજ માણસને ચતુર તથા મૂર્ખ કહેવાય છે. એનાથી વધારે ચતુર માણસની અપેક્ષાથી જોતાં તે મૂર્ખ સમજાય છે. અને એનાથી વધારે મૂર્ખની અપેક્ષાથી જોતાં તે ચતુર માલુમ પડે છે.

**શંકરાચાર્યે પોતે કરેલું સ્યાદ્વાદનું અવલંબન.**

સ્વચતુષ્ટયની અપેક્ષાએ એકજ વસ્તુ કોઇક 'સત્' માલુમ પડે છે; અને તેજપર ચતુષ્ટયની અપેક્ષાથી કાંઇક અસત્ માલુમ પડે છે. કોઇ પણ વસ્તુ સર્વથા 'સત્' પણ નથી અને 'અસત્' પણ નથી. આ દોષ દૂર કરતી વખતે શંકરાચાર્યે પણ '**परमार्थतः**' '**व्यवहारतः**' એટલે પરમાર્થ દૃષ્ટિથી તો આ પ્રમાણે છે અને વ્યવહાર દૃષ્ટિથી આ પ્રમાણે છે એવું કહ્યું છે. દાખલા તરિકે ભગવદ્ગીતામાં કોઇ કોઇ જગ્યાએ એવી રીતે ઉત્પન્ન થતા દોષોને દૂર કર્યા છે:—

**ભગવદ્ગીતામાં ઈશ્વરના જગકર્તૃત્વ વિષે ભિન્ન ભિન્ન અભિપ્રાયો.**

**न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ॥**
**न कर्मफल संयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १ ॥**
**नादत्ते कस्यचित्पापं न कस्य सुकृतंविभुः ॥**
**अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यान्ति जन्तवः ॥ २ ॥**

**અર્થ:**—પરમેશ્વર જગતનું કર્તૃત્વ, ( કર્તાપણું ) અથવા કર્મને ઉત્પન્ન કરનાર નથી. એ પ્રમાણે કર્મોના ફળની યોજના પણ કરતો

નથી. સ્વાભાવિકરીતે સઘળું બને છે. પરમેશ્વર કોઈનું પાપ ગ્રહણ કરતા નથી અથવા કોઈનું પુણ્ય પણ ગ્રહણ કરતા નથી. અજ્ઞાનતારૂપી પડદાથી જ્ઞાન ઢંકાઈ જવાથી પ્રાણી માત્ર મોહ વશ થાય છે. આ અભિપ્રાયનું વિરોધ કરનારો નીચેનો શ્લોક ગીતામાં છે:—

**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।**
**भ्रामयन् सर्वभूतानि यन्त्रा रुढानि मायया ॥ १ ॥**

અર્થ:—હે અર્જુન, પરમેશ્વર સઘળા જીવોના હૃદય દેશમાં રહે છે. તે પોતાની અદ્ભુત કરણીથી સઘળા જીવોને સૂત્રયંત્રમાં નાખીને નચાવે છે.

**ભગવદ્ગીતાના બે શ્લોકોમાં માલુમ પડતો ખુલ્લો વિરોધ.**

આ પ્રમાણે ઉપર કહેલા બન્ને શ્લોકોમાં અને આ શ્લોકોના અભિપ્રાયમાં ઘણો વિરોધ છે. એક જગ્યાએ તો ઈશ્વર કાંઈ પણ કરતો નથી, એવું કહ્યું છે. અને બીજી જગ્યાએ ઈશ્વરજ સઘળું કરે છે, એવું બતાવ્યું છે.

**ઉપરનો વિરોધ ટાળવા શંકરાચાર્યે સ્યાદ્વાદનો કરેલો ઉપયોગ.**

આ પ્રકારના પરસ્પર વિરોધી વાક્યોમાં '**परमार्थतः**' '**व्यवहारतः**' એ પ્રમાણે જુદી જુદી દૃષ્ટિથી વિચાર કરીનેજ એમાંથી શંકરાચાર્યે વિરોધ દૂર કર્યો છે.

**ચાલુ જમાનાની નિરાકરણ કરવાની સામાન્ય પદ્ધતિ.**

ચાલુ જમાનામાં પણ કોઇ પણ વિષયનો વિચાર કરતી વખત, નિતિની અપેક્ષા, વૈદક શાસ્ત્રની અપેક્ષા, અર્થ શાસ્ત્રની અપેક્ષા, વ્યવહારની અપેક્ષા, પરમાર્થની અપેક્ષા એ પ્રમાણે ભિન્ન, ભિન્ન અપેક્ષાથી વિચાર કરીને તેનું નિરાકરણ કરવામાં આવે છે. તે પણ જૈન મતના સ્યાદ્વાદ ન્યાય પ્રમાણે છે.

આ વિષયમાં અભિપ્રાય આપતાં ડા. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર એમ. એ. એ પોતાના રીપોર્ટમાં નિચેનો ઉલ્લેખ કર્યો છે.

**સ્યાદ્વાદ સુચક સપ્તભંગી ન્યાય**

There are two ways of looking at things, one called 'Drayaarthikanyaya,' and the other 'Paryayaarthikanyaya,' The production of a jar is the pro-

સંબંધી ડા.ભાં-ડારકરનો અંગ્રે-જીમાં ઉલ્લેખ.

duction of something, not previously existing; if we take the latter point of view, i. e., as a 'Paryaya' or modification; while it is not the production of something not previously existing, when we look at it from the former point of view, i.e., as a Dravya or Substance. So when a soul becomes, through his merits or demerits, a god, a man, or a denizen of hell, from the first point of view, the being is the same, but from the second he is not the second, i. e. different in each case. So that, you can affirm or deny. Something of a thing at one and the same time. This leads to the celebrated 'Saptabhangi nyaya' or the seven modes of assertion. You can affirm existence of a thing from one point of view (**Syad asti**), deny it from another (**Syan nasti**); and affirm both existance and non-existance with reference to it at different times (**Syad asti nasti**). If you should think of affirming both existance and non-existance at the same time from the same point of view, you must say that thing can not be so spoken of (**Syadavaktavya**) similarly under certain circumstances the affairmation of existance is not possible (**Syad asti avaktavya**); of non-existance (**Syan nasti avaktavya**) and also of both (**Syad asti nasti avaktaya**). What is meant by these seven modes is that a thing should not be considered as existing every where,

at all times, in all ways, and in the form of every thing. It may exist in one place and not in another, at one time and not at another, &c. &c.

**સ્યાદ્વાદ મત સંબંધી ડા. ભાંડારકરનો ઇંગ્રેજીમાં સ્વતંત્ર અભિપ્રાય.**

It is not meant by these modes that there is no certainly or that we have to deal with probabilities only, as some scholars have thought. All that is implied is that every assertion which is true is true only under certain conditions of space, time &c. This is the substance of the section which treats of Dravyasamanya or Dravya generally."

**ઉપરના ઇંગ્રેજી લેખનું ભાષાન્તર.**

અર્થઃ—પદાર્થનો વિચાર કરવાના બે રસ્તા છે. એક દ્રવ્યાર્થિક નય અને બીજો પર્યાયાર્થિક નય. મૂળ પદાર્થ (બરણી) નું બાહ્ય સ્વરૂપ જે પહેલાં ઉત્પન્ન થયેલું નહોતું. તેનું જ્યારે પર્યાયાર્થિક નયથી વિચાર કરીએ છીએ ત્યારે તેને ‘પર્યાય’ અથવા ‘પલટવું’ કહે છે. પૂર્વે કદી પણ થયું નહોતું અને નવું પણ થયું નથી તેનો જ્યારે દ્રવ્યાર્થિકનયથી વિચાર કરીએ છીએ, ત્યારે તેને દ્રવ્ય કહે છે. જેવી રીતે,—આત્મા જ્યારે પોતાનાં પુણ્ય પાપનાં ફળને અનુસાર દેવ, મનુષ્ય, અથવા નરકવાસી થાય છે, ત્યારે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ તે આત્મા છે, એવું કહી શકાય છે; અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ એજ આત્મા દેવ, મનુષ્ય, અથવા નારકી આ પ્રમાણે દરેક અવસ્થામાં જુદા જુદા નામે ઓળખાય છે. આ પ્રકારે એક વસ્તુને કોઇ વખતે અથવા તેજ વખતે તે અમુક વસ્તુ છે એવું તમે કહી શકો છો; તથા એ વસ્તુ એવી નથી, એ પ્રકારે પણ કહી શકો છો. આ પ્રમાણેજ સપ્તભંગી નય અથવા સાત પ્રકારથી વસ્તુ સ્વરૂપ કહેવાની રીત છે.

એક અપેક્ષાથી તમે એક વસ્તુ છે (**स्यादस्ति**) એવું કહેશો; અને બીજી અપેક્ષાથી તે નથી (**स्यान्नास्ति**) એવું પણ કહેશો. આ પ્રમાણે જુદા જુદા સમયમાં વસ્તુ છે ખરી અને નથી પણ ખરી (**स्यादस्ति नास्ति**) એમ પણ કહેશો. જો તમને એકે વખતે અને એકજ દૃષ્ટિથી છે અને નથી, એવું માલૂમ પડે ત્યારે તે કહી શકાય એવું નથી (**स्याद वक्तव्य**) એવું કહેશો. એજ પ્રમાણે કોઈ બીજી દૃષ્ટિથી વસ્તુનું અસ્તિત્વ (હોવાપણું) કહેવું અશક્ય હોય, તો ત્યાં કંઈક અસ્તિત્વ છે પણ તે કહેવામાં આવે એવું નથી (**स्यादस्त्य वक्तव्य**) એ પ્રમાણે કહેશો. એજ પ્રમાણે વસ્તુનું નાસ્તિત્વ (ન હોવાપણું) કહી ન શકાય ત્યાં (**स्यान्नास्त्य वक्तव्य**) તે વસ્તુનું નાસ્તિત્વ છે પણ તે કહી શકાય એવું નથી એ પ્રમાણે કહેશો.

જ્યાં વસ્તુનું હોવું અને ન હોવું એ બન્ને પણ ન કહી શકાય ત્યાં (**स्यादस्तिनास्त्य वक्तव्य**) એ બન્ને કહેવામાં આવે એવાં નથી એ પ્રમાણે કહેશો. આ સાત પ્રકારના નયોથી એમ સમજવું કે—

**ડા. ભાંડારકરના અભિપ્રાયનું ભાષાન્તર.** એકજ વસ્તુ દરેક જગ્યાએ, અમુક વખતે, અમુક પદ્ધતિમાં અને અમુક આકારની છે એમ નથી. અમુક વસ્તુ એકજ જગ્યાએ હોઈ શકે છે પરંતુ બીજી જગ્યાએ નથી હોતી.

એક વખતે હોય છે પરંતુ બીજે વખતે હોતી નથી. એ વિગેરે એ શૈલીથી જણાવવામાં આવે છે.

આ ઉપરથી કેટલાએક વિદ્વાનો એવું ધારે છે કે—જૈનમત દરેક વસ્તુને શંકાયુક્ત ગણે છે; અને તેઓ ફક્ત વસ્તુઓના સંભવીત પણા ઉપરજ આધાર રાખે છે. પરંતુ તે વાસ્તવિક નથી. જે કાંઇ સત્ય છે તે ફક્ત કેટલેક અંશે દેશકાળને અનુસરીનેજ સત્ય છે.

આ ઉલ્લેખમાં દ્રવ્ય સામાન્ય અથવા સામાન્યપણે દ્રવ્યનું વિવેચન છે.

**ડા. ભાંડારકરની યોગ્યતા.** ડા. ભાંડારકરે જૈનધર્મના અનેક ગ્રંથ વાંચેલા છે. એવું જુદા જુદા ગ્રંથોના સૂચીપત્રમાં તેમણે આપેલા અભિપ્રાયોથી માલુમ પડે છે. એજ પ્રમાણે જે કોઈ વિદ્વાન નિષ્પક્ષપાતપણે મનમાં સમાનતા રાખી જૈનધર્મના ગ્રંથો જોશે અને સારી રીતે સમજશે તો એમાં જે સત્ય રહેલું છે તે તેને માલુમ પડ્યા વિના રહેશે નહિ.

**ન્યાય દૃષ્ટિથી જૈન ધર્મનું અવલોકન.** જૈન ધર્મ જો નાસ્તિક હોત તો વેદમાં એને સ્થાન મળત નહિ; પરંતુ વેદમાં તથા બીજા ગ્રંથમાં પણ એ સંબંધી ઉલ્લેખ મળે છે. ઋગ્વેદમાં કહ્યું છે કે—

**ઋગ્વેદમાં જૈન ધર્મનો મંત્ર.** **ॐ त्रैलोक्य प्रष्ठितानां चतुर्विंशाति तीर्थंकराणां ऋषभादि वर्द्धमानान्तानां सिद्धानां शरणं प्रपद्ये**

અર્થઃ—જે ઋષભદેવને આદિમાં લઈને વર્ધમાન પર્યન્ત ત્રૈલોક્ય પ્રતિષ્ઠિત ચોવિસ તીર્થંકર સિદ્ધ છે તેમને શરણે હું જાઉં છું.

" **ॐ पवित्रं नग्न मुपावि ( ई )प्रसामहे येषां नग्ना (नग्नये-) ज्ञातिर्येषां वीराः ।** "

અર્થઃ—યજમાન કહે છે કે,—હું પવિત્ર ( શુદ્ધ ) અને પાપથી મુક્ત કરનાર અને નગ્ન ( દિગમ્બર ) દેવોને પ્રસન્ન કરૂં છું. જેઓની જાત નગ્ન હોય છે અને જે વીર એટલે બળવાન હોય છે.

યજુર્વેદમાં કહ્યું છે કેઃ—

**યજુર્વેદમાં જૈનનો મંત્ર.** " **ॐ नमाऽर्हन्तो ऋषभो** "

અર્થ—અરહંત ( **પૂજ્ય** ) ઋષભદેવને નમસ્કાર હો, તથા—

**ॐ ऋषभं पवित्रं पुरुहूतमध्वरं यज्ञेषु नग्नं परमं माहसं स्तुतं-वारं शत्रुंजयंतं पशुरिंद्र माहुरिति स्वाहा ! उ प्रातारमिन्द्रं ऋषभं-वपन्ति अमृतारमिन्द्रं हवे सुगतं सुपार्श्व मिन्द्रं हवे शक्रमजितं तद्वर्द्धमान पुरुहूतमिन्द्र माहुरिति स्वाहा ! ॐ स्वस्तिनइन्द्रो वृद्धश्रवाः स्वस्तिनः पूषा विश्ववेदाः स्वस्ति नस्ताक्ष्यों अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पतिर्दधातु दीर्घायु स्त्वायबलायुर्वा शुयजातायुः ॥**

અર્થ–પવિત્ર ઋષભદેવને, ઇંદ્રરૂપી અધ્વરને, યજ્ઞમાં નગ્ન (રહે છે) તેને પશુ શત્રુને જીતનારને, કે જેને ઇંદ્ર કહે છે તેને હું બળીદાન અર્પણ કરૂં છું.

રક્ષણ કરનાર, પરમ ઐશ્વર્યવાન, અમૃત તથા સર્વવ્યાપક સુપાર્શ્વ (જેની નજદીક રહેનાર જીવો શ્રેષ્ટ મનાય છે) એવા પુરૂહુત (ઇન્દ્ર) ને ઋષભદેવ અથવા વર્ધમાન કહે છે. તેમને હું બળીદાન અર્પણ કરૂં છું. વૃદ્ધશ્રવા (અતિશય ધનવાળા) ઇન્દ્ર કલ્યાણ કરો. વિશ્વવેદા સૂર્ય હમારૂં કલ્યાણ કરો, અરિષ્ટનેમી ગરૂડ હમારૂં કલ્યાણ કરો. બૃહસ્પતિ હમારૂં કલ્યાણ કરો, લાંબુ આયુષ, બળ, શુભ મંગળ આપો. (યજુર્વેદ, અ. ૨૫ મં. ૧૯.)

**ॐ रक्ष रक्ष अरिष्टनेमि स्वाहा। वामदेव शान्त्यर्थ**
**मुपविधीयते सोऽस्माकं अरिष्टनेमि स्वाहा ॥**

હે અરિષ્ટનેમિ મારૂં રક્ષણ કરો. વામદેવ, જેનું શાન્તિ પ્રાપ્ત કરવા સારૂ પૂજન કરૂં છું, તે મારા અરિષ્ટનેમિ છે. તેમને હું બળીદાન અર્પણ કરૂં છું.

આ પ્રમાણે વેદમાં જૈનમતના ઋષભનાથ, સુપાર્શ્વનાથ, નેમિનાથ, વર્ધમાન ઇત્યાદી ચોવીસ તીર્થંકરોની સ્તુતિ અને પૂજા છે. આ ઉપરથી જૈનમત નાસ્તિક કહી શકાતો નથી. એટલુંજ નહિ પણ જૈનમત વેદના સમય પહેલાં પણ હતો. તે પણ ઉપર કહેલા મંત્રોથી સિદ્ધ થાય છે.

બૃહત્યોગ રામાયણમાં પણ કહ્યું છે કેઃ–

**બૃહત્યોગ રામાયણમાં રામચંદ્રની ઇચ્છા.**

**राम उवाच—**
**नाहं रामो नमे वांछा भावेषु च नमेमनः**
**शांतिमास्थातुमिच्छामि चात्मन्येव जिनोयथा॥**

**અર્થઃ**—રામચંદ્રજી કહે છે કે; હું રામ નથી, મને કર્માદિકની વાંછા નથી, કોઈ પણ પદાર્થનો મારા મનમાં ભાવ નથી હું, ફક્ત, જીન દેવે આત્મ શાન્તિ પ્રાપ્ત કરી તેવી શાન્તિ મને મળે તેટલુંજ ચાહું છું.

દક્ષિણા મૂર્તિ સહસ્રનામમાં કહ્યું છે કે.

**દક્ષિણામૂર્તિ સહસ્ર નામમાં જૈનવિષે શિવ.**

**शिव उवाचः—**
**जैन मार्ग रतो जैनो जित क्रोधो जितामयः ॥**

અર્થઃ—શિવ કહે છે કે જૈન માર્ગમાં તત્પર રહેનાર જૈનો, ક્રોધને જીતનાર અને રાગને જીતનાર છે.

જીનેંદ્ર ભગવાનના વૈરાગ્ય સંબંધી ભર્તુહરીએ કહ્યું છે કેઃ-

**જૈનોના વૈરાગ્ય વિષે ભર્તુહરિ.**

**एको रागिषु राजते प्रियतमा देहार्ध धारी हरो ।**
**नीरागेषुजिनो विमुक्त ललना सङ्गो न यस्मात्परः ॥**
**दुर्वार स्मर बाण पन्नग विष व्यासक्त मुग्धो जनः ।**
**शेषः काम विडम्बितो हि विषयान्भोक्तुं नमोक्तुं क्षमः ॥**

અર્થઃ—જેણે પોતાના અર્ધ દેહ ઉપર પોતાની સ્ત્રીને ધારણ કરી છે એવા શંકર વિષય ભોગમાં શોભે છે. જેણે સ્ત્રી સંગ તદ્દન છોડયો છે, અને જેની બરોબર કોઇ નથી એવા જીન દેવ વિરક્તોમાં શોભે છે. ( એ બે શિવાય ) બાકીના મનુષ્યોને દૂર કરી ન શકાય એવા, કામ બાણરૂપી સર્પના વિષમાં આશક્ત થવાથી મોહીત કરીને કામે ઠગી લીધા છે. તેઓ વિષયો ભોગવી શકતા નથી તેમજ તેમને છોડી શકતા પણ નથી.

**શંકરાચાર્યે જૈન મતને નાસ્તિક કહ્યો છે તેનું કારણ.**

આ પ્રકારનાં અનેક ઉદાહરણો વેદમતાનુયાયી ગ્રંથોમાં મળી આવે છે પણ તે બધાંને અત્રે લખવાનો અવકાશ નથી. આટલાજ દાખલા ઉપર વિચાર કરતાં સ્પષ્ટ રીતે જણાશે કે અનેકાન્ત સ્યાદ્વાદ મતનું સ્વરૂપ શંકરાચાર્યની સમજમાં સારી રીતે આવ્યું નહિ હોય. આ કારણથી તેમજ પોતાના મતના પક્ષપાતથી જૈન મતને તેમણે નાસ્તિક કહ્યો છે બીજું કોઈ કારણ નથી. નાસ્તિક અને આસ્તિક એ બે શબ્દોને સિદ્ધ કરવા સારૂ પાણિનીના વ્યાકરણમાં નિચે પ્રમાણે કહ્યું છે.

**નાસ્તિક શબ્દ-ની પાણિનીએ આપેલી વ્યાખ્યા.**

सूत्र—अस्ति नास्ति दिष्ट मतिः ।
परलोकः अस्ति इति मतिर्यस्यास्ति इति आस्तिकः।
परलोको नास्ति इति मतिर्यस्यास्ति इति नास्तिकः।
दैवमस्ति इति मतिर्यस्यास्तीति दैष्टिकः ।

અર્થઃ—પરલોક છે એવું જે માને તે આસ્તિક, પરલોક છે એવું જે ન માને તે નાસ્તિક; અને દેવ છે એવું જે માને છે તે દૈષ્ટિક કહેવાય છે.

આ સૂત્રને અનુસાર જૈનો સંપૂર્ણ રીતે આસ્તિક સિદ્ધ થાય છે; કારણ કે જૈનો સ્વર્ગ, નર્ક આદિ પરલોક છે એવું પૂર્ણ રીતે માને છે.

**જૈનો નાસ્તિક નથી તેનું પ્રમાણ**

જૈન મતમાં સોળ સ્વર્ગ, સાત નરક, અને મૃત્યુ લોક આદિ સઘળું માન્યું છે. અને આ જીવ કર્મરૂપી બંધનથી અનન્તવાર આ ત્રણે લોકમાં જન્મે છે અને મરે છે. એ પ્રમાણે દરેક જૈન ગ્રંથમાં લખેલું છે.

હવે કોઇ કોઇ એવો આક્ષેપ મુકે છે કે જૈનમતાનુલંબી ઈશ્વરને કર્તા તરિકે માનતા નથી; તેથી તેઓ નાસ્તિક છે. પણ જૈન ધર્મિઓનું માનવું એમ છે કે ઇશ્વર કાંઇક અંશે સૃષ્ટિનો કર્તા છે, સર્વથા નથી; પરમેશ્વરે મનુષ્યનું હિત અહિત શું છે તે કહ્યું છે, મનુષ્યની ઉપજીવીકાનાં સાધન, ખેતી, વ્યાપાર, કળા કૌસલ્ય, રાજધર્મ એ સઘળું કેવી રીતે ચલાવવું તે બતાવ્યું છે, ભલુ કરનારને ભલુ ફળ અને બુરૂ કરનારને બુરૂ ફળ મળે છે એવું સમજાવ્યું છે.

આ પ્રમાણે પરમેશ્વરમાં કર્તાપણું છે. માણસ જે કોઇ ભલુ બુરૂં કરે છે તે પરમેશ્વરની ઇચ્છાનુસાર કરે છે.

**સઘળુંજ ઈશ્વર કરે છે એ શું સંભવીત છે?**

અર્થાત્ તેનું ભલુ બુરૂ કરનાર પરમેશ્વર છે એવું માન્યું નથી; કેમકે એમ માનવામાં મોટો વિરોધ આવે છે. જેવી રીતે કોઈ મનુષ્યે ચોરી કરી તો તે ઇશ્વરની ઇચ્છાથી કરી છે, અથવા ઇશ્વરે તેને

એવી ખરાબ બુદ્ધિ સુજાડી, તેથી તેણે ચોરી કરી. છે અને એણે ચોરી કરી તેથી ઇશ્વરે એને શિક્ષા કરી. આ રીતે ચોરી કરવાની બુદ્ધિ પણ પોતે આપે, અને તેને તે ગુન્હાને માટે શિક્ષા પણ પોતેજ કરે એ કેટલું અણઘટતું માલુમ પડે છે? જ્યારે એવો કોઈ પ્રશ્ન પુછવામાં આવે કે આવું અણઘટતું શી રીતે બને? ત્યારે ઇશ્વરની લીલા અગાધ છે એમ કહીને કોઈ પ્રકારે મનને સમજાવી લેવામાં આવે છે.

આ કારણને લીધે તત્વવેત્તાઓએ પરમેશ્વરને સર્વ રીતે કર્તા માન્યો નથી. તેના પ્રમાણરૂપે ભગવદ્ગીતાના પાંચમા અધ્યાયમાં પણ બે શ્લોક છે.

**ભગવદ્ગીતાના પાંચમા અધ્યાયમાં ઇશ્વર કર્તૃત્વનો નિષેધ.**

**न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजाति प्रभुः ।**
**न कर्मफल संयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥**
**नादत्ते कस्यचित्पापं म कस्य सुकृतं विभुः ।**
**अज्ञानेनावृत्तं ज्ञानं तेन मुह्यन्ति जंतवः ॥ १५ ॥**

અર્થઃ—મનુષ્યોનું કર્તૃત્વ ( કર્તાપણું ) અને કર્મને પરમેશ્વર ઉત્પન્ન કરતા નથી, તથા કર્મફળની યોજના પણ તે કરતો નથી. પણ સ્વાભાવિક રીતેજ એ પ્રવૃતિ ચાલ્યા કરે છે. ॥ ૧૪ ॥

પરમેશ્વર કોઇનું પાપ ગ્રહણ કરતા નથી; પુણ્ય પણ નથી લેતા. જ્ઞાન ઉપર અજ્ઞાનતાનો પડદો પડેલો છે, તે કારણને લીધે પ્રાણી મોહિત થઇ જાય છે. ॥ ૧૫ ॥

**ઇશ્વરને વિશ્વકર્તા માનવામાં આવતો વિરોધ.**

આ પરથી વિચાર કરતાં જગતનું સંપૂર્ણ કર્તાપણું ઇશ્વરે પોતાને માથે લઇ લીધું નથી; અને એમણે કાંઇ ઉત્પન્ન પણ કર્યું નથી. વર્ષાદ વરસવો, માતાના સ્તનમાં દુધ ઉત્પન્ન થવું, અગ્નિને ઉષ્ણ રાખવો, સૂર્યને પ્રકાશમાન કરવો, ઇત્યાદિ બાબતો ઇશ્વરકૃત નથી; પણ વસ્તુ સ્વભાવથીજથાય છે. એ બાબતોને ઇશ્વરે કરી છે એવું માનવાથી એવું પણ માનવું પડશે કે, કાળ પડવો, પ્લેગ ઉત્પન્ન થવો, પ્રલયકાર થવો, ધરતી ડોલવી, નાનાં નાનાં બાળકોની માતાઓનું મરણ નિપજવું આ સઘળી આ-

પત્તિઓ પણ પરમેશ્વરે ઉપજાવી છે. આ રીતે ઇશ્વર ઉપર એક મો'ટો દોષારોપ કરેલો ઠરશે.

**અન્ય મતોની જૈનોને અનુસરતી માન્યતા.**

હિંદુધર્મના વેદાન્ત વિષયમાં ઉત્તમ કાર્યોનું કારણ સત્વગુણ અને અનિષ્ટ કાર્યોનું કારણ તમોગુણ કહેલાં છે. તે પ્રમાણે મુસલમાન તથા ખ્રિસ્તિ લોક પણ અનિષ્ટ કાર્યો કરનારને સેતાન અને ઇશ્વરને તો ફક્ત શ્રેષ્ટ કાર્યોના કર્તાજ માન્યા છે. ઇશ્વરને સઘળા લોક અનન્ત ગુણી કહે છે, પણ અનંત દોષી કોઇ પણ કહેતું નથી. અર્થાત્ સમસ્ત કાર્યોનો કર્તા ઇશ્વર છે એમ કોઇ માનતા નથી. તેવીજ રીતે જૈનો પણ પરમેશ્વરને

**જૈનોની માન્યતા.**

સંપૂર્ણપણે કર્તા માનતા નથી. પુણ્ય અને પાપનું ફળ કહેવું અને તેનું કારણ અથવા માર્ગ બતાવવો તે ઇશ્વર દ્વારા પોતાની મેળેજ થાય છે; પણ તેનુ ફળ તે જાતે આપે છે એવું માનતા નથી. ખ્રિસ્તિ શાસ્ત્રમાં પણ ઇશ્વર ફળ આપનાર નથી એવું પ્રમાણ મળી આવે છે.

**બાઇબલનું વાકય.**

For the Father judgeth no man but hath committed all judgment unto the son.

"અને પિતા ન્યાય (વિચાર) કરતો નથી તેથી સઘળું ન્યાય કરવાનું કામ તેના પુત્રને સોંપી દીધું છે.

યોહાન્ન અધ્યાય ૫–૨૨.

પિતા એટલે ઇશ્વર કોઇનો ન્યાય કરતો નથી. ન્યાય કરવાનું કામ પુત્રને એટલે ઇશુ ક્રાઇસ્ટને તેણે સોંપ્યું

**કર્મનું ફળ આપવા વિષે જૈનમતનું અને ક્રિશ્ચિયન ધર્મનું મળતાપણું.**

છે. ઇશુ ક્રાઇસ્ટનો જન્મ થયાને આજ ૧૯૧૧ વર્ષ થઈ ગયાં છે. ત્યાર પહેલાં ન્યાય કરવાનું કામ બીજા કોઇને સોંપવામાં આવ્યું હશે; અને તેના અગાઉ વળી બીજા કોઇને ન્યાય કર્તા બનાવ્યો હશે. આમ ધારતાં ન્યાય કરનાર હજા-

રો બલ્કે અસંખ્યાત હોવા જોઇએ. ઇશ્વરે પોતાની જાતે એ કામ કરવાનું માથે રાખ્યું નથી. બીજા કોઇને એ કામ સોંપવામાં આવ્યું હશે, અર્થાત્ કાયદા ઘડવાનું કામ પોતાને સ્વાધીન રાખી તેમને અમલમાં મુકવાનું કામ અન્યને સોંપવામાં આવ્યું છે. આ પ્રમાણે કરવું તે ઘણે ભાગે જૈનમતના અભિપ્રાયને મળતું આવે છે. જૈનમતના તીર્થંકરો પુણ્ય પાપનું ફળ આ પ્રમાણે છે એમ કહે છે અથવા ઉપદેશ આપે છે; પરંતુ તે જાતે કોઇને પણ તેનું ફળ આપતા નથી.

ગ્રીશ દેશના સાત વિદ્વાનોમાંના પ્રખ્યાત તત્વવેત્તા એરીસ્ટોટલ, જે ઇ. સ. પૂર્વે ૩૮૪ માં થયો હતો. તેણે પણ " સૃષ્ટિનો કર્તા ઇશ્વર નથી; એવું કહ્યું છે.

**એ સંબંધમાં એરીસ્ટોટલનો મત.**

" Not taking cognizance of, and not regarding the affairs of the world, which owed not its existence to him, and to which his presence influence do not extend :—"

અર્થ,—સૃષ્ટિ બનાવવામાં ઇશ્વરને કાંઇપણ સંબંધ નથી તેથી તે સૃષ્ટિનાં કાર્યોમાં પોતાનું ચિત લગાડતો નથી, અથવા તો તેની દેખરેખ પણ રાખતો નથી, અને તેથી સૃષ્ટિના કાર્યોમાં તે પોતાની હાજરી અથવા શક્તિને કામમાં લેતો નથી

ઇત્યાદી તત્વવેત્તાઓના અભિપ્રાય જોતાં જૈનોનું કહેવું યુક્તિ બહાર નથી.

## પ્રકરણ ૯ મું.

### જૈનધર્મ પાળવાથી આ લોકમાં થતું સુખ અથવા દેશનું હિત.

**ઐહિક સુખમાં શંકા.**

આટલા વખત સુધી મેં જૈનધર્મની સંક્ષિપ્ત માહિતિ એ વિષય ઉપર વિવેચન કર્યું તેપરથી વાંચક વર્ગના ધારવામાં કદાચિત એમ આવ્યું હશે કે, જૈનધર્મ સેવનથી જે કાંઈ સુખ થવાનો સંભવ છે તે આ જન્મમાં નહિ થતાં આગલા જન્મમાં થાય છે. આગલા જન્મની વાતની કોને ખબર છે. ?

આ જન્મમાં આપણને સુખ પ્રાપ્તિ થાય, અથવા આપણા દેશનું કલ્યાણ થતું હોય તો, તે ધર્મ લોકોપયોગી થઈ શકે. આવી શંકા થઈ હશે. તેનો ઉત્તર પૂર્ણપણે આપવામાં આવશે કે જૈન ધર્મથી આ લોક સંબંધી સંપૂર્ણ સુખ મળે છે. અને દેશનું પણ કલ્યાણ થાય છે.

ખાવા, પીવાને માટે જોઇતાં સાધનો હોવાં, વસ્ત્રાભૂષણ હોવાં, ઘરબાર હોવાં, વગેરે બાબતો સંસારમાં સુખોત્પાદક છે.

વર્તમાન સમયમાં ભારત વર્ષમાં આશરે ૧૫ લાખ જૈનોની વસ્તી છે.

**જૈનોની આધુનીક સ્થિતિ.**

ઉત્તરમાં લાહોર, કાસ્મિર, દેરાગાજીખાન સુધી, દક્ષિણમાં મ્હૈસુર, કાંચી, રામેશ્વર સુધી, પૂર્વમાં બનારશ, કલકત્તા સુધી અને પશ્ચિમમાં મુંબાઈ, ગુજરાત, કચ્છ, મારવાડ, કરાંચી બંદર સુધી મોટાં મોટાં શહેરો અને નાનાં નાનાં ગામોમાં પણ જૈન ધર્માનુયાયિની વસ્તી છે; પરંતુ તેમાંથી રસ્તા ઉપર ભટકી ભટકીને પેટ ભરનાર એક પણ નહિ મળે. દુકાળ પડે ત્યારે, કે અકસ્માતથી ઘરબાર બળી જાય

કે નદીની રેલથી ઘરબાર તણાઇ જાય ત્યારેજ ફક્ત કેટલાક લોક નિરાધાર દેખવામાં આવે છે; પરંતુ તે સંખ્યા પણ નજીવીજ હોય છે. જૈનોમાંથી ઘણાખરાતો વ્યાપાર, સાહુકારી, અને ખેતીનો ધંધો કરનાર છે. કોઈ કોઈ નોકરી કરનારા પણ છે. પણ તેમાંના સઘળા ખાવા પીવાનાં સાધનવાળા હોવાથી સુખમાં કાળ નિર્ગમન કરે છે. તેઓની પોતાની માલીકીનાં મકાનો છે. અર્થાત્ વ્યવહારમાં એકંદર મધ્યમ સ્થિતિના છે, તથા જગ્યાએ જગ્યાએ લક્ષાધિપતિ કહેવડાવે એવા પણ છે, તથા બેચાર કોટયાધીશો પણ છે.[1]

**જૈનોની નૈતિક સ્થિતિ.**

આ પ્રમાણે જૈન ધર્માનુરાગીઓની વ્યવહારીક સ્થિતિ સુખી છે તેમની નૈતિક સ્થિતિ કેવી છે. તેનું પર્યાલોચન હવે કરવાનું છે. કોઈ પણ જાતિ કેટલી નીતિવાળી છે તે તે લોકોમાંથી કેટલા ગુનેહગાર જેલ યાત્રા કરે છે તે સંખ્યા ઉપરથી સહજ માલુમ પડે છે. મુંબાઈ ઇલાકાનો સને ૧૮૯૧ નો એડમિનિસ્ટ્રેશન (કેદખાનાનો કારોબારી) રીપોર્ટ જોવાથી નિચે મુજબ માલુમ પડે છે.

## સને ૧૮૯૧ ના જેલ ઍડમીનીસ્ટ્રેશનના જાતીવાર આંકડા.

| ધર્મ વા જાતિ. | સન ૧૮૯૧ ના વસ્તિપત્રક પ્રમાણે લોક સંખ્યા. | જેલના કેદીઓની સંખ્યા ૧૮૯૧. | કેટલા માણસોમાંથી એક માણસ જેલખાનામાં છે. |
|---|---|---|---|
| હિંદુ | ૧૪૬૫૭૧૭૯ | ૯૭૧૪ | ૧૫૦૯ માંથી એક |
| મુસલમાન | ૩૫૦૧૯૧૦ | ૫૭૯૪ | ૬૦૪ „ „ |
| ક્રિશ્ચિઅન | ૧૫૮૭૬૫ | ૩૩૩ | ૪૭૭ „ „ |
| પારસી | ૭૩૯૪૫ | ૨૯ | ૨૫૪૯ „ „ |
| યાહુદિ | ૯૬૩૯ | ૨૦ | ૪૮૧ „ „ |
| જૈન | ૨૪૦૪૩૬ | ૩૯ | ૬૧૬૫ „ „ |

૧ જૈનોમાં નુતન કેળવણી લઈ યુનિવર્સિટીની ડિગ્રીઓ ધરાવનારા વિદ્વાનોની સંખ્યા પણ દિનપરદિન વધતી જાય છે; તેમજ વ્યાપારાર્થે હિંદુસ્તાનની બહાર છુટથી પરદેશ ગમન કરનાર સહાસિક વીરો પણ નીકળવા લાગ્યા છે.

**જૈન ગુનેહુગારોની સૌથી ઓછી સંખ્યા.**

આ કોષ્ટક ઉપરથી દર ચારસો સીત્તોતેર ક્રિશ્ચિઅનોમાંથી એક ક્રિશ્ચિઅન કેદમાં છે, યાહુદિમાંથી દર ૪૮૧ માંથી એક મુસલમાનોમાંથી દર ૬૦૪ની સંખ્યામાંથી એક, પારસીમાંથી દર ૨૫૪૯ માંથી એક, અને જૈનોમાંથી ૬૧૬૫ માંથી એકજ જૈને કેદમાં જવા જેવો ગુનો કર્યો છે. જૈનોની સંખ્યા અન્ય ધર્માનુલંબીયોના પ્રમાણમાં બહુજ થોડી છે. આ ઉપરથી જૈનો નૈતિક દૃષ્ટિથી કેવા છે તે સ્પષ્ટ માલુમ પડે છે.

**પાંચ અણુવ્રતનો પેનલકોડ સાથે સંબંધ.**

જૈન ધર્મમાં અહિંસા, સત્ય, અચૌર્ય, ઈત્યાદી શ્રાવકનાં પાંચ અણુવ્રત, જેનું પહેલાં વર્ણન કરવામાં આવ્યું છેઃ–તે અતિચાર રહીત ( નિર્દોષ ) પાળવાથી; ઇન્ડિઅન પેનલકૉડ ( હિંદુસ્તાનના ફોજદારી કાયદા ) માંના ૫૧૧ અપરાધોમાંથી કોઇ પણ અપરાધ બનવાનો સંભવ નથી. તે નિચેના કોષ્ટક ઉપરથી માલુમ પડે છે.

| પેનલ કોડનું પ્રકરણ | પ્રકરણનો વિષય. | કલમ. | અણુવ્રત તથા તેના અતિચારનાં નામ. |
|---|---|---|---|
| ૧ | પ્રસ્તાવના. | ૧ થી ૫ | શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે સમજવું. |
| ૨ | સાધારણ વ્યાખ્યા. | ૬થી૫૨સુધી. | પાપનું અને વ્રતોનું લક્ષણ. |
| ૩ | શિક્ષા વિષયમાં. | ૫૩–૭૫ | પ્રાયશ્ચિત વિધિ. |
| ૪ | સાધારણ અપવાદ. | ૭૬–૧૦૬ | પ્રમત્તયોગ નહિં હોવાથી પાપ થતું નથી. |
| ૫ | મદદગારી બાબત. | ૧૦૭–૧૨૦ | પાંચ અણુવ્રત અને તેના અતિચાર. |
| ૬ | રાજ્ય વિરૂદ્ધ ગુનાઓ બાબત. | ૧૨૧–૧૩૦ | રાજ્યની વિરૂદ્ધ, કાયદાનું ઉલ્લંઘન કરવાનો ત્યાગ ( વિરૂદ્ધ રાજ્યાતિક્રમ ત્યાગ. ) |

| પેનલ કોડનું પ્રકરણ | પ્રકરણનો વિષય. | કલમ. | અણુવ્રત તથા તેના અતિચારનાં નામ. |
|---|---|---|---|
| ૭ | જમીનપરની તથા દરિયાઇ ફોજ સંબંધી ગુન્હાઓ. | ૧૩૧–૧૪૦ | વિરૂદ્ધ રાજ્યાતિક્રમ ત્યાગ. |
| ૮ | લોકોની સલાહ શાંતિ વીરૂધ ગુંના બાબત. | ૧૪૧–૧૬૦ | અહિંસા અણુવ્રત અને તેના પાંચ અતિચાર. |
| ૯ | સરકારી નોકરો અને તેઓ સંબંધી ગુનાઓ બાબત. | ૧૬૧–૧૭૧ | અસત્યના અતિચાર અને અચૌર્ય અને તેના અતિચાર. |
| ૧૦ | સરકારી નોકરોના કાયદેસર અધિકારનો તિરસ્કાર કરવા બાબત. | ૧૭૨–૧૯૦ | વિરૂદ્ધ રાજ્યાતિક્રમ ત્યાગ. |
| ૧૧ | ખોટા પુરાવા તથા સરકારે કરેલા ઇનસાફ વિરૂધ ગુનાહો બાબત. | ૧૯૧–૨૨૯ | અનૃત (જુઠુ), મિથ્યોપદેશ, વિરૂધ રાજ્યાતિક્રમ. |
| ૧૨ | શીક્કા, તથા સરકારી સ્ટાંપ સંબંધી ગુનાઓ બાબત. | ૨૩૦–૨૬૩ | પ્રતિરૂપક વ્યવહાર અને વિરૂદ્ધ રાજ્યાતિક્રમ. |
| ૧૩ | કાટલાં તથા બીજાં માપ સંબંધી બાબત. | ૨૬૪–૨૬૮ | હીનાધિક, માનોન્માન અતિચાર ત્યાગ. |
| ૧૪ | લોકોની તનદુરસ્તી સલામતી, અનુકુળતા, લજ્જા તથા નીતિ સંબંધી ગુનાઓ બાબત. | ૨૬૮–૨૯૪ | અહિંસા, સત્ય, તેના સઘળા અતિચારના ત્યાગ સહિત પાળવું. |
| ૧૫ | ધર્મ સંબંધી ગુનાઓ બાબત. | | |
| ૧૬ | માણસના શરિર સંબંધી ગુનાઓ બાબત. | ૨૯૫–૩૭૭ | અહિંસા વ્રતને સમસ્ત અતિચારો રહિત પાળવું. |
| ૧૭ | મીલકત વિરૂદ્ધ ગુનાઓ બાબત, ચોરી બાબત. | ૩૭૮–૪૬૨ | અચૌર્યાણુ વ્રત અતિચાર રહિત પાળવું. |

| પેનલ કોડ બાબ. | પ્રકરણનો વિષય. | કલમ. | અણુવ્રત અને તેના અતીચારોનાં નામ. |
|---|---|---|---|
| ૧૮ | લેખ સંબંધી તથા મીલકતની નિસાની સંબંધી ગુના બાબત. | ૪૬૩–૪૮૯ | કૂટલેખ ક્રીયા અને પ્રતિરૂપક વ્યવહાર ત્યાગ. |
| ૧૯ | નોકરી કરવાનો કરાર તોડવાના ગુના બાબત. | ૪૯૦–૪૯૨ | સત્ય વ્રત. |
| ૨૦ | લગ્ન સંબંધી ગુના બાબત. | ૪૯૩–૪૯૯ | પરસ્ત્રી અભિલાષા ત્યાગ. |
| ૨૧ | આબરૂ લેવા બાબત. | ૫૦૦–૫૦૨ | સત્ય વ્રત અને રહોભ્યાખ્યાન ત્યાગ. |
| ૨૨ | અન્યાયરૂપ ધમકી આપવી, તીરસ્કાર તથા દુઃખ દેવા બાબત. | ૫૦૩–૫૧૦ | સત્ય વ્રત. |
| ૨૩ | ગુના કરવાની કોશીશ કરવી. | ૫૧૧– | પાંચે અણું વ્રત. |

**જૈનોની પ્રતિક્રમણ વિધિ.**

આ પ્રમાણે શ્રાવકનાં અણુવ્રત નિર્દોષ ( અતિચાર રહિત ) જે પાળે છે; તેના હાથે ઇન્ડિઅન પેનલકોડની કોઇ પણ કલમનો અપરાધ થવાનો સંભવ નથી. શ્રાવકને જે પ્રતિક્રમણ ( સંધ્યા વંદન ) હમેશ કરવું પડે છે તેનો પાઠજ એવો છે કે, તેને સઘળા અપરાધોથી દૂર રહેવાની ટેવ પડી જાય છે. તે પાઠમાંથી એક ટૂંકો ભાગ દાખલા તરિકે મુકવામાં આવ્યો છે.

**खम्मामि सव्वजीवाणं सव्वे जीवा खमंतुमे ॥**
**मित्तिमे सव्व भूदेसु वैरं मज्झ न केणवि ॥ १ ॥**
**रागबंधं चदोसंच हरिसं दीण भावयं ॥**
**उस्सुगतं भयंसोगं हादिमरादिं चवोसरे ॥ २ ॥**
**हादुट्ठ कयं हादुट्ठ चिंतियं भासियं चहादुट्ठं ॥**
**अंतो अंतो डज्झमि पच्छात्तावेण वेयंतो ॥ ३ ॥**

અર્થઃ—સઘળા જીવોને હું ક્ષમા કરૂં છું; અને તે સઘળા જીવો મને ક્ષમા કરો. મા'રે સઘળા પ્રાણી માત્ર સાથે મૈત્રી છે, કોઇ સાથે પણ મા'રે વૈરભાવ નથી. રાગ બન્ધ, દ્વેષ, હર્ષ, દીનપણું, ઔત્સુકય, ભય, શોક, રતિ, અરતિ, એ સઘળા મનોવિકારોનો હું ત્યાગ કરૂં છું.

આપણા હાથે કાંઈ અન્યાય કાર્ય થઇ ગયું હોય, અથવા આપણા મનમાં કાંઈ ખોટું ચિંતવન થયું હોય, અથવા આપણે કાંઇક અણઘટતું ભાષણ કર્યું હોય. તો તેને યાદ કરીને નીચે પ્રમાણે પાઠ કરવો જોઇએ.

**પશ્ચાત્તાપ વિધિ.**

અરેરે મેં આ કેવું બુરૂં કામ કર્યું ?? અરેરે ! કેવી અનીષ્ટ વાતો મેં મારા મનમાં ઉત્પન્ન કરી હતી ?? અરેરે ? મેં આ કેવું અન્યાયયુક્ત દુષ્ટ ભાષણ કર્યું ? એથી મને ઘણો પશ્ચાતાપ થાય છે. મારા અંતઃકરણમાં દાહ ઉઠે છે.

આ પાઠ સામાયકની શરૂઆતમાંજ છે. આ પાઠ કરી રહ્યા પછી, દરેક અણુવ્રતને અતિચાર લાગ્યો હોય તો તેનો મ્હોડે ઉચ્ચાર કરીને પશ્ચાત્તાપ કરે છે.

**પ્રત્યાખ્યાન વિધિ.**

ત્યાર પછી એવા દોષ ફરીથી ન થાય, તેને માટે પ્રતિજ્ઞાથી ત્યાગ કરવાનો (પ્રત્યાખ્યાનનો) પાઠ છે. આ પાઠ પ્રતિક્રમણ નામના પુસ્તકમાં છે.

**દેશનું કલ્યાણ થવાનો આધાર શા ઉપર છે?**

દેશનું કલ્યાણ થવાનો મુખ્ય આધાર લોકોની નૈતિક માન્યતા ઉપર છે. જો નીતિ સુધારી શકાય તો એક બીજા ઉપર વિશ્વાસ ઉત્પન્ન થવાથી પરસ્પર ઐકય વધે છે. જ્યારે ઐકય વધે છે ત્યારે દેશહિતનું ફાવે તેવું મો'ટું કામ કરવા ધારો તેટલું મો'ટું કામ થઇ શકે છે. વર્તમાન સમયમાં, મુંબાઇ, અમદાવાદ, વગેરે જગ્યાઓ પર જે જે શેર કંપનીઓ સ્થપાઇ છે.

**જૈનોની વિશ્વાસ પાત્રતા.** તે સઘળી કુંપનીઓમાં ઘણા જૈનો ભાગીદાર છે. એ ઉપરથી જૈનો વિશ્વાસપાત્ર છે, એમ સિદ્ધ થાય છે. હાલમાં ઘણા જૈન લોક જૈન ધર્મ સંબંધી

**ગૌણ (સામાન્ય) જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો તરફ જૈનોનું દુર્લક્ષ.** વિષયોમાં ઘણું મહત્વ સમજીને મુખ્ય વિષય પર લક્ષ આપતા નથી. આથી કરીને જૈનોમાં વિદ્વાનો ઘણાજ ઓછા છે. આ કારણને લીધેજ જૈનોનું રાજ્ય રહ્યું નહિ. એટલુંજ નહિ પણ સરકારી ઓફીસો અને રાજ્યોમાં બહુજ થોડા જૈનો છે. જૈનધર્માનુયાયિઓ જો પોતાના ધર્મગ્રંથોના સઘળા વિષયોને સારી રીતે સમજીને, તે આજ્ઞાઓ પ્રમાણે ચાલવાને નિશ્ચય કરે. તો પોતાનું તેમજ દેશનું ઘણું

**વ્યવહારમાં જૈન ધર્મનું સંગીનપણું.** કલ્યાણ કરી શકે. જૈનધર્મ પ્રત્યક્ષ સુખ બતાવી આપે છેઃ એ ધર્મમાં જે સુખનું વર્ણન કર્યું છે, તેનો કાર્ય કારણનો સંબંધ પણ બતાવવામાં આવ્યો છે. એમાં અદ્ભુત કલ્પના માત્રથી ઉત્પન્ન કરેલી ચમત્કારીક વાતો નથી. જે જે કર્મોથી જેટલું સારૂં વા નરસું થાય છે, તે પ્રમાણને અનુસરીનેજ નિશ્ચય કરવામાં આવેલો છે; અને તેનાં તેટલાંજ સારાં વા નરસાં ફળ કહેવામાં આવ્યાં છે.

**જૈનધર્મના નિયમોનું આરોગ્ય રક્ષણમાં ઉપયોગીપણું.** કેટલીક વાતો અનેક હેતુઓને લઇને કહેવામાં આવે એવી હોય છે. તેમાંથી મુખ્ય અથવા સામાન્ય હેતુ જુદા જુદા પ્રસંગોએ જુદા જુદા હોય છે. દાખલા તરિકે જૈનધર્મમાં પાણીને ગાળીને અથવા ગરમ કરીને પીવાની આજ્ઞા છે. આ આજ્ઞાનું ઘણે ભાગે સઘળા જૈન લોક પરમ આસ્થાથી પાલન કરે છે. આમાં અહિંસા મુખ્ય હેતુરૂપે બતાવવામાં આવે છે; પરંતુ આરોગ્ય રક્ષણ પણ એક હેતુ છે. રોગને ઉત્પન્ન કરે એવા પાણીના જંતુ આપણા પેટમાં જવા ન

જોઇએ. એ પ્રમાણે 'રાત્રિમાં ભોજન ન કરવું,' એ આજ્ઞા કરવામાં અહિંસા મુખ્યપણે-બતાવી છે; તો પણ આરોગ્ય રક્ષણને માટે પણ એ હેતુ ઉત્તમ છે. સંગોત્પાદક જંતુઓ રાત્રિમાં બહુજ ઉત્પન્ન થાય છે. પ્લેગના દિવસોમાં રાત્રિના સમયમાં ઘરમાં ન રહેતાં, ગામની બહાર રહીને, ખાવા પીવાના પદાર્થોમાં જીવ જંતુ ન આવે એવી સાવધાની રાખવાને માટે હાલનાં વૈદ્યક શાસ્ત્રો ઉપદેશ આપે છે. રાત્રિ ભોજનની મનાઇ ન હોવાથી રાત્રે કેટલા સમય સુધી જમવું જોઇએ, તેની મર્યાદા પણ રહેતી નથી. રાતના અગ્યાર બાર વાગતાં સુધી ભોજન કરવાનું ચાલ્યા કરે છે. આ પ્રમાણે અણઘટતું રાત્રિ ભોજન કરવાથી પુરે પુરી નિદ્રા લેવાતી નથી. સવારમાં વહેલા ઉઠાતું નથી. ઇત્યાદિક કારણોથી આરોગ્ય રક્ષણના નિયમોનું ઉલ્લંઘન કરવાથી અજીર્ણ વિકાર થાય છે. આ વિષયનો વિચાર કરવાથી રાત્રિ ભોજનનો ત્યાગ આરોગ્ય રક્ષાને માટે છે; એવું હાલના આરોગ્ય શાસ્ત્રોના અભિપ્રાયપરથી સિદ્ધ થાય છે.[1]

**समाप्तम्**

[1] આ ઠેકાણે મૂળ ભાષણ કરતાના ભાષણનો વિષય પૂરો થાય છે. અને તે પછી ભાષણકારે પોતાની લઘુતા બતાવવાને માટે જે શબ્દો વાપર્યા છે તે છોડી દેવામાં આવ્યા છે, તથા પ્રમુખનું ભાષણ આગળ પ્રસ્તાવનામાં લેવામાં આવ્યું છે.

# पुरवणी.

## दश लक्षणि धर्मना सवैया.

### मंगलाचरण.

पंच जिणंद धरुं मनमें जिस नाम लिये सब पातिक भाजें ।
शारद मात प्रणाम करुं जिस हस्त कमंडल पोथी विराजें ।।
गौतम पाय नमु मन शुद्धसु अंग उपांग वखांण हि गाजे ।
सद्गुरुको उपदेश शुण्यो हम धर्म सदा दश लक्षण छाजे. ।।१।।

### (१) क्षमा.

केवल एक क्षमा बिन हो तप संयम शील अकारथ जाणो ।
पाक सुपाक बन्यो सुथरो जैसें लुण विहीन अनाजको खाणो ।।
देव जिनंद कहे दूरथें जगमे जन तारण मोक्ष पिछानो ।
ज्ञान कहे नर अंतर सुझत सार क्षमा दश लक्षण राणो ।।१।।

### (२) मार्दव.

मार्दव भाव न आवत ज्योंलग त्योंलग धर्म कहा उपजावें ।
भाव कठोर रहे घट भीतर नुतन पाप संयोग बढावें ।।
आरत रौद्र वसे उसके मन पापथें निश्चय दुर्गति पावै ।
ज्ञान कहें मृदुभावको धारक फिर संसार कबु नहि आवे. ।।२।।

### (३) आर्जव.

आर्जव भाव धरे मनमें जिसथें भव छारके मोक्ष सिधावे, ।
डुबतहै भवसागरमें तस हाथ ग्रहि पर पार उतारे ।।
संपत देय निवाज वडो करे आर्जव कर्मको मान विदारे ।
ज्ञान कहे सोहि मूढ बडो भव मानव पायके आर्जव छारे ।।३।।

(૪) सत्य.

सोच नहि जिसके घट भीतर सो नरक्युं गणतीमें गणाये ।
राय वशु जग देखत डुबत दुर्गति पावत हो तर आये ॥
जूठ वसे जिसके मुखमें जगमे नर ते नरके हि समाये ।
ज्ञान कहे भव तारणकु इह सत्य समान दुजो नहि कोए ॥४॥

(૫) शौच.

शौच करो जिन पूजनकु मन शुद्ध रहे परमारथ केरो ।
इंद्रिय पंच रहे अपने वस कर्म कषायकुं पाडत घेरो ।
मंत्रको स्नान करे मुनि पुंगव पावत नांहि संसारको फेरो ॥
ज्ञान कहे जग शौच बडो परमारथ सु मन राखो बडेरो ॥૫॥

(૬) संयम.

संयम दोउ कहें जिनराजने संयमसें शिव मारग लहिये ।
पाप लगे मन संयमसें हरे कर्म कठोर कषाय दहीजे ॥
संयमसें भवपार तरे नर संयम मुक्ति सखा जग कहिये ।
ज्ञान कहे इह संयम मैत्रिय कर्ण लगाय कहो क्युं न रहिये ॥૬॥

(૭) तप.

दुर्धर कर्म गिरींद्र गिरावण वज्र समान महा तप ऐसो ।
बारह भेद भणंत जिनेश्वर पाप पखालन पानीय जैसो ॥
दुःख विहंडण सुख समप्पण पंच हि इंद्रिय रक्षण तैसो ।
ज्ञान कहे तपसा बिन जीवजू मोक्ष पदारथ पावत कैसो. ॥૭॥

(૮) त्याग.

दान बडो जगमे नरको शुभ दानसे मान लहे जग मानव ।
भूप दयाल भये सबकु अरि मित्र भये अरु सेवत दानव ॥

दानसे कीर्ति बढे जग भीतर दान समान न और कहा नव ।
ज्ञान कहे भव पार उतारण दान चतुर्विध सार कहु तव ॥८॥

(९) आकिंश्चन्य.

आलश अंङ्गसे दूर करी कर नाम अकिंचन अंग धरावो ।
आलपंपाळ तजो घटसे मन शुद्ध करी समता घर आवो ॥
जप तीर्थ करी फल ईच्छत होतस मूलभये फल किंचित पावो ।
ज्ञान कहे नरकुं सुखदायक शुद्ध मने परमारथ ध्यावो ॥९॥

(१०) ब्रह्मचर्य.

शील सदा नरको सुखदायक शील समान बडो नहि कोई ।
शील फले अती सीतल पावक जानकीकुं जग देखत होई ॥
शाह सुदर्शन शुली सिंहासन शील फले भव साधत दोई ।
ज्ञान कहे नर सोहि विचिक्षण जो नर पाळत शील समोइ ॥१०॥

---

## शोडष कारणना सवैया.

(१) दर्शन विशुद्धि.

दर्शन शुद्धि न होवत ज्योंलग त्योंलग जीव मिथ्यात कहावे ।
काल अनंत फिरे भवमें महा दुःखनको कहिं पार न पावे ॥
दोष पचिश रहित गुणाम्बुधि सम्यग्दर्शन शुद्ध ठरावे ।
ज्ञान कहे नर सोहि बडो जो मिथ्यात तजी जिन मारग ध्यावे॥१॥

(२) विनय संपन्नत्व.

देव तथा गुरुराय तथा तप संयम शीलव्रतादिक धारी ।
पापके हारक कामके सारक शल्य निवारक कर्म निवारी ॥

धर्मके धीर कषायके भेदक पंच प्रकार संसारके तारी ।
ज्ञान कहे विनयो सुखकारक भाव धरि मन राखो विचारी. ॥२॥

(३) शील.

शील सदा सुखकारक है अतिचार विवर्जित निर्मळ किजे ।
दानव देव करे तस सेव विषाद न भूत पिशाच पतिजे ॥
शील बडो जगमें हथिआरजु शीलकु उपमा काहेकु दिजे ।
ज्ञान कहे नहि शील बराबर ताथें सदा दृढ शील धरिजे. ॥३॥

(४) अभिक्षण ज्ञानोपयोग.

ज्ञान सदा जिनराजको भाषित आलस छोडी पढेजु पढावे ।
द्वादश दोउ अनेकह भेदसु नाम मति श्रुत पंचम पावे ॥
चारह वेद निरंतर भाषित ज्ञान अभिक्षण शुद्ध कहावे ।
ज्ञान कहे श्रुत भेद अनेकजु लोक अलोक प्रगट दिखावे ॥४॥

(५) संवेग.

मातन तातन पुत्र कलत्रन संपत्ति सज्जन ए सब खोटो ।
मंदिर सुंदर कायसखा सब कोइह कोहम अंतर मोटो ॥
भाव कुभाव धरी मन भेदत नाहि संवेग पदारथ छोटो ।
ज्ञान कहे शिव साधनको जैसे शाहको काम करेजो बणोटो ॥५॥

(६) त्याग.

पात्र चतुर्बिध देख अनुपम दान चतुर्विध भावसु दिजे ।
शक्ति समान अभ्यागतकु निज आदरसु प्रणिपत्य करिजे ॥
देवत जे नर दान सुपात्र हि तास अनेकह कारण सिझे ।
बोलत ज्ञान दइ शुभ दानजु भोगसु भुमि महा सुख लिजे ॥६॥

(૭) તપ.

कर्म कठोर गीरावनकु नीज शक्ति समान उपोषण कीजे ।
बारह भेद तपी तप सुंदर पाप जलांजली काहे न दीजे ॥
भाव धरी तप घोर करी नर जन्म सदा फल काहे न लीजे ।
ज्ञान कहे तप जे नर भावत ताके अनेकह पातिक छीजे ॥७॥

(૮) સાધુ સમાધિ.

साधु समाधि करो नर भाविक पुन्य बडो उपजे अघ भाजे ।
साधुकी संगति धर्म के कारण भक्ति करे परमारथ छाजे ॥
साधु समाधि करे भव छुटत कीर्ति घटा त्रयलोकमे गाजे ।
ज्ञान कहे जग साधु बडे गिरी श्रृंग गुफा बीच जाय बिराजे॥८॥

(૯) વૈયાવૃતિકરણ.

कर्म के योग विथा उदये मुनि पुंगवकु तस भेषज दिजे ।
पित्त कफा नल तास भगंदर तापकुशूल महागद छीजे ॥
भोजन साथ बनायके औषध पथ्य कुपथ्य विचारके कीजे ।
ज्ञान कहे नित ऐसी वैयावृत जो हि करे तस देव पती जे ॥९॥

(૧૦) અર્હત્ ભક્તિ.

देव सदा अरिहंत भजो जिहि दोष अठार कीया अति दुरा ।
पाप पखाल भये अति निर्मल कर्म कठोर कीये सब चुरा ॥
दिव्य अनंत चतुष्टय शोभित घोर मिथ्यांध निवारण शूरा ॥
ज्ञान कहे जिनराज अराधो निरंतर जे गुण मंदिर पुरा ॥१०॥

(૧૧) આચાર્ય ભક્તિ.

देव तहि उपदेश अनेकसु आप सदा परमारथ धारी ।
देशबिदेश विहार करे दश धर्म धरे भव पार उतारी ॥

ऐसे आचार्यज भाव धरी भजजो शिव चाहत कर्म निबारी ।
ज्ञान कहे जिन भक्ति किनो नर देखत हो मनमांहि विचारी ॥११॥

(१२) बहुश्रुत भक्ति.

आगम छंद पुराण पढावत साहित्य तर्क वितर्क वखाणे ।
काव्य कथा नव नाटक बुडत जोतिष वैदक शास्त्र प्रमाणे ॥
ऐसे बहुश्रुत साधु मुनिश्वर जो मनमे दोउ भावज आणे ।
ज्ञान कहे तस पाय नमु श्रुत पार गये मन गर्व न आणे ॥१२॥

(१३) प्रवचन भक्ति.

द्वादश अंग उपाङ्ग सदागम ताकि निरंतर भक्ति कराये ।
वेद अनुपम चार कहे तस अर्थ भले मनमांहि ठराये ॥
पढो बहु भाव लिखो निज अक्षर भक्ति करा बड पुंजरचाये ।
ज्ञान कहे जिन आगम भक्ति करो सद्बुद्धि बहु शुभ पाये ॥१३॥

(१४) आवष्यक परिहाणि.

भाव धरे समता सब जीवसुं स्तोत्र पढे सुखथें मन हारी ।
काय उत्सर्ग करे मन प्रीतसु वंदन देव तणो भव हारी ॥
ध्यान धरी मद दूर करी दोउ बेर करे पडिकम्मण भारी ।
ज्ञान कहे मुनि सो धनवंतजु दर्शन ज्ञान चारित्र उधारी ॥१४॥

(१५) मार्ग प्रभावना.

जिनपूजा रचे परमारथसु जिन आगल नृत्य महोत्सव ठाणे ।
गावत गीत बजावत ढोल मृदंग के नाद सुथांग वखाणे ॥
संघ प्रतिष्ठा रचे जल जातर सद्गुरुकुं साहमोकर आणे ।
ज्ञान कहे जिन मार्ग प्रभावन भाग्य विषेश सुजाणहि आणे ।१५।

### (१६) प्रवचन वत्सलत्व.

गौरव भाव धरी मनसु मुनि पुंगवको नितवत्सल कीजे ।
शीलके धारक भव्य के तारकधांतासु निरंतर स्नेह धरी जे ॥
धेनु यथानिज बालककुं अपने जीय छुट न और पती जे ।
ज्ञान कहे भवी लोक शुणो जिन वत्सल भाव धरे अंग छीजे॥१६॥

### (१७) आर्शिवाद.

सुंदर षोलश कारण भावन निर्मल चित्त सुधारके धारे ।
कर्म अनेक हणे अति दुर्धर जन्म जरा भय मृत्यु निवारे ॥
दुःख दरिद्र विपत्त हरे भवसागरको परपार उतारे ।
ज्ञान कहे इह षोडश कारण कर्म निवारण सिद्धिसु ठारे ॥१७॥

ઉપર છપાવેલા દશલક્ષણી તથા શોડસ કારણ વૃતના સવૈયા જ્ઞાનચંદ્ર નામના પ્રાચિન કવિના બનાવેલા હસ્ત લિખિત એ વૃતોની પૂજાઓમાં છે, તે મોઢે કરવા યોગ્ય લાગવાથી તેમાંથી અહીં દાખલ કર્યા છે.

## श्री नरसिंह पुरानां २७ गोत्र तथा तेनी देवीयोनां नाम.

| गोत्रनुं नाम. | | | देवीनुं नाम. |
|---|---|---|---|
| १ खडनर .... | .... | .... | तारशा (नारण) |
| २ फुलपमार | .... | .... | पावइ (माहेश्वरी) |
| ३ भीलणकोडा | .... | .... | अंबाइ (अंबीका) |
| ४ रयण पारख | .... | .... | रयणी (कुंभेश्वरी) |

| गोत्रनुं नाम. | | | देवीनुं नाम. |
|---|---|---|---|
| ५ अभथीआ | .... | .... | रोहीणी |
| ६ भद्रपशार (भुपसरा).... | | .... | भवानी (लंबेश्वरी) |
| ७ चीभडीआ | .... | .... | दरु (घंटोवती) |
| ८ प्रबलमथा (प्रगलमथा) | | .... | पावइ(नारण,सुमंगला) |
| ९ पदमह (था) | .... | ... | प्रलवी (सुजाणी) |
| १० सुमनोहर (मनोहर) .... | | ... | सोहीणी (मानेश्वरी) |
| ११ कलशधर | .... | .... | मोरीण |
| १२ कंकुलोर | .... | .... | चक्रेश्वरी |
| १३ बोरठ | ... | ... | बहुरुपणी |
| १४ सांपडीया | .... | .... | पद्मावती |
| १५ तेलीया | .... | .... | कांतेश्वरी |
| १६ वलोगा | .... | ... | अंबा (सुखाणी) |
| १७ खेलन | ... | .... | कंटेश्वरी |
| १८ खांभी | .... | .... | वरवासनी (अंबाइ) |
| १९ हरसोल | .... | .... | चक्रेश्वरी (यक्षणी) |
| २० नागर (नागोरी) | .... | .... | नाणेश्वरी |
| २१ जशोहर | .... | .... | जांजणी (शीवाणी) |
| २२ जडपडा | .... | .... | पसाइ (पांपणी) |
| २३ बोरोड | .... | .... | पीपळी (सीद्धेश्वरी) |

| गोत्रनुं नाम. | | देवीनुं नाम. |
|---|---|---|
| २४ कंथाटीआ (कछोटीआ) | .... | कंकाली (वीरण) |
| २५ पंचलोळ .... | .... | मोरीण (नागेश्वरी) |
| २६ मोकळवाड (मोकळवडा) | .... | मोरीण (वारुणी) |
| २७ सुरा (सुराणा) .... | .... | संखेश्वरी ( सींहाणी) |

**સુચના:**—ઉપરનાં ગોત્ર તથા દેવીઓનાં નામ હસ્ત લિખિત જૂદી જૂદી બે પ્રતો ઉપરથી લીધાં છે, અને તેમાં જે ફેરફાર હતો તે કાંઉસમાં નામો લખીને જણાવ્યો છે. એ બાબતમાં શુદ્ધ શું હશે તે નક્કી કહી શકાતું નથી. કાંઇ ઐતિહાસીક પુરાવા સાથે વધારે ભરોંસા લાયક હકીકત કોઇની પાસે હશે અને તે જો જાહેરમાં મૂકશે તો ઉપકાર થશે.

# સૂચના.

નીચે લખેલાં પુસ્તકો મારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલાં

૧. **ભક્તામર સ્તોત્ર**—મૂળ સંસ્કૃત શ્લોક તથા ગદ્યપદ્યાત્મક ભાષાન્તર અને નોટ સાથે ચોથી આવૃત્તિ. કીંમત ૦–૪–૦.

૨. **કલ્યાણમંદિર સ્તોત્ર**—મૂળ સંસ્કૃત શ્લોક તથા ગદ્યપદ્યાત્મક ભાષાન્તર અને નોટ સાથે બીજી આવૃત્તિ. કીંમત ૦–૪–૦.

૩. **રત્નકરંડ શ્રાવકાચાર**—મૂળ સંસ્કૃત તથા ગુજરાતી ભાષા સહિત કીંમત ૦–૪–૦.

૪. **જૈનધર્મની માહિતી**—કીંમત ૦–૪–૦.

સામટી રાખનારને સારૂં કમીશન આપવામાં આવશે.

**હરજીવન રાયચંદ શાહ.**
મુ.—**આમોદ**, જીલ્લે—**ભરૂચ.**

---

# દિગમ્બર જૈન.

વિવિધ વિષયો ચર્ચાવતું તથા અનેક ફોટાઓ જૈન પંચાંગ અને આઠ દશ પુસ્તકો દર વર્ષે ભેટ આપતું ગુજરાતી અને હિંદી ભાષામાં પ્રગટ થતું જો કોઈ પણ માસિક જૈનોમાં હોય તો તે માત્ર સુરતથી પ્રગટ થતું "**દિગમ્બર જૈન**" માસિક પત્રજ છે. જેનું ભેટોના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૧–૧૨–૦ છે. લવાજમ કરતાં વધુ કીંમતનાં પુસ્તકો તો ભેટમાં મળે છે. જેથી માસિક તો મફતમાંજ પડે છે. ગ્રાહક થવા ઇચ્છા હોય તો સત્વર લખોઃ—

**મેનેજર દિગમ્બર જૈન.**
ચંદાવાડી—**સુરત.**

---

# દિગમ્બર જૈન પુસ્તકાલય સુરત.

આ પુસ્તકાલયમાંથી હિંદી, ગુજરાતી, સંસ્કૃત અને મરાઠી ભાષાનાં જૈન ધર્મને લગતાં પુસ્તકો મળી શકે છે.

સૂચીપત્ર મંગાવવાથી મફત મોકલવામાં આવે છે.

**મેનેજર દિગમ્બર જૈન પુસ્તકાલય.**
ચંદાવાડી—**સુરત.**